શ્રી નવકાર મંત્ર

શ્રી ઉવસગ્ગહરં

શ્રી સંતિકરં

શ્રી તિજયપહુત્ત

# શ્રી નવસ્મરણ સચિત્ર

શ્રી નમિઊણ

શ્રી અજિતશાંતિ

શ્રી ભક્તામર

શ્રી કલ્યાણમંદિર

શ્રી બૃહતશાંતિ

પ્રકાશક:- સેવાભાવી મુનિરાજશ્રી ભદ્રસેનવિજયજી મહારાજ

# શ્રી
# નવસ્મરણ (સચિત્ર)

○ મુળ સ્તોત્રો

○ ગુજરાતી પદ્યાનુવાદ

• ભાવાર્થ

○ સંક્ષિપ્ત મહિમા અને

○ શ્રી ઋષિમંડળ

□ આશીર્વાદ □

આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ

□ પ્રેરણા □

મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજ

□ પદ્યાનુવાદ □

મહેતા દુર્લભજી ગુલાબચંદ વળાવાળા

□ સંશોધક □

શેઠ દેવચંદ દામજી કુંડલાકર

તંત્રી 'જૈન' ભાવનગર

☆ પ્રથમ આવૃત્તિ : વિ. સં. ૧૯૮૦ [સને ૧૯૨૪]
પ્રકાશક :
શેઠ દેવચંદ દામજી કુંડલાકર
[ તંત્રી : "જૈન" સાપ્તાહિક, ભાવનગર ]
☆ બીજી આવૃતિ : વિ. સં. ૧૯૮૨ [સને ૧૯૨ ]
પ્રકાશક :
શેઠ દેવચંદ દામજી કુંડલાકર
[ તંત્રી : "જૈન" સાપ્તાહિક, ભાવનગર ]
☆ ત્રીજી પરિવર્ધિત સંસ્કરણ
વિ. સં. ૨૦૩૪. [૧૯૭૭]
પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
**ત્રિવેણી પ્રકાશન,**
પાદર દેવકી, વડવા, ભાવનગર-૩૬૪૦૦૧
★ મુદ્રક :
**ત્રિવેણી પ્રિન્ટર્સ**
વડવા, પાનવાડી રોડ,
ભાવનગર-૩૬૪૦૦૧

☐ મૂલ્ય : રૂપિયા ંચ ☐

નકલ : ૩૦૦૦

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| પ્રકાશકીય નિવેદન | .. ૪ | | |
| તસ્વીર પરિચય | ... ૭ | | |
| તસ્વીરો .. | | | |
| | .. ૯ | | |
| નવસ્મરણનો મહિમા અને પ્રભાવ | ...૧૬ | | |
| શ્રુતજ્ઞાનપ્રેમી દાતાઓ | ..૩૯ | | |
| સ્તોત્રનું નામ | મૂળ | પદ્ય | ભાવાર્થ |
| ૧. શ્રી નવકાર મંત્ર | ૧ | ૫૬ | ૧૦૫ |
| કર્તા : ગણધર ભગવંત | | | |
| ૨. શ્રી ઉવસગ્ગહર સ્તવન | ૨ | ૫૭ | ૧૦૬ |
| કર્તા : આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામી | | | |
| ૩. શ્રી સંતિકરં સ્તવન | ૩ | ૫૮ | ૧૦૭ |
| કર્તા આચાર્યશ્રી મુનિસુંદરસૂરિજી | | | |
| ૪. શ્રી તિજયપહુત્ત સ્તોત્ર | ૫ | ૬૧ | ૧૧૦ |
| કર્તા ; આચાર્યશ્રી માનદેવસૂરિજી | | | |
| ૫ શ્રી નમિઊણ સ્તોત્ર | ૮ | ૬૪ | ૧૧૨ |
| કર્તા : આચાર્યશ્રી માનતુંગસૂરિજી | | | |
| ૬. શ્રી અજિતશાંતિ સ્તવન | ૧૩ | ૬૯ | ૧૧૬ |
| કર્તા : મહર્ષિ નંદિષેણ ગણી | | | |
| ૭. શ્રી ભક્તામર સ્તોત્ર | ૨૩ | ૮૧ | ૧૨૬ |
| કર્તા : આચાર્યશ્રી માનતુંગસૂરિજી | | | |
| ૮. શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર | | ૯૦ | ૧૪૦ |
| કર્તા : આચાર્યશ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી | | | |
| ૯. શ્રી બૃહત્ શાંતિ સ્તોત્ર | ૪૧ | ૯૯ | ૧૫૫ |
| કર્તા ; માતા શિવાદેવી (?) | | | |
| ૧૦. શ્રી ઋષિમંડળ સ્તોત્ર | ૪૬ | — | ૧૬૨ |
| ૧૧. શ્રી ગૌતમસ્વામીનો છંદ | ૫૪ | — | — |
| કર્તા : મુનિશ્રી ધીરવિજયજી | | | |
| ૧૨. શ્રી કળશ | ૧૭૬ | — | — |
| કર્તા ; મહેતા દુર્લભજી ગુલાબચંદ | | | |

# [] પ્રકાશકીય નિવેદન []

આજથી ત્રેપન વરસ પહેલા ઈ. સ. ૧૯૨૪માં 'શ્રી નવસ્મરણ સચિત્ર' [ મૂળ સ્તોત્ર–ગુર્જર પદ્ય તથા ભાવાર્થ સાથે ] મારા પરમ પૂજ્ય દિવંગત દાદા શ્રી દેવચંદ દામજી શેઠે સૌ પ્રથમ પ્રગટ કર્યા હતા. ગુજરાતી પદ્યોમાં પહેલી જ વાર નવસ્મરણ પ્રગટ થતાં જ તેની પ્રથમ આવૃત્તિની બધી જ નકલો વેચાઈ જતા બીજા જ વરસે તેની બીજી આવૃત્તિ પ્રગટ કરાઈ હતી બીજી આવૃત્તિ પણ ચપોચપ વેચાઈ ગઇ હતી. ત્યારબાદ આ નિત્ય ઉપયોગી પુસ્તક અલભ્ય બન્યું હતું.

આજ પાંચ દાયકા બાદ તેની ત્રીજી આવૃત્તિ 'નવસંસ્કરણ સહ' પ્રગટ કરવામાં હું નિમિત્ત બન્યો છું તેનો મને આનંદ છે. એથી ય વધુ આનંદ મને એનો છે કે ત્રીજી આવૃત્તિના પ્રકાશન પ્રસંગે જ મારા પરમ પૂજ્ય પિતાશ્રી ગુલાબચંદ દેવચંદ શેઠે નવલાખ મંત્રનો જાપ નિર્વિઘ્ને પૂર્ણ કર્યો છે. નવકાર મંત્રના જાપથી વિશુદ્ધ અને નિર્મળ બનેલા મારા પરમ પૂજ્ય પિતાશ્રીના મંગલ આશીર્વાદથી પ્રસ્તુત પુસ્તકથી '<u>ત્રિવેણી પ્રકાશન</u>' નામની સંસ્થાથી ધાર્મિક સાહિત્ય પ્રકાશનના ક્ષેત્રે હું પગલી પાડી રહ્યો છું.

આ પા પા પગલી પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ અને તેમના વિનીત પ્રશિષ્ય સેવાભાવી પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજ સાહેબે ભરાવી છે. ગત વરસે વિ. સં ૨૦૩૩માં એક દિવસ હું પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજને વંદના કરવા માટે

મુંબઇ કોટના ઉપાશ્રયે ગયો હતો, તે સમયે તેઓશ્રી 'નવસ્મરણ' છપાવવા માટે ગંભીરતાથી વિચારી રહ્યા હતા. તેમની ભાવનામાં સહભાગી થવા માટે મેં તેઓશ્રીને મારા પરમ પૂજ્ય દાદાશ્રી દેવચંદ દામજી શેઠે વરસો અગાઉ પ્રગટ કરેલ 'નવસ્મરણ સચિત્ર' પુસ્તક જોઈ જવા કહ્યું. આ માટે જતનથી સાચવી રાખેલ એક નકલ પણ મેં તેઓશ્રીને આપી. વાંચીને એ જ પુસ્તકની ત્રીજી આવૃતિ પ્રગટ કરવા સૂચવ્યું અને તેના પ્રકાશન માટે પોતાના આરાધ્ય અને શ્રદ્ધેય ગુરુદેવ આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદ મેળવ્યા. ત્યારબાદ પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજે 'નવસ્મરણ સચિત્ર'-ની પ્રથમ આવૃત્તિ સાદ્યંત તપાસી, તેમાં રહી ગયેલી અશુદ્ધિઓ સુધારી અને ત્રીજી આવૃત્તિમાં 'શ્રી રૂષિમંડલ સ્તોત્ર' અને 'શ્રી ગૌતતસ્વામીનો છંદ' ઉમેરવાનુ સૂચન કર્યું. તેઓશ્રીની સમ્યક્ પ્રેરણાથી સંઘો અને શ્રુતજ્ઞાન પ્રેમીઓએ પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન માટે દાન આપ્યા. [આ દાતાઓની શુભ નામાવલી પ્રસ્તુત પુસ્તકનાં ૩૯–૪૦માં પાને આપી છે.] પુસ્તકના જરૂરી ખર્ચ માટેની રકમ ભેગી થઈ જવાથી ૨૫૦૦ નકલ પૂજ્ય મુનિરાજશ્રીની પ્રેરણા અને સૂચના મુજબ ભેટ અપાશે. અને બાકીની ૫૦૦ નકલ વેચાણમાં મૂકવામાં આવી છે.

શરૂમાં જ કહી ગયો છું કે આ પુસ્તક પ્રકાશનમાં તો હું એક નિમિત્ત જ છું. પરંતુ આ પુણ્ય પ્રસંગથી આવા ઉપયોગી, સંસ્કાર પોષક, ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક પુસ્તકો દર વર્ષે પ્રગટ કરવાનો મંગળ વિચાર સ્ફુર્યો અને દેવ, ગુરૂ અને ધર્મના ત્રિવેણી સંગમ સમી 'ત્રિવેણી પ્રકાશન' ના નામે સમ્યક્ પ્રકાશન પ્રવૃત્તિ શરૂ કરવાનો નિર્ણય કર્યો.

'ત્રિવેણી' શબ્દમાં સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક્ ચારિત્ર્ય ત્રણેય ગર્ભિત છે. આ પ્રકાશન પાછળનો શુભાશય જૈન-જૈનેતર વાચકોને સદ્દવિચારો મળે, તેમની શ્રદ્ધા સત્ (સત્ય) પ્રત્યે જાગે, જાગેલી હોય તો સ્થિર થાય અને સદાચાર તરફ વાળવામાં અને સદાચારી બનાવવામાં માધ્યમ બનવાનો છે. મારા પરમપૂજ્ય પિતાશ્રી અને પરમ પૂજ્ય દિવગત દાદાશ્રીએ પણ આવી સમ્યક્ પ્રકાશન પ્રવૃત્તિ વરસો સુધી સફળતાથી ચલાવી હતી. તેને 'ત્રિવેણી પ્રકાશન' ના નામે પુનઃ શરૂ કરું છું. આશા છે સમગ્ર સમાજ મારા આ શુભ પ્રયાસને વધાવશે, એટલું જ નહિ, તેને સમુચિત ઉમળકાથી સહકાર પણ આપશે જ.

હવે પ્રસ્તુત પુસ્તકમાં પ્રથમ આવૃત્તિથી વિશેષ જે કંઇ ફેરફાર કર્યો છે તે જણાવી દઉં.

પ્રથમ બે આવૃત્તિમાં મૂળ સૂત્રની ગાથા. એ ગાથાનો પદ્યાનુવાદ અને એ ગાથાનો ભાવાર્થ અનુક્રમે આપવામાં આવ્યો છે. અને પાદનોંધમાં સંબંધિત 'સ્મરણ'નો મહિમા સંક્ષેપમાં આપ્યો છે

પ્રથમ આવૃત્તિ પ્રસંગે લખાયેલ ઉપોદ્ઘાતનો આ ત્રીજી આવૃત્તિમાં પણ સમાવેશ કર્યો છે.

૧. વાંચકોની રસ અને રૂચિ ભિન્ન હોય છે. નવ-સ્મરણ નિત્ય ગણનાર ઘણા ભાવિકો અને શ્રદ્ધાળુ છે. તેઓ સરળતાથી એક સાથે જ મૂળ સ્તોત્રો વાંચી શકે તે હેતુથી આ ત્રીજી આવૃત્તિમાં મૂળ સ્તોત્રો શરૂમાં આપ્યા છે.

૨. કાવ્ય રસિકોના આત્માનંદ માટે મૂળ સ્તોત્રોનો પદ્યાનુવાદ એક સાથે અલગ આપ્યો છે.

૩. મૂળ સ્તોત્રો અને ગુજરાતી કાવ્યો ન સમજી શકતાં જિજ્ઞાસુ વાચકોને સ્તોત્રનો અર્થ સમજાય તે માટે નવેય

સ્મરણનો ભાવાનુવાદ એક સાથે આપ્યો છે. મૂળ સ્તોત્ર, પદ્યાનુવાદ અને ભાવાનુવાદ—એમ ત્રણ ખંડ આ નવી આવૃત્તિમાં પાડયા છે.

૪. નવસ્મરણોનું રહસ્ય અને મહિમ પુસ્તકના શરૂના પાનાઓ પર [ પાના નં. ૧૭ થી ૩૯ ] જરૂરી વિસ્તારથી પણ સંક્ષેપમાં આપ્યા છે.

૫. પ્રથમ આવૃત્તિમાં અપાયેલ 'સર્વતોભદ્રયંત્ર' આ ત્રીજી આવૃત્તિમાં પણ આપ્યા છે, પરંતુ 'કલ્યામંદિર' સ્તોત્રની ગાથાઓ સૂચવતાં ચિત્રો આપ્યા નથી. તેનાં બદલે ૧. શ્રી સિદ્ધચક્ર, શ્રી ગૌતમસ્વામી અને ચોવીશે તીર્થંકર સહિત નવકાર મંત્રની, ૨. પૂજ્યપાદ શ્રી ગૌતમસ્વામીની, ૩. શ્રી આદીશ્વર ભગવાનની, ૪. નવગ્રહ અને લોકપાલાદિ દેવોની, ૫. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની, ૬. સોળ વિદ્યાધર દેવીઓની, ૭. શ્રી અજીતનાથ ભગવાનની, ૮. શ્રી શાંતિનાથ ભગવાનની, ૯. શ્રી અંબાઈમાતા, શ્રી પદ્માવતી-સરસ્વતી–લક્ષ્મીદેવી તથા મંત્રબીજોની અને ૧૦. શ્રી ભક્તામર સૂત્રના રચિયતા આચાર્યશ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજની કારાગ્રહમાં ૪૪ બેડીઓ સાથેની તસ્વીરો આપી છે.

તસ્વીરોનો પરિચય આ પ્રમાણે છે.

- ☐ શ્રી ગૌતમસ્વામી : કલ્પસૂત્રની પંદરમી સદીની કાગળની હસ્તલિખિત પ્રતની તસ્વીરની પ્રતિકૃતિ.
  [ શ્રી લા. દ. ભા. સં. વિદ્યામંદિરના સાભાર સાથે. ]
- ☐ શ્રી આદીશ્વર ભગવાન : તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજના મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની, આભૂષણ–આંગી વિનાની, પ્રતિમાજીની તસ્વીર.
- ☐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ : મહાપ્રભાવિક શંખેશ્વર તીર્થના મૂળનાયકની દર્શનીય તસ્વીર.

- ☐ શ્રી અજિતનાથ ભગવાન : જિનાનાથપુર
- ☐ શ્રી શાંતિનાથ ભગવાન : કુંભારિયાજી
- ☐ દેવ-દેવીઓની મિની તસ્વીરો સાહિત્ય-કલારત્ન પૂજ્ય મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ સંપાદિત અને શ્રી રમણિકલાલ ડભોઈવાળાએ ચિત્રાંકિત કરેલ 'તીર્થંકર ભગવાન મહાવીર : ૩૫ ચિત્રોના સંપૂટ'ની પ્રતિકૃતિઓ.

અને છેલ્લે વિનમ્રતાથી એટલું જ કહેવાનું કે પુસ્તકમાં શુદ્ધિ જાળવવા માટે શકય તમામ કાળજી લેવાઈ છે. છતાંય મુદ્રણ દોષના કારણે કાનો, માત્રા, મીંડી, રસ્વાઈ, દીર્ઘાઈ, અનુસ્વાર કયાંક કયાંક ઊડી જવા પામ્યા છે, તે મુદ્રણ દોષ ક્ષતવ્ય ગણજો અને સુધારીને પાઠ સ્મરણ કે જાપ કરવો.

આ પ્રકાશનમાં પૂજ્ય ગુરુદેવોએ પ્રેરેલ અનન્ય પ્રેરણા બદલ કૃતજ્ઞતા અનુભવું છું. અને શ્રી સંઘો, ટ્રસ્ટો, ઉદારદિલ આગેવાનોએ આપેલ સાથ-સહકાર બદલ, તે સૌનો આભારી છું. આવા જ પ્રોત્સાહનો આપ સૌના મળતા રહે એવી આશા અને શ્રદ્ધા સહ વિરમું છું કે આ પ્રકાશન પ્રવૃતિના મારા આ પ્રથમ પ્રયાસને સૌ કોઈ વધાવશે અને કરવા યોગ્ય સુચનો કરી મને વધુ સમ્યક્ વિકાસ માટે પ્રોત્સાહન આપશે.

સં. ૨૦૩૪ કારતક સુદ પુનમ — લિ. મહેન્દ્ર ગુલાબચંદ શેઠ

તા. ૨૫-૧૧-૧૯૭૭

'ત્રિવેણી' પ્રકાશન,

વડવા, પાદરદેવકી, ભાવનગર-૩૬૪૦૦૧


श्री पंचपरमेष्ठि नमस्कार महामंत्र
नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
शिवमस्तु सर्व जगतः परहितनिरता भवन्तु भूतगणाः। दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः॥
खामेमि सव्वे जीवे, सव्वे जीवा खमंतु मे। मित्ती मे सव्व भूएसु, वेरं मज्झ न केणइ॥
३ श्री संभवनाथ
२ श्री अजितनाथ
२३ श्री पार्श्वनाथ
२२ श्री नेमिनाथ
४ श्री अभिनंदनस्वामी
१ श्री ऋषभदेव
२४ श्री महावीरस्वामी
२१ श्री नमिनाथ
५ श्री सुमतिनाथ
२० श्री मुनिसुव्रतस्वामी
६ श्री पद्मप्रभस्वामी
१९ श्री मल्लिनाथ
७ श्री सुपार्श्वनाथ
१८ श्री अरनाथ
८ श्री चंद्रप्रभस्वामी
१० श्री शीतलनाथ
श्री गौतमस्वामीजी
१४ श्री अनंतनाथ
१७ श्री कुंथुनाथ
९ श्री सुविधिनाथ
११ श्री श्रेयांसनाथ
१२ श्री वासुपूज्यस्वामी
१३ श्री विमलनाथ
१५ श्री धर्मनाथ
१६ श्री शांतिनाथ



પહેલો ગણધર વીરનો રે
શાસનનો શણગાર,
ગૌતમ ગોત્ર તણો ધણી રે,
ગુણમણી રયણ ભંડાર.
જયંકર જીવો ગૌતમ સ્વામ.

શ્રી આદીશ્વર ભગવાન



તુભ્યં નમસ્ત્રિભુવનાર્ત્તિહરાયનાથ....

# નવગ્રહ અને લોકપાલાદિ દેવો




સર્વે પ્રીયંતાં પ્રીયંતાં, સ્વાહા....

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ



સ્વામી ત્વમેવ ભુવનેત્ર ભવાંતરેપિ.

# સોળ વિદ્યાધર દેવીઓ




ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા....

શ્રી અજિતનાથ ભગવાન





શ્રી શાંતિનાથ ભગવાન






सि
त
द
सा
अ
आ
चा
उ
सा


अंबाई




पद्मावती




लक्ष्मी





# સમર્પણ

સૌમ્યતા અને સૌજન્યતાની સૌરભથી સુવાસીત હૃદયવાળા અનેક સંતપ્ત જીવોને સુધારસનું પાન કરાવનાર અને મારા જેવા અનેક પામર જીવોને સન્માર્ગના રાહપર લાવનાર કરુણાળુ

પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબના કરકમલમાં આ પુસ્તક સાદર અર્પણ કરું છું.

ભદ્રસેનવિજયના
કોટી વંદન

પ.પૂ. આચાર્યદેવ વિજય



ભક્તિસૂરીશ્વરજી
મ. સાહેબ.



પ.પૂ.આ.વિ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ.આ.વિ. સુબોધસૂરીશ્વરજી
મ.સા.

શાન્તિ.



પ.પૂ.આ.વિ. લબ્ધિસૂરીશ્વરજી મ.સા.

# ઉપોદ્‌ઘાત

'સ્મરણ' એ સાદો શબ્દ છે. જેને હૃદયથી ઘડી પણ ન વિસરાય તેવા સંભારણાને સાદી ભાષામાં 'સ્મરણ' કહીએ છીએ. આવાં ઘડી પણ ન વિસારાય તેવા સંભારણા ઈષ્ટ પ્રકારનાં જ હોય છે. માતા પુત્રને, સ્ત્રી પતિને અને સંપત્તિ-પ્રેમી લક્ષ્મીને નથી ભૂલતો. કેમકે તેમની દૃષ્ટિમાં તે ઈષ્ટ સાધ્ય માને છે. પરંતુ આ સર્વ ક્ષણિક મોહની માયાવી સિદ્ધિ છે. જ્યારે આ લોક અને પરલોકનું હિત સાધવામાં સાધનભુત ઈષ્ટ સ્મરણ તરીકે દૈવી સાધના જ ઉપકારક થઈ શકે.

જૈન સિદ્ધાંતમાં આવા પ્રાતઃસ્મરણો ઘણા છે. મહા પુરુષો–દેવાંશી સતીઓ અને સમર્થ શાસનદેવોની સ્તુતિ એ પ્રાતઃસ્મરણો છે. પરંતુ તેમાંયે નવ મહામંત્રરૂપ સ્મરણો–સ્તોત્રો સર્વદા સાધ્ય હોવાથી તેને 'નવ સ્મરણ રૂપે આપણે પીછાણી રહ્યા છીએ.

'સ્મરણો'ની પ્રતિભાનો ખ્યાલ આપવો તે સોનાને ઢોળ ચઢાવવા જેવું છે. આ મંત્રો એવા પ્રસંગે ઉદ્‌ભવ્યા છે કે જ્યારે તેના ઉચ્ચારણ માત્રથી અનેક ભયોના નિવારણ થઈ શાંતિનું સામ્રાજ્ય સ્થપાયું હતું. આ સર્વ મંત્રનો

પ્રભાવ, તેની શક્તિનો ઇતિહાસ અને તેની સાધનાનો વિધિ એટલો તો વિસ્તૃત છે કે જે વિસ્તારવા જતાં એક મહાન્ ગ્રંથ થઈ પડે. એટલે આ આવૃત્તિમાં ફક્ત દરેક મંત્રનો પ્રાથમિક ટુંક પરિચય આપીને સંતોષ માનવો પડ્યો છે.

એટલું તો સર્વ કોઈની જાણમાં જ હશે કે આપણા આ મહામંત્રના સ્મરણથી જ દેવ-દાનવો સર્વદા હાજર રહેતા અને સાધકોની આજ્ઞા ઉઠાવતા. 'નવકાર' 'ઉવસગ્ગહરં' 'ભક્તામર' 'કલ્યાણમંદિર' 'શાંતિ' આદિ સ્મરણોની અસાધારણ પ્રભાના દૃષ્ટાંતો છુટા છવાયાં સૌના કાને આવતાં રહ્યાં છે. જ્યારે અત્યારે તેવો પ્રભાવ લગભગ દૃષ્ટિગોચર કેમ થતો નથી? તેના કારણો એ છે કે—

૧ આ પ્રાતઃ સ્મરણો એ સ્વર–વ્યંજનના સંગઠનની શ્રૃંખલાથી ઉદ્‌ભવેલા પ્રભાવિક મંત્રો છે. આ શબ્દસંગઠનની શક્તિ એવી છે કે જેના ધ્વનિથી સાધકના રોમાંચ ઉપર તેની પ્રત્યક્ષ અસર થાય છે. એટલું જ નહિ પણ હવામાં તેના આંદોલનો અદ્‌ભુત અસર કરે છે. જડમાં ચેતન પ્રકટાવવામાં પણ ધ્વનિની પ્રભા અસર કરી શકે છે. સાયન્સના જમાનામાં આ વાત બહુ ઘુંટી ઘુંટીને સમજાવવાની જરૂર નથી રહી. કેમકે અત્યારે ધ્વનિથી રેતીમાં ચિત્રો દોરવાની વાત પ્રત્યક્ષ પુરવાર થઈ છે. તારના દોરડા વિના સંદેશા મોકલવા (વાયરલેસ ટેલીગ્રામ) નું કાર્ય ધમધોકાર ચાલી રહ્યું છે. ઝેરી જંતુના ઝેર ઉતારવામાં મંત્ર પ્રયોગ પ્રત્યક્ષ કામ કરે છે. અને 'ગ–ર–મ' આ શબ્દના ચાલુ ધ્વનિથી સાફ ઠંડીમાં

પણ શરીરનો ગરમાવો અજબ રીતે ટકી રહેલો આપણે જોઈએ છીએ. પ્રાચીન મહર્ષિયોએ અર્પેલા ચમત્કારીક ઉપ-કારના ઈતિહાસ તપાસતાં એકેક રાગની સિદ્ધિના દૃષ્ટાંતથી કોણ અજાણ્યું છે? 'મલ્હાર' રાગથી કટાણે વૃષ્ટિ લાવવાના, 'હીંડોલ' રાગથી પારણું ઝુલાવવાના અને 'દીપક' રાગથી દીવા પ્રગટયાના દ્રષ્ટાંતો જગપ્રસિદ્ધ છે. મુદ્દે તેની સિદ્ધિમાં ઉચ્ચારની સ્પષ્ટતા–હલક અને કાળમાનનો બરાબર ખ્યાલ રહેવો જોઈએ. આટલે દૂર ન જવું હોય તો ઘરમાં જ રડતાં બાળકને સંગીતનો ધ્વનિ ક્ષણમાત્રમાં કેમ શાંતિ નિદ્રામાં મૂકી દે છે તે અનુભવ ભાગ્યે જ કોઈના લક્ષ બહાર હશે.

સવાલ માત્ર તેવા અજબ શક્તિ ઉત્પન્ન કરનારા સ્વર સંગઠનના શુદ્ધ ઉચ્ચારની આવડતનો છે. આટલા માટે જ શાસ્ત્રકારોએ કાના–માત્રી–મીંડી–પદ–અક્ષર બહુ સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારથી બોલવાને ભારપૂર્વક ભલામણ કરી છે. તેમ જ દરેક મંત્રપદોના ગુરૂ–લઘુના સંખ્યાપ્રમાણ પણ મુકવાની કાળજી રાખી છે. છતાં આપણે અચરે અચરે રામની જેમ પોપટ પાઠ પઢી જવામાં જ સંતોષ માનીએ તો તેની શક્તિનો અનુભવ કેવી રીતે કરી શકીએ?

૨. રત્નો હમેશાં મુગટમાં જ શોભે એમ સમજવા છતાં તેનો ઉપયોગ અસ્થાને–અજુગતો કરવામાં આવે તો તે બહુમૂલ્ય રત્નોની ખરી કિંમતનો લાભ લઈ શકાતો નથી. તેમ પવિત્ર સ્મરણો માટે સ્થાનની યોગ્યતા જાળવવાને પણ આપણને બેદરકાર બની જવાથી તેનો લાભ ગુમાવી બેઠા

છીએ. પવિત્રતાનું સ્વરૂપ એટલું તો નિર્મળ છે કે તેના સંસ્પર્શમાં સાધકની આસપાસના સ્થિતિ–સંજોગો–વાતાવરણ પવિત્ર રાખવાની જો કાળજી ન હોય તો પવિત્રતાનો પ્રભાવ દૃશ્ય થઇ શકે નહિ. કાંટાનું વાવેતર કરતાં રહી કપાસની કલ્પના લાવવી તે 'હવાઈ કિલ્લા' જેવો શ્રમ છે. આપણે આંગણે કોઈ ગૃહસ્થ કે રાજ-રજવાડાને નોતરવાનો સંકલ્પ થતાં તેને છાજતી કેટલી તૈયારી કરવી પડે છે, તેનો સાદો ખ્યાલ જો કરવામાં આવે તો આપણે ક્યાં ભૂલીએ છીએ તે સમજાઇ જાય છે. જો આપણે મોટા પુરુષને નોતરવા પહેલાં ઘર–આંગણું અને શેરી સુદ્ધાં સાફ કરવા–વસ્ત્ર પરિધાનની સુંદરતા રાખવા અને સ્થાન સ્થાન પર શોભતી સજાવટ કરવાને કાળજી રાખવી પડે છે, તો પછી મહાન્ પુરુષોને દૃષ્ટિમાં સાધ્ય કરવા હોય તો તેની પવિત્રતાને છાજતી શુદ્ધિ–હૃદયની નિર્મળતા–નિખાલસવૃત્તિ અને આસપાસના સ્વચ્છ વાતાવરણની સજાવટ કરવી જ જોઈએ. જ્યાં સુધી તેમાં ખામી હોય ત્યાં સુધી તેમના પ્રત્યક્ષ પ્રભાવની આશા કેમ રાખી શકાય ?

૩. આવી શક્તિનો લાભ ન દેખાવાનું ત્રીજું કારણ સ્વાર્થાંધતા યાને સદ્વિવેક વિચારણાની ખામીનું છે. બદલા સાથેની સેવા કદીપણ ફળદાયી હોઈ શકે જ નહિ. કેમકે સ્વાર્થમાં શુદ્ધ સેવાભાવના ટકતી નથી અને શુદ્ધ સેવાભાવના વિના હૃદયનો રંગ પુરાતો નથી. સ્વાર્થ કે બદલો મેળવવાની વૃત્તિ એ તો ક્રય–વિક્રયનો સોદો થયો.

જો કે આ ઉપરાંત આપણી નાની મોટી બીજી બેદરકારી ઘણી છે; પરંતુ તેવી ઝીણુવટમાં ઉતરવા પહેલાં ઉપરની મુખ્ય અપૂર્ણતાઓ આપણે ટાળવાનો પ્રયત્ન કરીશું તો આ પ્રભાવિક મહા મંત્રો (સ્મરણો) ની અદ્દભુત મહત્તાનો ખ્યાલ આવી જશે.

અનુભવ ઉપરથી એમ સમજાયું છે કે નવસ્મરણ ઉપર લોકશ્રદ્ધા તો અપૂર્વ છે અને તે કંઠાગ્ર કરવાને આ-બાલવૃદ્ધ આતુર છે; પરંતુ તેના શબ્દનું ગાંભીર્ય સમજવાના અભાવે, તેમજ જોડાક્ષરોના શુદ્ધ-સ્પષ્ટ ઉચ્ચાર કરવા જેટલી જીભ ન કેળવવાની ફરીયાદથી આ ઉત્સાહને જોઈએ તેટલું પોષણ મળતું નથી. એટલે તે ખામી દૂર થવાને દરેક પદનું અર્થગાંભીર્ય સમજવાની જરૂર છે. જો કે આ સગવડ માટે નવસ્મરણના અર્થ અને વિવેચન, સાહિત્ય ઉત્તેજકોએ બહાર પાડીને તે ખામી દૂર કરી છે; પરંતુ તેવા મૂળ મંત્રોના અર્થો હ્રદયમાં ઠસી રહે તે માટે કાવ્યરૂપે કંઠાગ્ર કરવામાં આવે તો વધુ સવડતા જળવાય એમ લાગતાં **વળાવાળા મહેતા દુર્લભજી ગુલાબચંદે** તેવા નવસ્મરણના દરેક પદને ગુજરાતી ભાષામાં કાવ્યરૂપે ગુંથેલા અમારી પાસે આવવાથી આ ઉપયોગી સાધન જનસમાજની સેવામાં મૂકતાં અમોને હર્ષ થાય છે.

એક વાત સ્પષ્ટ કહી દેવી જોઈએ કે મૂળ સૂત્રમાં જે શબ્દગાંભીર્યની સંકલનાથી ધ્વનિની પ્રભા સાધ્ય થઈ શકે છે તે શક્તિ ભાષાંતરમાં ઉતારવી દુર્લભ છે. એટલે આ

ભાષાતર કંઠાગ્ર કરવાથી મૂળ સૂત્ર કંઠાગ્ર કરવાની અગત્ય ઓછી થતી નથી; પરંતુ મૂળ સૂત્રના ભાવ સમજવા અને સરલતાથી કંઠાગ્ર કરવામાં આ અનુવાદનો અભ્યાસ ટેકારૂપ થઈ પડે છે. એટલે આવો ઉપયોગી શ્રમ કરી ગુજરાતી કાવ્યમાં નવસ્મરણનું અવતરણ તૈયાર કરવા માટે ભાઈ દુર્લભજી ગુલાબચંદને માન ઘટે છે.

અનુવાદમાં શબ્દચમત્કૃતિની છાયા જળવાઈ રહે તેમ પ્રથમ પાંચ સ્મરણો અમે તપાસી જવા ઉપરાંત આ અનુવાદ જુદા જુદા પ્રખર વિદ્વાન મુનિ-રાજોની દ્દષ્ટિમાં લાવી તેઓશ્રીની સલાહ સૂચના તથા સહાનુભૂતિ મેળવવાને ખાસ સંભાળ રાખવામાં આવી છે, કે જે સર્વનો આ તકે ઉપકાર માનવાની તક લઈએ છીયે; તેમજ ખાસ કરીને તેના સંશોધનમાં શ્રીમાન કુંવરજી આણંદજીએ જે કિંમતી મદદ કરી છે તે માટે તેમના આભારી છીએ, જ્યારે તેમાં કંઈ ન્યુનતા જણાય તો આ મહામંત્રોની ગંભીરતાનો વિચાર કરતાં તેમાં અમારી અલ્પજ્ઞતા જવાબદાર સમજી પૂજ્ય મુનિવરો અને સાહિત્ય ઉપાસક શુભેચ્છકો જે કંઈ સૂચના કરશે તે તરફ ઉપકાર સાથે બીજી આવૃત્તિમાં ખાસ ધ્યાન રાખવાની કાળજી રહેશે.

સ્મરણપ્રભાનો પ્રત્યક્ષ ખ્યાલ આવી શકે તે માટે 'કલ્યાણમંદિર' સ્તોત્રના છુટાછવાયા છ શ્લોકના ભાવદર્શક ચિત્રો આ આવૃતિમાં મુકવાની તક મળી છે તે માટે કલકત્તાવાળા બાબુ પુરણચંદજી નહારને માન ઘટે છે.

બાબુ પુરણચંદજી નહાર જૈન સાહિત્યની ખીલવણી માટે જે ઉદારતાભરી સેવા બજાવતા રહ્યા છે તેનો આ એક નમૂનો છે. તેઓ જન સાહિત્યના સૌંદર્ય-કળા અને પ્રાચીનતાનો સંગ્રહ કરવા પાછળ છૂટે હાથે ખર્ચ કરીને કલકત્તામાં પોતાને આંગણે એક ખાસ નમૂનેદાર જૈન સાહિત્ય પ્રદર્શન જમાવી રહ્યા છે અને તેમાં સંગ્રહીત થયેલા શીલા-લેખો-પ્રાચીન પ્રમાણો અને સાહિત્યોનો પ્રચાર કરવા જૈન ઈતિહાસ ઉપર સારું અજવાળું પાડ્યું છે. તેમજ જૈન તત્વના ખજાનારૂપ Epitome of Jainism બહાર મુકેલ છે. ઉપરાંત ચિત્રકળા સાહિત્યના સંગ્રહ માટે તેમણે સેવેલા શ્રમનો આ આપેલા ચિત્રો ઉપરથી સહજ ખ્યાલ આવી શકશે.

આ ઉપરાંત 'તિજયપહુત્ત' સૂત્ર ઉપરથી નીપજાવી શકાતા 'સર્વતોભદ્ર' નામના યંત્રની બે પ્રત પણ આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. જેમાં એક સદ્‌ગત ઉપકારક પન્યાસશ્રી ગંભીરવિજયજી મહારાજની પ્રસાદીરૂપે શેઠ ત્રીભુવનદાસ ભાણજીને પ્રાપ્ત થયેલ મહામંત્રનું અવતરણ છે. જ્યારે બીજો સ્તોત્રશ્રવણથી નીપજાવેલ મહાયંત્ર છે. તથા તેની પાછળ તેના મંત્રબીજના અક્ષરો વગેરેની સમજ આપી છે. આવા સાધ્ય યંત્રો શ્રી 'ભક્તામર' આદિ સ્તોત્રોના પદેપદે રહેલા છે. તે તથા નવે સ્મરણો માટે વધારે તાત્વિક સમજણો હવે પછીની આવૃતિમાં વધારવાને પ્રયત્ન કરીશું.

સમાજસેવક,

દેવચંદ દામ-કુંડલાકર.

# ▣ નવસ્મરણનો મહિમા અને પ્રભાવ ▣

નવનો આંક બુદ્ધિચાતુર્યથી ભરેલો છે. નવના આંકને ગુણવાથી નવનો જ સરવાળો થાય છે. ૨×૯=૧૮, ૧+૮=૯ ૯×૯=૮૧, ૮+૧=૯. નવના આંકની જેમ નવસ્મરણ પણ અનેક ચમત્કારોથી ભરપુર છે. નવ સ્મરણમાંથી કોઈ પણ એક સ્મરણ શ્રદ્ધાપૂર્વક ગણવાથી અચૂકપણે સુખ–સમૃદ્ધિ, તેમ જ શાંતિ-પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે.

આ નવેય સ્મરણ મંત્રગર્ભિત છે. તે દરેકના રચનાકાર સમર્થ, પ્રતાપી, પ્રકાંડ વિદ્વાન, વિશુદ્ધ ચારિત્ર્યધારી અને મંત્રવિદ્ આચાર્ય ભગવંતો છે. શ્રી સંઘના યોગક્ષેમ માટે તેમ જ જૈન શાસનની પ્રભાવનાના શુભ અને ઉદાર હેતુથી તેઓએ આ પ્રભાવિક દરેક સ્તોત્રની રચના કરી છે.

નવસ્મરણમાં પ્રથમનાં સ્મરણમાં પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરાયો છે. ઉવસગ્ગહરમ્ સ્તોત્ર, થી નમિઊણ સ્તોત્ર, અને કલ્યાણમંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતનો મહિમા છે. સંતિકરં સ્તોત્ર અને થી બૃહદ્ શાંતિમાં શાંતિનાથ ભગવાનની સ્તવના કરાઈ છે. શ્રી અજિતશાંતિ સ્તોત્રમાં થી અજિતનાથ અને શ્રી શાંતિનાથ ભગવંતની એક સાથે સ્તુતિ કરવામાં આવી

છે. જ્યારે શ્રી તિજયપહુત્ત સ્તોત્રમાં શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં વિદ્યમાન એકસો સીત્તેર તીર્થંકરોને વંદન કરવામાં આવ્યું છે. ભક્તામર સ્તોત્રમાં શ્રી ઋષભદેવ ભગવંતનો મહિમા છે. આમ નવ સ્મરણમાં શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી શાંતિનાથ અને શ્રી પાર્શ્વનાથ ભગવંત એમ ચાર તીર્થંકરોના સ્તુતિગાન ગાવામાં આવ્યા છે.

સ્તોત્રકારોએ પોતપોતાના સ્તોત્રમાં લેખિત બાંયેધારી આપી છે કે આ સ્તોત્રનું નિત્ય સ્મરણ કરવાથી, તેમ જ તેનું શ્રવણ કરવાથી સર્વ રોગો, તમામ ભયો દૂર થાય છે અને સુખ-સંપદા આવી મળે છે. આ સાથે એક વિશેષ સમાન તત્ત્વ નવે સ્મરણમાં એ જોવા મળે છે કે દરેક સ્તોત્રકારે પ્રભુને કરેલા નમસ્કારને અચિંત્ય મહિમાવાન બતાવ્યો છે. પ્રભુને-વીતરાગ ભગવંતને ભક્તિભાવથી કરેલો નમસ્કાર જ મનુષ્યને તારી દે છે. તો ભગવંતની સ્તુતિ, પૂજા કરવાથી તો પૂજકને શું ન મળે? અર્થાત્ બધું જ ઇચ્છિત મળે.

અહીં ખાસ ધ્યાન રાખવાનું છે કે સ્તોત્રકારોનો હેતુ સાધકોને દેવી-ભક્તો કે મંત્રપૂજકો બનાવી ભૌત્તિક સુખોમાં રાખવાનો નથી જ. સ્તોત્રમાં ભગવાનના રૂપ-ગુણના મહિમાગાન ઉપરાંત જે પ્રાર્થના કરવામાં આવી છે તે પ્રત્યે ધ્યાનથી વિચારતાં આ સ્પષ્ટ થાય છે.

'એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો' એમ લખીને ગણધર ભગવંતોએ ગર્ભિત રીતે સૂચવ્યું છે કે

ભગવાન પાસે પ્રાર્થના પોતાના પાપોના નાશની, પાપોના વિચારોના નાશની કરવાની છે.

શ્રી ભદ્રબાહુસ્વામીએ 'ઉવસગ્ગહરં' દ્વારા ભવોભવ બોધિબીજ–સમ્યગ્દર્શનની માગણી કરી છે.

શ્રી નંદિષેણ મહર્ષિએ 'અજિતશાંતિ' માં ચિત્તની સ્વસ્થતા–પ્રસન્નતાનું, તેમ જ કર્મના નાશનું વરદાન માગ્યુ છે, અને ભગવંતોની સ્તુતિનું ફળ મોક્ષ આપવા કહ્યું છે. શ્રી માનતુંગસૂરિ પણ 'ભક્તામર' સ્તોત્રના સ્મરણના ફળ રૂપે મોક્ષ લક્ષ્મીની પ્રાપ્તિની જ વાત કરે છે.

અને 'કલ્યાણમંદિર' સ્તોત્રમાં શ્રી સિદ્ધિસેન દિવાકરસૂરિ તો સ્તુતિ કરતા કરતા તત્ત્વજ્ઞાનની ભાષામાં સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે ભાવશૂન્ય ક્રિયા કોઇ જ ફળ આપતી નથી. તેઓ પણ 'સ્વામી ત્વમેવ ભુવનેત્ર ભવાંતરેપિ–" ભવોભવ તમે જ ( શ્રી પાર્શ્વનાથ પ્રભુ ) મારા સ્વામી થજો– એવી પ્રાર્થના કરે છે.

આઠ સ્મરણમાં અપેક્ષાએ વ્યક્તિગત હિત–કલ્યાણની પ્રાર્થના મુખ્યત્વે છે જ્યારે છેલ્લા નવમા સ્મરણ 'શ્રી બૃહદ્ શાંતિ 'માં વ્યક્તિગત અને સમિષ્ટગત બંને પ્રાર્થનાઓ સમાહિત છે. માત્ર પોતાને જ નહિ પરંતુ સાથોસાથ અખિલ બ્રહ્માંડના તમામ જીવોને શાંતિ મળે તેવી વિશાળ અને ઉદાર પ્રાર્થના છે.

ચિત્તની ચંચળતાથી જીવ અશુભ કર્મ બાંધે છે.

અશુભ કર્મોદયથી જીવ અનેક પ્રકારના દુઃખ અને યાતના ભોગવે છે. આથી ચિત્તની સ્થિરતા, સ્વસ્થતા કે સમાધિ થાય તે અનિવાર્ય છે. જીવનમાં ચિત્તની પ્રસન્નતા આવશ્યક અને અનિવાર્ય છે. જેનું ચિત્ત શાંત અને પ્રસન્ન છે અને એવા ભાવે જે ભગવાનને વંદન, સ્તુતિ, પૂજા કરે છે તેનું જીવન આંતર–બાહ્ય સર્વાંગી રીતે સુખી અને સમૃદ્ધ બને છે. આથી આ નવ સ્મરણોના નિત્ય સ્મરણથી બીજા લાભ પ્રકટપણે અનુભવાય કે ન દેખાય તો પણ ચિત્ત શાંતિ અને ચિત્ત પ્રસન્નતાનો અનુભવ તો જરૂર થાય છે.

આવા પ્રભાવક સ્તોત્રોની રચના કોણે કરી, કયા નિમિત્તે કરી અને એ સ્તોત્રનો શું મહિમા છે તે આ પછીના પાનાઓ પર સંક્ષેપમાં આપવામાં આવે છે.

# ▣ શ્રી નવકાર મંત્ર ▣

'નવકાર' ની રચના ગણધર ભગવંતોએ કરી છે. તેમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ–આ પાંચ ભગવંતોને–પરમેષ્ઠીઓને નમસ્કાર કરવામાં આવ્યો છે તેથી તે 'નવકાર' કહેવાય છે.

આ નવકારના એક એક અક્ષરમાં અચિંત્ય પ્રભાવ અને પ્રતાપ રહેલા છે કે તેથી તેને નવકાર મંત્ર, નમસ્કાર મહા-મંત્ર, સિદ્ધિ–મંત્ર, પરમેષ્ઠિમંત્રરૂપે તે ખૂબ જ પ્રસિદ્ધ છે. તેનો ઉપયોગ દરેક શુભ કાર્યના પ્રારંભ પહેલાં મંગલરૂપે બોલવામાં થાય છે. આથી તે મહા મંગળકારી મંત્ર છે.

આ મહા મંગળકારી મહામંત્રનું સતત રટણ, સ્મરણ કરવાથી આ ભવ અને પરભવમાં અચિંત્ય સુખલાભ થાય છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે તેનો મહિમા બતાવતા કહ્યું છે કે–" હજારો પાપોને કરનારા તથા સેંકડો જન્તુઓને હણનારા તિર્યંચો પણ આ મંત્રની સારી રીતિએ આરાધના કરી દેવગતિને પામ્યા છે.'

આ મંત્ર ચૌદ પૂર્વના સારરૂપ છે. 'શ્રાદ્ધદિન કૃત્ય'માં કહેવાયું છે કે–" વળી જે મનુષ્ય એક લાખ નવકારને

અખંડપણે ગણે તે તીર્થંકર નામકર્મ બાંધે છે.' અર્થાત્ નવકાર મંત્રનો નવ લાખ વખત જાપ કરનાર સ્વયં જિનેશ્વર બને છે.

નવકારના પદો પર સંકટ મોચન મંત્ર, વશીકરણ મંત્ર, તાવ–ભય–નિવારણ મંત્ર આદિ અનેક વિધ મંત્રો છે. એ મંત્રની સાધનાથી તે સંબંધી સાધકને ફળની પ્રાપ્તિ થાય છે. આ મંત્ર શ્રદ્ધાપૂર્વક સતત રટણ કરવાથી તેમજ વિધિવત્ તેનો જાપ કરવાથી આ વીસમી સદીમાં પણ ઘણાંનાં ક્ષય, કેન્સર જેવા જીવલેણ રોગ મૂળમાંથી નાબૂદ થયા છે. આવા મહાપ્રભાવક મહામંત્રનું સૂતા, બેસતા ઊઠતાં, સર્વત્ર સદા અને સર્વત્ર રટણ કરવું જોઈએ....

# ઉવસગ્ગહરં

યુગપ્રધાન આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ પોતાના સમયમાં વ્યંતરે કરેલ મરકીના ઉપદ્રવને શાંત કરવા માટે આ પ્રભાવક સ્તોત્રની રચના કરી હતી. સ્તોત્ર રચના પાછળની કથા આ પ્રમાણે જાણવા મળે છે.

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીનો એક ભાઈ હતો. વરાહમિહિર તેનું નામ. તેણે દીક્ષા લઈ છોડી દીધી હતી. દીક્ષા છોડયા બાદ તે જૈનધર્મ અને જૈન સાધુઓનો નિંદક બની ગયો હતો. જયોતિષશાસ્ત્રના પોતાના જ્ઞાનથી તેણે નગરના રાજાના પુત્રની જન્મકુંડલી બનાવીને કહ્યું કે રાજપુત્ર સો વર્ષનો થશે. રાજાએ આથી વરાહમિહિરનું જાહેર બહુમાન કર્યું. આ બહુમાનમાં શ્રી ભદ્રબાહુસ્વામીની ગેરહાજરી અંગે વરાહમિહિરે રાજાના કાન ભંભેર્યાં. રાજાએ આ અંગે તપાસ કરાવી તો તેને જાણવા મળ્યું કે પુત્રનું તો સાતમા દિવસે જ બિલાડીના કારણે મૃત્યુ થવાનું છે. આથી અલ્પ આયુષ્યી પુત્રના જન્મોત્સવમાં શું હરખ કરવા આવવું ?

રાજાએ આ સામે સખત તકેદારી રાખી. નગરની

તમામ બિલાડીઓને નગર બહાર હાંકી કાઢી. સાતમે દિવસે ધાવમાતા રાજપુત્રને લઈ બારણામાં બેઠી હતી ત્યાં જ પુત્ર પર બારણા પર જડેલ બિલાડીના આકારવાળો આગળિયો પડ્યો અને તે મરણ પામ્યો.

આ જાણીને વરાહમિહિર ખૂબ જ ભોંઠો પડી ગયો. આ પ્રસંગથી તેનો જૈન સાધુઓ પરનો રોષ વધુ વધ્યો. મરીને તે વ્યંતર દેવ થયો. પોતાની દૈવી તાકાતથી તેણે નગરમાં મરકીનો ઉપદ્રવ કર્યો.

શ્રી સંઘની વિનંતીથી મરકીનો ઉપદ્રવ શાંત કરવા, શ્રી ભદ્રબાહુસ્વામીએ પોતાના અપૂર્વ જ્ઞાન, તપ અને વૈરાગ્યથી આ સ્તોત્રની રચના કરી અને શ્રી સંઘને તેનો પાઠ કરવા કહ્યું. સ્તોત્રના પઠનથી મરકીનો ઉપદ્રવ દૂર થઈ ગયો, એટલું જ નહિ સ્તોત્રનો પ્રભાવ એવો અચિંત્ય હતો કે તેના સ્મરણથી ધરણેન્દ્ર દેવ સાક્ષાત્ થતા. અને ઈચ્છિત સહાય કરતા.

સ્તોત્રનો દુરુપયોગ થવાથી તેમાંથી બે ગાથા ભંડારી દેવામાં આવી. આથી અત્યારે માત્ર પાંચ ગાથાનું જ આ સ્તોત્ર અતિ પ્રચલિત છે. જો કે કેટલીક માન્યતા પ્રમાણે આ સ્તોત્રની સાતથી પણ વધુ ગાથાઓ છે.

આ સ્તોત્ર દ્વારા પુરુષાદાનીય ભગવાન શ્રી પાર્શ્વનાથની સ્તુતિ કરવામાં આવી છે. સ્તુતિ ઉપરાંત મંત્રમહિમા પણ છે. બીજી ગાથામાં ‘વિસહરફુલિંગ’ મંત્ર અપાયો છે. આ

ઉપરાંત અન્ય ત્રણ ગાથાઓમાં ગર્ભિત રીતે ‘ સ્તંભન, મોહન, વશીકરણ, ઉચ્ચાટણ તથા પાર્શ્વયક્ષ–યક્ષિણી મંત્રનો, પણ સમાવેશ કરાયો છે.

આ સ્તોત્રના મહિમા વિષે કહેવાયું છે કે આંતર-બાહ્ય વિશુદ્ધ બની રોજ સાતવાર તેનું સ્મરણ કરવાથી પૈસો મળે છે. તેમ જ ચાંદીના પટ્ટામાં આનું નિત્ય પૂજન કરવાથી પણ લક્ષ્મી મળે છે.

આ ઉપરાંત આ સ્તોત્રને લખીને વિધિપૂર્વક કંઠમાં ધારણ કરવાથી વંધ્યાને પુત્ર થાય છે. લખેલા સ્તોત્રને ધોઈ તેનું પાણી પાવાથી શાકિની, ડાકિની, ભૂત, પ્રેત, રાક્ષસ પરાભવ કરતા નથી.

અને વિધિપૂર્વક તપ કરીને હોમ કરવાથી પદ્માવતી દેવી પ્રસન્ન થાય છે. ઇચ્છેલ કાર્ય સિદ્ધ થાય છે. તેમ જ તેનું નિત્ય સ્મરણ કરવાથી કાળક્રમે આત્મા સકલ કર્મથી મુક્ત બને છે. જીવ શિવ બને છે. જૈન જિન થાય છે....

## ◻ સંતિકરં.... ◻

શાંતિના કરનાર શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરતું આ મંત્રગર્ભિત સ્તોત્ર છે. સહસ્રાવધાની આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિજીએ તેની રચના કરુણા ભાવથી પ્રેરાઈને કરી છે. મેવાડમાં આવેલ દેલવાડા (દેવકુલ પાટક) ગામમાં મરકીનો ઉપદ્રવ થયો હતો. આ મહારોગમાં લોકોને રીબાતા મરતા જોઈને શ્રી સંઘની શાંતિ કરવાના હેતુથી આ પ્રભાવક સ્તોત્રની રચના કરી હતી,

આ સ્તવન તેરસના પ્રતિક્રમણમાં સ્તવનના બદલે બોલવામાં આવે છે. પખ્ખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં પણ મોટી શાંતિ બોલાયા બાદ શ્રી સંઘના વિઘ્ન શમન માટે પણ આ સ્તોત્ર બોલાય છે.

આ સ્તોત્રના મહિમા વિષે કહેવામાં આવ્યું છે કે આ સંપૂર્ણ સ્તોત્ર ત્રણવાર અગર સાતવાર ગણવાથી અને સ્તોત્રની બીજી અને ત્રીજી ગાથા ૧૦૮ વાર અથવા ૨૧ વાર ગણીને મંત્રાને તે મંત્રેલું પાણી રોગીને પાવાથી દરેક પ્રકારના વિષમ જ્વરાદિ રોગો તેમ જ ખાસ કરીને દેવતા સંબંધી વિકારો, ભૂત પ્રેતાદિના ભય તથા શાકિની વગેરે દોષો નાશ પામે છે.

અન્યત્ર પણ કહેવાયું છે કે સ્તોત્રનું ત્રિકાળ, અર્થાત સવાર, બપોર અને સાંજ અથવા માત્ર સવારે અને સાંજે સ્મરણ કરવાથી દુષ્ટ ભૂત, શાકિની અને રોગાદિ ભય થતા નથી. મહાપુણ્યની પ્રાપ્તિ થાય છે અને કાળક્રમે મોક્ષ પણ મળે છે........

# ▣ તિજયપહુત્ત.... ▣

શ્રી માનદેવસૂરિએ રચેલા આ સ્તોત્રમાં અઢીદ્વિપમાં પૂજાતા એકસો સીત્તેર જિનેશ્વર ભગવતની સ્તુતિ કરવામાં આવી છે. આ ઉપરથી આ સ્તોત્રનું મૂળ નામ 'સત્તરિસયં સુત્તં' રાખવામાં આવ્યું છે, પ્રસ્તુત પુસ્તકમાં સૌથી છેલ્લા પાનાઓ પર આપેલ 'સર્વતોભદ્ર યંત્ર' જોવાથી તે સમજી શકાશે.

આ સર્વતોભદ્ર યંત્ર ઉપરાંત પણ બીજા તિજયપહુત્ત યંત્રો છે, એ બધા યંત્રોની વિધિપૂર્વક આરાધના, સાધના, હોમ વગેરે કરવાથી આધિ, વ્યાધિ ને ઉપાધિ દૂર થાય છે.

આ સૂત્રની ગાથાઓમાં જ યંત્રના મહિમા અને પ્રભાવ વર્ણવેલા છે. જુઓ છેલ્લી ગાથા ૧૩ અને ૧૪....

## ▣ શ્રી નમિઊણ... ▣

શ્રી માનતુંગસૂરિજીએ ભગવાન શ્રી પાર્શ્વનાથની સ્તુતિ કરીને વિવિધ મહા ભયોને દૂર કરનાર એવા આ સ્તોત્રની રચના કરી છે.

આ સ્તોત્રની રચના અંગે પ્રભાવક ચરિતમાં લખ્યું છે કે–' કોઈક વાર કર્મની વિચિત્રતાથી તેમને માનસિક રોગ થયો, કારણ કે જે કર્મોએ શલાકા પુરુષોને પણ છોડયા નથી, તે કર્મોથી તેઓ પણ પીડા પામ્યા. એટલે તેઓશ્રીએ નાગરાજ ધરણેન્દ્રનું સ્મરણ કર્યું અને તેને અનશન માટે પૂછ્યું. ત્યારે ધરણેન્દ્રે કહ્યું કે, હે પ્રભો! હજી આપનું આયુષ્ય બાકી છે તો તે ક્ષીણ કેમ થઈ શકે વળી આપશ્રી જેવાની વિદ્યમાનતા ઘણા પ્રાણીઓને ઉપકારરૂપ છે.' એમ કહીને ધરણેન્દ્રે તેઓશ્રીને અઢાર અક્ષરનો (ચિંતામણી) મંત્ર આપ્યો કે જેના સ્મરણરૂપી જલથી નવ પ્રકારના રોગોનો નાશ થાય છે. અને તે પોતાના સ્થાને પાતાલલોકમાં ચાલ્યો ગયો. પછી પરોપકાર પરાયણ શ્રીમાન્ માનતુંગસૂરિએ તે મંત્રાક્ષરોથી ગર્ભિત 'નવીન ભયહરસ્તવ'ની (નમિઊણ) રચના કરી કે જે અદ્યાપિ પર્યંત વિદ્યમાન છે. તે

મંત્રાક્ષરોના પ્રભાવથી આચાર્ય મહારાજનો દેહ હેમંત ઋતુના કમળ જેવો શોભાયમાન થઈ ગયો. આ ભયહરસ્તવનો જે સવારે અને સાંજે શુચિભાવથી પાઠ કરે છે, તેના વિવિધ ઉપસર્ગો દૂર થાય છે.'

શ્રી તિજયપહુત્ત યંત્રની જેમ નમિઊણ યંત્ર પણ એકથી વધુ છે. સ્તોત્ર કર્તાએ સ્તોત્રની ચોથી ગાથાની રચના કરતાં સમયે નાગરાજને વશ કર્યાં હતા.

સ્તોત્રકારે સ્તોત્રના અંતે સ્તોત્રનો મહિમા કહ્યો છે કે જે માણસ સ્થિર ચિત્તે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરે છે તેના એકસો ને આઠ વ્યાધિનાં ભયો દૂરથી જ નાશ પામે છે....

# ⊡ શ્રી અજિત–શાંતિ સ્તવન.... ⊡

મહર્ષિ નંદિષેણે આ સ્તવનની રચના કરી છે. એક જ સ્તવનમાં બે તીર્થંકર–શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથની સ્તુતિ કરતું, તેમનો મહિમા કહેતું આ સ્તવન વિવિધ છંદોમાં લખાયું છે. આથી એ છંદોમાં ગવાયેલું સ્તવન સાંભળતાં કે ગાતાં ચિત્ત પ્રસન્ન થઈ જાય છે. મનને તેના શ્રવણથી અપૂર્વ શાંતિ મળે છે.

એવી કિંવદન્તી છે કે તીર્થાધિરાજ શ્રી શત્રુંજય પર શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથના દેરાસરો સામસામે હોવાથી દર્શકની બન્નેને પૂંઠ પડતા આશાતના થતી હતી. મહર્ષિ નંદિષેણે આ સ્તવનની પૂર્ણ ભક્તિથી રચના કરતા તેના પ્રભાવથી બન્ને દેરાસરો સાથોસાથ થઈ ગયા હતાં.

આ મહર્ષિ નંદિષેણ તે ભગવાન મહાવીરના શિષ્ય કે ભગવાન નેમિનાથના શિષ્ય તે અંગે નિર્ણયાત્મક કશું જાણવા નથી મળતું. પરંતુ એમાં કોઈ સંદેહ નથી કે આ સ્તવનનું નિત્ય સ્મરણ કરવાથી અથવા તેનું શ્રવણ કરવાથી રોગો થતા નથી અને અગાઉ થયેલ રોગો પણ દૂર થઈ જાય છે.

પખ્ખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં સ્તવનના બદલે આ સ્તવન બોલાય છે....

## ▣ શ્રી ભક્તામર સ્તોત્ર.... ▣

તે સમયના સમર્થ મંત્રવિદ્ અને તંત્રવિદ્ ગીતાર્થ (નમિઊણ સ્તોત્રના રચયિતા) આચાર્ય શ્રી માનતુંગસૂરિએ રાજા હર્ષદેવ કે હર્ષવર્ધનના પડકારોને ઝીલી લઈને આ સ્તોત્રની રચના કરી હતી.

કથા એવી છે કે વારાણસીમાં હર્ષદેવના રાજ્યમાં મયૂર અને બાણ નામના પ્રકાંડ પંડિતો હતા. આ બંને સગપણે સસરા-જમાઈ હતા. મયૂરે પોતાની પુત્રી બાણ પંડિતને પરણાવી હતી. મયૂર એક દિવસ જમાઈના ઘર પાસેથી પસાર થતા હતા ત્યાં તેમણે દંપતી વચ્ચે ઝઘડો થતો સાંભળ્યો. આથી તે મર્મમાં હસ્યા. પુત્રીએ તે જોઈને બાપને શ્રાપ આપ્યો, તેથી મયૂર કુષ્ઠ રોગી થઈ ગયો.

મયૂર પંડિતે રોગ નિવારવા માટે સો કાવ્યથી સ્તુતિ કરીને સૂર્યદેવને પ્રસન્ન કર્યો અને દેવના વરદાનથી તે નિરોગી થયો. આથી રાજ્યમાં તેની બોલબાલા થઈ.

મયૂરની વધતી કીર્તિથી બાણ પંડિત ઈર્ષ્યાથી સળગી ઊઠયો. તેણે પોતાની મહત્તા વધારવા હાથ પગ કાપી નાખ્યા,

પછી સો કાવ્યની સ્તુતિ કરી ચંડી દેવીને પ્રસન્ન કરી. દેવીએ તેના હાથ-પગ પાછા આપ્યા.

આ બંને પ્રસંગથી શૈવધર્મની પ્રશંસા થવા લાગી અને જૈન ધર્મમાં કંઈ દૈવત નથી વગેરે નિંદા થવા લાગી. રાજા હર્ષદેવે પણ શ્રાવકોને પૂછ્યું કે શું તમારા કોઈ શ્રમણમાં દૈવી શક્તિ નથી? શ્રાવકોએ કહ્યું: 'અમારા માનતુંગસૂરિજી મહારાજ એવી ખૂબ જ દિવ્ય શક્તિઓ ધરાવે છે.' આ જાણી રાજાએ માનતુંગસૂરિજીને રાજસભામાં બોલાવ્યા. બ્રાહ્મણ પંડિતોએ પ્રથમ તેમની સાથે વિવાદ કર્યો. તેમાં સૂરિજીએ સૌને પરાજય આપ્યો. પછી રાજાએ તેમને કંઈ ચમત્કાર બતાવવા કહ્યું. આથી સૂરિજીના કહેવાથી તેમને ૪૪ કે ૪૮ બેડીઓ પહેરાવીને તેમને એક ઓરડામાં પૂરવામાં આવ્યા. બારણું બંધ કરી તેને સાત તાળા માર્યા અને કડક ચોકી પહેરો ગોઠવ્યો.

આવી પ્રગાઢ બંધન અવસ્થામાં શ્રી માનતુંગસૂરિજીએ જિનશાસનનો જયજયકાર કરવાના શુભ હેતુથી આ સ્તોત્રની રચના કરી. હૃદયમાંથી ઉત્કટ ભાવે બોલાતી એક એક ગાથા-શ્લોક સાથે બેડીઓ તૂટતી ગઈ. અને બારણા સાત તાળાં તોડીને આપોઆપ ઉઘડી ગયાં.

આ સ્તોત્રમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવંતના ગુણ અને રૂપનો મહિમા વર્ણવી તેમની સ્તુતિ કરવામાં આવી છે. આ સ્તોત્રના શ્રદ્ધાપૂર્વકના નિત્ય પાઠથી દેવજન્ય

ઉપદ્રવો અને રોગોનું તેમ જ માનવકૃત ઉપસર્ગોનું કેવી રીતે નિવારણ થાય છે તેની પચ્ચીસેક વાર્તાઓ પણ છે. કલિ-કાળમાં પણ, આ સ્તોત્રના સ્મરણથી થયેલ ચમત્કારોની સત્ય ઘટનાઓ પણ જાણવા મળે છે.

મંત્રવિદોએ પ્રસ્તુત સ્તોત્ર પરથી એકથી વધુ યંત્રો બનાવ્યા છે અને તે દરેકનો વિધિ બતાવ્યો છે. એ મંત્રોનો જાપ કરનારની અથવા આ સ્તોત્રનું નિત્ય સ્મરણ કરનારની શ્રી ચક્રેશ્વરી (ચક્કેશ્વરી) દેવી અપ્રકટપણે પણ અચૂક સહાય કરે છે.

સ્તોત્રકાર શ્રી માનતુંગસૂરિએ સ્તોત્ર પૂર્ણ કરતાં સ્પષ્ટ જ કહ્યું છે કે જે કોઈ મનુષ્ય આ સ્તોત્રનું રોજ સ્મરણ કરે છે (સાંભળે છે) તેને નિત્ય–નિરંતર કલ્યાણ–લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે...

# ◻ કલ્યાણ મંદિર.... ◻

આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ આ સ્તોત્રની રચના કરી છે. આ સ્તોત્ર દ્વારા તેઓશ્રીએ પુરિસાદાણી શ્રી પાર્શ્વનાથ ભગવંતનો મહિમા ગાયો છે. આ સ્તોત્રની રચના વિષેની ઘટના આ પ્રમાણે છે.

પ્રાકૃત ભાષામાં લખાયેલ શ્રી નવકાર મંત્રને સંસ્કૃત ભાષામાં ( નમોऽર્હત્‌સિદ્ધાચાર્યઉપાધ્યાયસર્વસાધુભ્યઃ ) ઉતારવા માટે ગુરુ મહારાજે આચાર્યશ્રીને બાર વર્ષ માટે ગચ્છની બહાર મૂક્યા. શ્રી સંઘે કડક પ્રાયશ્ચિત ન આપવા વિનંતી કરી. આથી ગુરુ મહારાજ શ્રી વાદિદેવસૂરિજીએ કહ્યું કે અઢાર રાજાઓને તે પ્રતિબોધ કરશે તો તેમને ગચ્છમાં લઈશું.

આચાર્યશ્રી આથી ગુપ્તવેષે ગચ્છ છોડીને ચાલી નીકળ્યા. એક દિવસ તે ઉજ્જયિનીમાં આવ્યા અને પોતાની અદ્‌ભુત કવિત્વ શક્તિથી તેના રાજા વિક્રમાદિત્યના મનને જીતી લીધું.

એક વખત સિદ્ધસેન અને વિક્રમાદિત્ય બંને સાથે રાજ્યમાં આવેલ કુડગેશ્વર નામના શિવમંદિરમાં ગયા. રાજાએ મહાદેવને પ્રણામ કર્યાં. સિદ્ધસેને પ્રણામ ન કર્યાં

આથી તેનો ખુલાસો કરતાં કહ્યું : 'મારા કરેલા પ્રણામ આ મહાદેવ સહન નહિ કરી શકે તેથી તેમને હું પ્રણામ નથી કરતો.'

'તો કોણ–કયા દેવ તમારો નમસ્કાર સહન કરી શકે તેમ છે ?' રાજાએ આશ્ચર્યથી પૂછ્યું.

તેના જવાબમાં શ્રી સિદ્ધસેને આ સ્તોત્રથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરી. સ્તોત્રની ૧૧મી ગાથાની રચના થઈ રહી હતી ત્યાં જ શિવલિંગ ફાટયું અને તેમાંથી ધરણેન્દ્ર સહિત શ્રી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમા પ્રકટ થઈ.

તેમણે કહ્યું 'મારો નમસ્કાર સહન કરી શકે તેવા મારા ભગવાન આ છે.'

અને સ્તોત્રની રચના પૂરી થયા બાદ જણાવ્યું કે– 'તમારા ગામમાં ભદ્રા શેઠાણીનો પુત્ર અવંતિસુકુમાળ હતો. અનશન કરીને સમાધિ મરણ પામ્યો હતો. અહીંથી તેનો જીવ નલિનીગુલ્મ વિમાનમાં ગયો હતો. તેમણે પિતાની યાદમાં મહાકાલ નામનું જિનચૈત્ય બનાવી તેમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા કરી હતી. થોડા સમય બાદ મિથ્યા દૃષ્ટિઓએ એ પ્રતિમાને ભંડારી દઈ તેના ઉપર મહાદેવના લિંગની સ્થાપના કરી. આજ મારી સ્તુતિથી તે પ્રકટ પ્રભાવક શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રકટ થયા છે.'

આ જ ઘટના બીજા સ્વરૂપે પણ જાણવા મળે છે. તેમાં શ્રી સિદ્ધસેન શિવલિંગ પર પગ મૂકીને સૂતા હોય છે. આથી

તેમને સુભટો ફટકા મારે છે પણ એ ફટકા તેમને ન વાગતા અંતઃપુરમાં રહેલી રાણીઓને વાગે છે. રાણીઓની ચીસોથી રાજા તપાસ કરાવે છે. ત્યારે આ સ્તોત્રની રચના કરવામાં આવે છે.

આવા અચિંત્ય પ્રભાવથી વિક્રમાદિત્ય જૈન ધર્મ અંગીકાર કરે છે. આચાર્યશ્રી પછી વિક્રમાદિત્યના અનુયાયી અઢાર રાજાઓને પ્રતિબોધી તે સૌને પણ જૈન બનાવે છે.

સ્તોત્રની છેલ્લી ૪૪ મી ગાથામાં 'કુમુદચંદ્ર' શબ્દ આવે છે તે શ્રી સિદ્ધસેનનું મુનિ અવસ્થાનું નામ છે.

# ◘ શ્રી બૃહદ્ શાંતિ.... ◘

આ મોટી શાંતિની રચના શ્રી નેમિનાથ ભગવાનની માતા શિવાદેવીએ દૈવી અવસ્થામાં કરી હતી એમ ટીકાકાર શ્રી હર્ષકીર્તિ સૂરિની માન્યતા છે. રચનાકારનો ચોક્કસ નિર્ણય જાણવા મળતો નથી.

શ્રી માનદેવસૂરિએ પણ 'શાંતિ સ્તોત્ર' ની રચના કરી છે. આથી આ સ્તોત્રનું નામ 'મોટી શાંતિ કે શ્રી બૃહદ શાંતિ' રખાયું છે. તેમાં મુખ્યત્વે શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે. ઉપરાંત શ્રી પાર્શ્વનાથ ભગવાનની પણ પ્રાર્થના કરાઈ છે.

શ્રી સ્નાત્ર મહોત્સવ, શાંતિસ્નાત્ર આદિ પ્રસંગોએ તેમ જ પખ્ખી, ચઉમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં તે બોલવામાં આવે છે.

તેમાં ચોવીશ તીર્થંકરો, સોળ દેવીઓ, નવ ગ્રહો, ક્ષેત્ર-પાળો તેમ જ અન્ય દેવોને પોતાના પર પ્રસન્ન થવા પ્રાર્થના કરવામાં આવી છે.

તન અને મનની શુદ્ધિથી આ સ્તોત્રનું સ્મરણ કરવાથી રોગોનું ઉપશમન થાય છે, ભયો દૂર થાય છે અને સૌથી વિશેષ તો ચિત્તમાં અપૂર્વ શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ થાય છે.

સ્તોત્રની છેલ્લી ગાથા 'સર્વ મંગલ....' વ્યાખ્યાન પૂર્ણ થયે પૂજ્ય મુનિ ભગવંતો અચૂક બોલે છે. આ ગાથા દ્વારા જૈન શાસનનો-જૈન ધર્મનો મહિમા ગાવામાં આવ્યો છે....

## ▣ શ્રી ઋષિમંડળ સ્તોત્ર... ▣

શ્રી ઋષિમંડળ સ્તોત્ર નાનું અને મોટું એમ બે પ્રકારનું છે. નાનું જે ૬૩ ગાથાનું છે તે આ પુસ્તકમાં અપાયું છે. મોટું સ્તોત્ર ૯૮ થી ૧૧૬ ગાથાઓનું છે.

આ સ્તોત્રના પણ એકથી વધુ યંત્રો અને તે દરેકની વિધિઓ છે. ઉપધાન તપમાં સામાન્યત: આ સ્તોત્ર નિયમિત સંભળાવવામાં આવે છે.

આ સ્તોત્રની વિશિષ્ટતા એ છે કે સ્તોત્રના કેન્દ્રમાં ૨૪ તીર્થંકરો છે અને હ્રીં કાર બીજ ઉપર બિરાજમાન છે. આ ઉપરાંત સ્તોત્રમાં પંચ પરમેષ્ઠિ ભગવંતો, લબ્ધિધારી મહર્ષિઓ, દશ દિક્પાલો, નવગ્રહો, ચારે ય નિકાયના દેવ-દેવીઓ અને શ્રી ઋષિમંડળની સ્વતંત્ર ૨૪ દેવીઓની પ્રાર્થના કરાઈ છે.

આ સ્તોત્ર-યંત્ર ઉપર પ્રગટ પ્રભાવક શ્રી પાર્શ્વનાથ ભગવાનનું આધિપત્ય છે. યંત્રમાં ભગવાનના યક્ષ ધરણેન્દ્ર અને તેમની બન્ને દેવી પત્નીઓ શ્રી પદ્માવતીદેવી અને શ્રી વૈરોટ્યા દેવી પ્રસ્થાપિત કરાયેલ છે.

સ્તોત્રનો અભ્યાસ કરવાથી જણાશે કે માનવમનની બધી ભૌતિક ઇચ્છાઓની પૂર્તિ કરવા માટે તેમ જ સર્વ પ્રકારના ભયથી રક્ષા કરવા માટે સબંધિત દેવ-દેવીઓને પ્રાર્થના કરવામાં આવી છે. સમાધિ અને મોક્ષ માટે જેઓને હજી રૂચિ નથી થઈ તેવા અલ્પ આત્મવિકસિત ભૌતિક-વાદીઓને આ સ્તોત્ર વધુ આકર્ષે તેવું છે. આ સ્તોત્રના પાઠથી, જાપથી, તેનું યંત્ર પાસે રાખવાથી તન, મન, ધનની તમામ સુખસંપદા પ્રાપ્ત થાય છે. આબરુ–પ્રતિષ્ઠા પણ વધે છે....

આ સ્તોત્રના પણ મંત્રો અને યંત્રો છે. અને તેની આરાધના – સાધનાની વિધિઓ છે.

આ સ્તોત્રના નિત્ય સ્મરણથી આ લોકનાં બધા ભયો દૂર થાય છે, શક્તિ, સંપદા અને યશ મળે છે અને કાળક્રમે મોક્ષપદની પ્રાપ્તિ થાય છે........

ટૂંકમાં કહીએ તો 'નવસ્મરણ' નવનિધાનરૂપ છે.

☐ ☐ ☐

# શ્રુતજ્ઞાન-પ્રેમી દાતાઓ

| રૂપિયા | દાતા |
|---|---|
| ૨૨૫૧ | શ્રી જૈન શ્વેતાંબર તપાગચ્છ સંઘ, ભાંડુપ-મુંબઈ [પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજે ભાંડુપ સંઘને કરાવેલ પર્યુષણ પર્વની આરાધના નિમિત્તે] |
| ૧૦૦૧ | શ્રી શાંતિનાથ જૈન ઉપાશ્રય, કોટ-મુંબઈ [પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા પૂજ્ય મુનિરાજ શ્રીં ભદ્રસેનવિજયજી મહારાજે સં.૨૦૩૩ માં કરેલ ચાતુર્માસ નિમિત્તે] |
| ૧૦૦૧ | શ્રી પરશોતમ જસરાજ વોરાના ધર્મપત્ની શ્રી નરભીબાઈ [પ્રસ્તુત પુસ્તકના પ્રેરક પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજના સંસારી માતુશ્રી)-ના પુણ્ય સ્મરણાર્થે |
| ૧૦૦૧ | શેઠશ્રી ભગવાનજી શીવજી (કચ્છવાળા), કોટ-મુંબઈ |
| ૧૦૦૧ | શ્રી જૈન તપાગચ્છ સંઘ, સાયન-મુંબઈ |
| ૫૦૧ | શેઠશ્રી ભગવાનજી વનમાળીદાસ (માંગરોળવાળા) |
| ૫૦૧ | પાટણવાળા એક સદ્‌ગૃહસ્થ |
| ૩૦૧ | શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ, (સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર-મુંબઈ) |
| ૨૫૧ | સંઘવી દેવકરણજીભાઈ મૂલજીભાઈ જૈન દેરાસર (મલાડ વેસ્ટ-મુંબઈ)ની પેઢી તરફથી પૂજ્ય મુનિશ્રી ઉત્તમવિજયજી મહારાજના ચાતુર્માસ નિમિત્તે |
| ૨૫૧ | સુશ્રાવિકા લક્ષ્મીબાઈ ફોજમલ સાટીયા (શીવગંજવાળા)ના સ્મરણાર્થે |
| ૨૫૧ | શેઠશ્રી ત્ર્યંબકલાલ ફુલચંદ (હીપા વડલીવાળા)ના |

ધર્મપત્ની શ્રી કાન્તાલક્ષ્મીના સ્મરણાર્થે.

૨૫૧ પૂજ્ય સાધ્વી શ્રી રમણયશાશ્રીજી મહારાજની પ્રેરણાથી સુશ્રાવિકા ધીરજબેન રતીલાલ (સાયનવાળા)

૨૫૧ શેઠશ્રી હઠીસીંગ જેઠાભાઈ (જામનગરવાળા)

૨૫૧ પૂજ્ય સાધ્વી શ્રી ધૈર્યપ્રભાશ્રીજી મહારાજની પ્રેરણાથી શ્રી સંભવનાથ જૈન સંઘ, વીક્રોલી–મુંબઈ

૨૫૧ ઝવેરી જયંતિલાલ મંગળદાસ ( પાટણવાળા )ના સ્મરણાર્થે

૧૨૫ શેઠશ્રી ધરમશી રામશી ટોલિયા (વાંકાનેરવાળા)

૧૨૫ શેઠશ્રી બાબુભાઈ વીરાજી (ભાયખાલાવાળા) તરફથી સુશ્રાવિકા મકીબેનના ઉપધાન તપ નિમિત્તે

૧૨૫ શેઠશ્રી અશ્વિનકુમાર જયંતિલાલ શાહ (ધોરાજીવાળા)

૧૨૫ શેઠશ્રી જયંતિલાલભાઈ (ઉમરાળાવાળા)

૧૨૫ શેઠશ્રી ફકીરચંદ ફુલચંદ (સુરતવાળા)

૧૨૫ શેઠશ્રી પ્રભુદાસ મોહનલાલ (મુલતાન ડેરીવાળા)

૧૨૫ સ્વ. ચંદનબેન રાયચંદ જીવરાજ, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી કે. એન. મહેતા, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી છગનલાલ સકળચંદ, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી પુખરાજજી ઉમાજી, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી ચુનીલાલ રૂપચંદજી, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી કુટરમલ ચમનમલજી, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી બાબુલાલ વનમાળીદાસ દૂધવાળા, કોટ–મુંબઈ

૧૨૫ શેઠશ્રી ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટોરિયમ, પાર્લા

૧૦૧ શેઠશ્રી કાન્તિલાલ નાગરદાસ

૧૦૧ શેઠશ્રી બાબુભાઈ પાટણવાળા

## ૧....શ્રી નવકાર મંત્ર

નમો અરિહંતાણં. ૧
નમો સિદ્ધાણં. ૨
નમો આયરિયાણં. ૩
નમો ઉવજ્ઝાયાણં ૪
નમો લોએ સવ્વ સાહૂણં. ૫
એસો પંચ નમુક્કારો, ૬
સવ્વ પાવપ્પણાસણો. ૭
મંગલાણં ચ સવ્વેસિં, ૮
પઢમં હવઈ મંગલં. ૯

## ૨....શ્રી ઉવસગ્ગહરં સ્તવનમ્

ઉવસગ્ગહરં પાસં,
પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહર વિસનિન્નાસં,
મંગલ – કલ્લાણ આવાસં. ૧

વિસહર–ફુલિંગ–મંતં,
કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ–રોગ–મારી,
દુટ્ઠ–જરા જંતિ ઉવસામં. ૨

ચિટ્ઠઉ દૂરે મંતો,
તુજ્ઝ પણામોવિ બહુ ફલો હોઈ;
નરતિરિએસુવિ જીવા,
પાવંતિ ન દુક્ખ દોગચ્ચં. ૩

તુહ સમ્મત્તે લદ્ધે,
ચિંતામણી કપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં,
જીવા અયરામરં ઠાણં. ૪

ઇઅ સંથુઓ મહાયસ,
ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ;
તા દેવ દિજ્જ બોહિં,
ભવે ભવે પાસ જિણચંદ. ૫

# ૩....શ્રી સંતિકર સ્તવનમ્

સંતિકરં સંતિજિણું, જગસરણું જયસિરીઈ દાયારં;
સમરામિ ભત્તપાલગ–નિવ્વાણી ગરુડ કયસેવં. ૧
ૐ સનમો વિપ્પોસહિ પત્તાણું સંતિસામિપાયાણું;
ઝ્રૌં સ્વાહા મંતેણું સવ્વાસિવદુરિઅહરણાણું. ૨
ૐ સંતિનમુક્કારો, ખેલો સહિમાઈલદ્ધિપત્તાણું;
સોં હ્રીં નમો સવ્વો–સહિપત્તાણું ચ દેઇસિરિં. ૩
વાણી તિહુઅણુસામિણીસિરિદેવી જક્ખરાય ગણિપિડગા;
ગહદિસિપાલ સુરિંદા, સયાવિ રક્ખંતુ જિણભત્ત. ૪
રક્ખંતુ મમરોહિણી, પન્નતિ વજ્જસિંખલા ય સયા;
વજ્જંકુસિ ચક્કેસરિ, નરદત્તા કાલિ મહાકાલિ. ૫
ગોરી તહ ગંધારી, મહજાલા માણવી અ વઇરુટ્ટા;
અચ્છુત્તા માણસિયા મહામાણસિયાઓ દેવીઓ. ૬
જક્ખા ગોમુહ મહજક્ખ, તિમુહ જક્ખેસ તંબુરુ કુસુમો;
માયંગો વિજયાજિય, બંભો મણુઓ સુરકુમારો. ૭

છમ્મુહ પયાલ કિન્નર,
ગરુલો (ડો) ગંધવ્વ તહય જક્ખિંદો;
કુબ્બર વરુણો ભિઉડી,
ગોમેહો પાસ માયંગો. ૮

દેવીઓ ચક્કેસરિ, અજિઆ દુરિઆરિ કાલિ મહાકાલી;
અચ્ચુઆ સંતા જાલા, સુતારયા સોય સિરિવચ્છા. ૯

ચંડા વિજયાંકુસિ પન્નઈત્તિ નિવ્વાણિ અચ્ચુઆ ધરણી;
વૈરુટ્ટ છુત્ત ગંધારિ, અંબ પઉમાવઈ સિદ્ધા. ૧૦

ઇઅ તિત્થરક્ખણરયા, અન્નેવિ સુરાસુરીય ચઉહાવિ;
વંતર જોઇણી પમુહા, કુણંતુ રક્ખં સયા અમ્હં. ૧૧

એવં સુદ્દિટ્ઠિ સુરગણ-
સહિઓ સંઘસ્સ સંતિજણચંદો;
મજ્ઝવિ કરેઉ રક્ખં,
મુણિસુંદરસૂરિથુઅમહિમા. ૧૨

ઇઅ સંતિનાહ સમ્મ દિટ્ઠી રક્ખં સરઈ તિકાલં જો;
સવ્વોવદ્દવરહિઓ, સ લહઈ સુહસંપયં પરમં. ૧૩

તવગચ્છગયણદિણયર,
જુગવરસિરિસોમસુંદરગુરુણં;
સુપસાય લદ્ધ ગણહર-
વિજ્જાસિદ્ધિં ભણઈ સીસો. ૧૪

# ૪....શ્રી તિજયપહુત્ત

તિજયપહુત્ત પયાસય-
અટ્ઠમહાપાડિહેરજુત્તાણં;
સમયખિત્તટ્ઠિઆણં,
સરેમિ ચક્કં જિણિંદાણં. ૧

પણુવીસા ય અસીઆ,
પનરસપન્નાસ જિણુવરસમુહો;
નાસેઉ સયલદુરિઅં,
ભવિઆણું ભત્તિજુત્તાણું. ૨

વીસા પણુયાલા વિય, તીસા પન્નત્તારી જિણુવરિંદા;
ગહભૂઅરક્ખસાઈણિ, ઘોરુવસગ્ગં પણાસંતુ ૩

સત્તરિ પણુ તીસા વિય, સટ્ઠી પંચેવ જિણુગણો એસો;
વાહિ જલ જલણુ હરિ કરિ–ચોરારિ મહાભયં હર઼ઉ. ૪

પણુપન્ના ય દસેવ ય; પન્નટ્ઠી તહ ય ચેવ ચાલીસા;
રક્ખંતુ મે સરીરં, દેવાસુર પણુમિઆ સિદ્ધા. ૫

ૐ હરહુંહ: સરસુંસ: હરહુંહ: ;
તહય ચેવ સરસુંસ: ;
આલિહિય નામગબ્ભં,
ચક્કં કિર સવ્વઓભદ્દં. ૬

ૐ રોહિણી પન્નત્તિ,
વજ્જસિંખલા તહય વજ્જઅંકુસિઆ;
ચક્કેસરિ નરદત્તા,
કાલિ મહાકાલિ તહંગોરી. ૭

ગંધારી મહજાલા, માણુવિ વઇરુટ્ટ તહય અચ્છુત્તા;
માણુસિ મહામાણુસિઆ, વિજાદેવીઓ રક્ખંતુ. ૮

પંચદસકમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરિ જિણાણ સયં;
વિવિહરયણાઇવિન્નો-વસોહિઅં હરઉ દુરિઆઇં. ૯

ચઉતીસઅઇસયજુઆ,
અટ્ઠમહાપાડિહેરકયસોહા;
તિત્થયરા ગયમોહા,
ઝાએઅવ્વા પયત્તેણં. ૧૦

ૐ વરકણય સંખ વિદ્ધુમ,
મરગયઘણ સન્નિહં વિગયમોહં;
સત્તરિસયં જિણાણં,
સવ્વામરપૂઇઅંવંદે [ સ્વાહા ]. ૧૧

ૐ ભવણવઇ વાણવંતર,
જોઇસવાસિ વિમાણવાસીઅ;
જે કેવિ દુટ્ઠદેવા,
તે સવ્વે ઉવસમંતુ મમ સ્વાહા. ૧૨

ચંદણકપ્પૂરેણં, ફલએ લિહિઉણ ખાલિઅં પીઅં;
એગંતરાઇગહભૂઅ સાઇણિમુગ્ગં પણાસેઇ. ૧૩

ઇઅ સત્તરિસયંજંતં, સમ્મં મંતં દુવારિ પડિલિહિયં;
દુરિઆરિવિજયવંતં, નિબ્ભંતં નિચ્ચમચ્ચેહ. ૧૪

# ૫... શ્રી નમિઊણ

નમિઊણ પણયસુરગણ–
ચૂડામણિ કિરણરંજિઅં મુણિણો;
ચલણ જુઅલં મહાભય,
પણાસણં સંથવં વુચ્છં. ૧

સડિયકરચરણનહમુહ,
નિબુડ્ડનાસા વિવન્નલાયન્ના;
કુટ્ઠમહારોગાનલ–
ફુલિંગનિદ્દટ્ઠસવંગ્ગા. ૨

તે તુહ ચલણા રાહણ,–
સલિલંજલિસેયવુડ્ઢિયચ્છાયા;
વણદવદડ્ઢા ગિરિપાય–વ્વ
પત્તા પુણો લચ્છિં. ૩

દુવ્વાયખુભિયજલનિહિ,
ઉબ્ભડ કલ્લોલભીસણારાવે;
સંભંતભયવિસંઠુલ-
નિજ્જામયમુક્કવાવારે. ૪

અવિદલિઅજાણવત્તા,
ખણેણ પાવંતિ ઇચ્છિઅં કૂલં;
પાસજિણચલણજુઅલં,
નિચ્ચં ચિઅ જે નમંતિ નરા. ૫

ખર પવણુદ્ધુય વણ દવ,
જાલાવલિ મિલિય સયલ દુમ ગહણે;
ડજ્જંત મુદ્ધ મય વહુ,
ભીસણ-રવ ભીસણમ્મિ વણે. ૬

જગ ગુરુણો કમ જુઅલં,
નિવ્વાવિઅ સયલતિ હુઅણાભોઅં;
જે સંભરંતિ મણુઆ,
ન કુણઈ જલણો ભયં તેસિં ૭

વિલસંત ભોગ ભીસણ,
ફુરિઆરુણ નયણ તરલ જીહાલં;
ઉગ્ગ ભુઅગં નવજલય,
સત્થહં ભીસણાયારં. ૮

મન્નંતિકીડ સરિસં,
દૂર પરિચ્છુઢ વિસમ વિસવેગા;
તુહ નામક્ખર કુડ સિદ્ધ,
મંત ગુરુઆ નરા લોએ. ૯

અડવીસુભિલ્લ તક્કર,
પુલિંદ સદ્દૂલ સદ્દ ભીમાસુ;
ભય વિહુર વુન્ન કાયર,
ઉલ્લૂરિય પહિય સત્થાસુ. ૧૦

અવિલુત્ત વિહવ સારા,
તુહનાહ પણામ મત્તવાવારા;
વવગય વિગ્ધા સિગ્ધં,
પત્તા હિય ઇચ્છિયં ઠાણં. ૧૧

પજ્જલિઆનલ નયણં,
દૂર વિયારિયમુહં મહાકાયં;
નહકુલિસ ઘાય વિઅલિઅ,
ગઇંદ કુંભત્થલાભોઅં. ૧૨

પણય સંસભમ પત્થિવ,
નહ મણિ માણિક્ક પડિઅ પડિમસ્સ;
તુહ વયણ પહરણ ધરા,
સીહં કુદ્ધંપિ ન ગણંતિ. ૧૩

સસિ ધવલ દંત મૂસલં,
દીહ કરુલ્લાલ વુદ્ધિઉચ્છાહં;
મહુપિંગ નયણ જુઅલં.
સસલિલ નવજલ હરારાવં. ૧૪
ભીમં મહા ગઈંદં,
અચ્ચાસન્નંપિ તે ન વિગણંતિ,
જે તુમ્હ ચલણ જુઅલં,
મુણિવઇ તુંગં સમલ્લીણા. ૧૫
સમરંમિ તિક્ખ ખગ્ગા,
ભિગ્ધાય પવિદ્ધ ઉધ્ધુય કબંધે;
કુંત વિણિભિન્ન કરિકલહ,
મુક્ક સિક્કાર પઉરંમિ. ૧૬
નિજ્જિઅ દપ્પુદ્ધર રિઉ,
નરિંદ નિવહા ભડા જસં ધવલં;
પાવંતિ પાવ પસમિણ,
પાસજિણ ! તુહપ્પભાવેણ ૧૭
રોગ જલ જલણ વિસહર,
ચોરારિ મઇંદ ગય રણ ભયાઈં;
પાસ જિણ નામ-
સંકિત્તણેણ પસ મંતિ સવ્વાઈં. ૧૮

એવં મહાભયહરં પાસજિંણિંદસ્સ સંથવમુઆરં;
ભવિય જણાણંદયરં, કલ્લાણ પરંપર નિહાણં. ૧૯

રાયભય–જક્ખ–રક્ખસ–
કુસુમિણ દુસ્સઉણ રિક્ખપીડાસુ;
સંઝાસુ દોસુ પંથે,
ઉવસગ્ગે તહય રયણીસુ. ૨૦

જો પઢઈ જો અ નિસુણઈ, તાણં કઈણો ય માણતુંગસ્સ;
પાસો પાવં પસમેઉ, સયલ ભુવણચ્ચિય ચલણો. ૨૧

ઉવસગ્ગંતે કમઠા,
સુરંમિ ઝાણાઓ જો ન સંચલિઓ;
સુરનર કિન્નર જુવઇહિં,
સંથુઓ જયઉ પાસ જિણો. ૨૨

એઅસ્સ મજઝયારે, અઠ્ઠારસ અક્ખરેહિં જો મંતો,
જો જાણઈ સો ઝાયઈ, પરમ પયત્થં ફુડં પાસં. ૨૩

પાસહ સમરણ જો કુણઈ,
સંતુઠ્ઠે હિયએણ;
અટ્ઠુત્તર સય વાહિભય,
નાસઈ તસ્સ દૂરેણ. ૨૪

# ૬...શ્રી અજિતશાંતિ સ્તવનમ્

અજિઅં જિઅ સવ્વ ભયં,
સંતિં ચ પસંત સવ્વ ગય પાવં;
જય ગુરુ સંતિ ગુણ કરે,
દો વિ જિણવરે પણિવયામિ. ૧

ગાહા.

વવગય મંગુલ ભાવે,
તે હં વિઉલ તવ નિમ્મલ સહાવે;
નિરુવમ મહપ્પભાવે,
થોસામિ સુદિટ્ઠ સબ્ભાવે. ૨ ગાહા.

સવ્વ દુક્ખ પ્પસંતીણં, સવ્વપાવપ્પસંતીણં,
સયા અજિઅ સંતીણં, નમો અજિઅસંતીણં. ૩
સિલોગો.

અજિય જિણ! સુહપ્પવત્તણં,
તવ પુરિસુત્તમ! નામકિત્તણં,
તહય ધિઈ મઈ પ્પવત્તણં,
તવય જિણુત્તમ! સંતિ કિત્તણં. ૪ માગહિયા.

કિરિઆવિહિ સંચિઅ કમ્મકિલેસ વિમુક્ખયરં,
અજિઅં નિચિઅં ચ ગુણેહિં મહામુણિ સિદ્ધિગયં;
અજિઅસ્સ ય સંતિમહામુણિણો વિ અ સંતિકરં,
સયયં મમ નિવ્વુઈ કારણયંચ નમંસણયં. ૫
આલિંગણયં.

પુરિસા! જઈ દુક્ખવારણં,
જઈ ય વિમગ્ગહ સુક્ખકારણં,
અજિઅં સંતિં ચ ભાવઓ,
અભયકરે સરણં પવજ્જહા. ૬. માગહિયા.

અરઇરઈ તિમિર વિરહિઅ મુવરય જરમરણં,
સુર અસુર ગરુલ ભુયગ વઇ પયય પણિવઇયં;
અજિઅમહમવિ અ સુનયનયનિઉણ મભયકરં,
સરણમુવસરિઅ ભુવિદિવિજમહિઅં સયય મુવણમે. ૭
સંગયયં.

તંચ જિણુત્તમ મુત્તમ નિત્તમ સત્તાધરં,
અજ્જવ મદ્દવ ખંતિ વિમુત્તિ સમાહિનિહિં;
સંતિકરં પણમામિ દમુત્તમ તિત્થયરં,
સંતિમુણી મમ સંતિ સમાહિવરં દિસઉ. ૮.
સોવાણયં.

સાવત્થિ પુવ્વ પત્થિવં ચ—
વરહત્થિ મત્થય પસત્થ વિચ્છિન્ન સંથિયં,
થિરસરિચ્છવચ્છં મયગયલીલાય માણ-
વરગંધહત્થિ પત્થાણ પત્થિયં સંથવારિહં.
હત્થહત્થ બાહુ ધંતકણગરૂ અગનિરુ વહયપિંજરં
પવર લક્ખણો વચિય સોમચારુરુવં.
સુઈ સુહમણાભિરામ પરમ રમણિજ્જ—
વરદેવ દુંદુહિ નિનાય મહુરયર સુહગિરં. ૯. વેઢ્ઢઓ.
અજિઅં જિઆરિગણં, જિઅસવ્વભયં ભવોહરિઉં;
પણમામિ અહં પયઓ પાવં પસમેઉ મે ભયવં. ૧૦
રાસાલુદ્ધઓ.

કુરૂજણ વય હત્થિણા ઉર, નરીસરો પઢમં તઓ મહાચક્કવટ્ટિભોએ મહપ્પભાવો, જો બાવત્તરિ પુરવર સહસ્સવરનગર નિગમ જણ વયવઈ, બત્તીસા રાયવર સહસ્સાણુયાય મગ્ગો, ચઉદસવરરયણનવમહાનિહિ ચઉસા૮ સહસ્સ પવર જુવઈણ સુંદરવઈ, ચુલસી હયગય રહસય સહસ્સ સામી, છન્નવઈ ગામ કોડિ સામી આસી જો ભારહંમિ ભયવં. ૧૧ વેડ્ઢઓ.

તં સંતિં સંતિ કરં, સંતિણ્ણં સવ્વભયા;
સંતિં થુણામિ જિણં, સંતિં વિહેઉમે. ૧૨ રાસાનંદિયં

ઇક્ખાગ વિદેહનરીસર ! નરવસહા ! મુણિવસહા !
નવસારય સસિસ કલાણણ –
વિગયતમા વિહુઅરયા;
અજિઅ ઉત્તમ તેઅ ગુણેહિં
મહામુણિ અમિઅ બલા વિઉલકુલા,
પણમામિ તે ભવભય મૂરણ
જગસરણા મમ સરણં. ૧૩. ચિત્તલેહા.

દેવદાણવિંદ ચંદ સૂરવંદ ! હટ્ઠતુટ્ઠજિટ્ઠ પરમ !
લટ્ઠરૂવ ! ધતરુપ્પપટ્ટસેય સુદ્ધ નિદ્ધ ધવલ !
દંતપંતિ ! સંત્તિ ! સત્તિ કિત્તિ મુત્તિ જુત્તિ ગુત્તિ પવર !

દિત્ત તેઅ! વંદ! ધેઅ! સવ્વલોઅ-
ભાવિઅપ્પભાવ! ણેઅ પઇસ મે સમાહિં. ૧૪
નારાયઓ.

વિમલસસિકલાઇરેઅ સોમં,
વિતિમિર સૂર કરાઇરેઅ તેઅં;
તિઅસવઇ ગણાઇ રેઅ રુવં,
ધરણિધર પ્પવરાઇ રેઅસારં. ૧૫ કુસુમલયા

સત્તો અ સયા અજિઅં, સારીરે અ બલે અજિઅં,
તવ સંજમે અ અજિઅં, એસ થુણામિ જિણં અજિઅં.
૧૬. ભુઅગપરિરિંગિઅં.

સોમગુણેહિં પાવઇ ન તં નવસરયસસી,
તેઅગુણેહિં પાવઇ ન તં નવસરયરવી;
રુવગુણેહિં પાવઇ ન તં તિઅસગણવઇ,
સારગુણેહિં પાવઇ ન તં ધરણિધરવઇ. ૧૭ ખિજ્જિઅયં.

તિત્થવરપવત્તાયં તમરયરાહયં,
ધીરજણ થુચચ્ચિઅં ચુઅકલિકલુસં;
સંતિસુહપવત્તાયં તિગરણ પયઓ,
સંતિમહં મહામુણિં સરણમુવણમે. ૧૮ લલિઅયં.

વિણઓણય સિર રઈ—
અંજલિ રિસિગણ સંથુઅં થિમિઅં,
વિબુહાહિવ ધણવઈ નરવઈ—
થુઅમહિઅચ્ચિઅં બહુસો;
અઇરુગ્ગય સરય દિવાયર —
સમહિઅ સપ્પભં તવસા,
ગયણંગણ વિયરણ સમુઈઅ—
ચારણ વંદિઅં સિરસા. ૧૯. કિસલયમાલા.

અસુરગરુલ પરિવંદિઅં, કિન્નરોરગનમંસિઅં;
દેવકોડિસય સંથુઅં, સમણ સંઘ પરિવંદિઅં. ૨૦ સુમુહં.

અભયં અણહં, અરયં અરુયં;
અજિયં અજિઅં, પયઓ પણમે. ૨૧.
વિજ્જુવિલસિયં.

આગયા વર વિમાણ દિવ્વ કણગ-
રહ તુરય પહકર સએહિં હુલિઅં,
સંસભમોઅરણ, ખુભિઅ લુલિય ચલકુંડલંગય—
તિરીડ સોહંત મઉલિમાલા. ૨૨. વેઢ્ઢઓ.

જં સુરસંઘા સાસુરસંઘા,
વેર વિઉત્તા ભત્તિસુજુત્તા,
આયર ભૂસિય સંભમપિંડિઅ-
સુટ્ઠુ સુવિમ્હિય સવ્વબલોઘા,

ઉત્તમ કંચણ રયણ પરૂવિય-
ભાસુર ભૂસણ ભાસુરિઅંગા,
ગાય સમોણય ભત્તિવસાગય-
પંજલિ પેસિય સીસ પણામા. ૨૩. રયણમાલા.

વંદિઊણ થોઊણ તો જિણં,
તિગુણમેવ ય પુણો પયાહિણં;
પણમિઊણુય જિણં સુરાસુરા,
પમુઈઆ સભવણાઈ તો ગયા. ૨૪. ખિત્તયં.

તં મહામુણિ મહંપિ પંજલી,
રાગ દોસ ભય મોહવજ્જિયં;
દેવ દાણવ નરિંદ વંદિઅં,
સંતિ મુત્તમ મહાતવં નમે. ૨૫. ખિત્તયં.

અંબરતર વિઆરણિઆહિં,
લલિઅ હંસવહુ ગામિણિઆહિં;
પીણ સોણિ થણ સાલિણિ આહિં,
સકલ કમલદલ લોઅણિઆહિં. ૨૬. દીવયં.

પીણ નિરંતર થણભર વિણમિઅ ગાયલઆહિં,
મણિ કંચણ પસિઢિલ મેહલ સોહિઅસોણિતડાહિં;
વરખિંખિણિનેઉરસતિલય વલય વિભૂસણિઆહિં,
રઇકર ચઉર મણોહર સુંદર દંસણિઆહિં. ૨૭
ચિત્તક્ખરા.

દેવસુંદરીહિં પાયવંદિઆહિં,
વંદિઆ ય જસ્સ તે સુવિક્કમાકમા,
અપ્પણો નિડાલ એહિં-
મંડણોડ્ડણપ્પગાર એહિં કેહિં કેહિં વિ;
અવંગ તિલય પત્તલેહ નામએહિં-
ચિલ્લએહિં સંગયં ગયાહિં,
ભત્તિ સન્નિવિટ્ઠ વંદણા ગયાહિં-
હુંતિ તે વંદિઆ પુણો પુણો. ૨૮. નારાયઓ.

તમહં જિણચંદં, અજિઅં જિઅમોહં
ધુયસવ્વ કિલેસં, પયઓ પણમામિ. ૨૯ નંદિઅયં.
થુઅ વંદિઅયસ્સા રિસિગણ દેવગણેહિં,
તો દેવ વહુહિં પયઓ પણમિઅસ્સા,
જસ્સ જગુત્તમ સાસણ અસ્સા,
ભત્તિ વસાગય પિંડિઅયાહિં દેવવરચ્છરસા બહુઆહિં,
સુરવરરઈ ગુણ પંડિયઆહિં. ૩૦. ભાસુરયં.

વંસસદ્દ તંતિતાલ મેલિએ તિઉક્ખરાભિ-
રામસદ્દમીસએ કએ અ, સુઇસમણાણે અ સુદ્ધ-
સજ્જગીયપાલ જાલઘંટિઆહિં, વલયમેહલા કલાવ-
નેઉરાભિરામ સદ્દમીસએ કએ અ, દેવનટ્ટિઆહિં
હાવભાવ વિબ્ભમપ્પગાર એહિં નચ્ચિઉણ-

અંગહારએહિં વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા, તયં તિલોય સવ્વ સંત સંતિકારયં પસંત સવ્વપાવ-દોસમેસ હં નમામિ સંતિમુત્તમં જિણં. ૩૧. નારાયઓ

છત્તાચામર પડાગ જૂવજવ મંડિઆ,
ઝયવરમગરતુરયસિરિવચ્છ સુલંછણા;
દીવસમુદ્દમંદર દિસાગયસોહિઆ,
સત્થિઅવસહ સીહ રહચક્ક વરંકિયા ૩૨. લલિઅયં

સહાવલટ્ઠા સમપ્પઈટ્ઠાઅદોસદુટ્ઠા ગુણેહિં જિટ્ઠા,
પસાય સિટ્ઠા તવેણ પુટ્ઠા,
વીંજાય મોગર પુષ્પસમ, ઉજ્જવલ મનોહર ચામરે,
હે નાથ ! રમ્ય સુવર્ણમય, તુજ અંગ અતિ કાન્તિકરે;
જિમ ઉદય થયેલા ચંદ્રસમ, નિર્મળ ઝરણ જળધારથી,
શોભે અતિ મેરૂ કનકમય, ઊંચ શિખર આકારથી. ૩૦

શશીસમ મનોહર જિન તમારું, છત્રત્રય અતિ શોભતું,
ઊંચે રહેલું સૂર્ય કિર્ણ, પ્રતાપને જે રોકતું;
મોતી સમૂહ રચના વડે, વિશેષ જે સોહામણું,
પ્રખ્યાત કરતું આપનું એ, ત્રણ જગત અધિપતિપણું. ૩૧

વિકસિત થયેલ સુવર્ણનાં, નવ કમળ સમૂહ પ્રભાવડે,
મનોહર ઉછળતા ચોતરફ નખ કિરણની પંકિત પડે;
હે જિન ! ચરણો આપના જ્યાં, ગમન સ્થાન પ્રતે ધરે,
તે સ્થાન માંહે દેવતાઓ, કમળની રચના કરે. ૩૨.

એ જે પ્રકારે જિનપતિ થઈ, સંપદાઓ આપને,
ધર્મોપદેશ વિધિ સમય નથી, એહ બીજા દેવને;
વિશેષ કરી અંધકારને જેમ, સૂર્યની કાન્તિ હણે,
વિકસિત થતાં ગ્રહ સમૂહ કયાંથી હોય એહ પ્રભાપણે. ૩૩

કલુષિત ઝરતા મદવડે, ગંડસ્થળો ચંચળ દીસે,
ઉન્મત્ત ભ્રમર ગુંજારવે, અતિ ક્રોધ છે જેના વિષે;
ઉદ્ધત ઐરાવત પ્રભાએ, હસ્તી સન્મુખ આવતા,
એ જોઈ આશ્રિતો તમારા, ત્રાસને નથી પામતા. ૩૪

ભેદેલ ગજ શિરથી સરેલા, શ્વેત ખરડયા રૂધિરે,
વેરાયેલા મોતી સમૂહ, ભૂમિભાગ સુશોભિત કરે;
એવા ઉછળતા બે પગે, સિંહ ફાળમાં આવ્યા છતાં,
તુજ પાદયુગ ગિરિરૂપ, આશ્રિતને નથી સંહારતા. ૩૫

મદોન્મત્ત નેત્રો લાલ કોયલ, કંઠસમ કાળો દીસે;
ઉદ્ધત સરપ ઊંચી ફણા કરી, આવતો સન્મુખ ધસે;
ભય રહિત ચાલ્યા જાય ચરણ; યુગલવડે અળગો કરે,
જેઓ તમારા નામરૂપ, નાગ દમની હૃદયે ધરે. ૩૭

યુદ્ધે ભયંકર ગર્જનાઓ, ગજ તુરંગ વડે થતી,
આવેલ રણસંગ્રામમાં નૃપ, સૈન્ય જોરાવર અતિ;
ઉદય થતા રવિ કિરણથી, અંધકાર અળગો થાય છે,
તત્કાળ તિમ તુજ કિર્તને, એ સૈન્યને ભેદાય છે. ૩૮

ભાલાગ્ર ભેદિત ગજ રૂધિર રૂપ, જળ પ્રવાહે ચાલતા,
તરવા ભયંકર યુદ્ધમાં સુભટો, તુરત આતુર થતા;
જિત્યા વિશેષે જેમણે શત્રુ, અજિત સુપક્ષથી,
તે પણ જિતાયે તુજ ચરણરૂપ, કમળવન આશ્રિતથી ૩૯

નક્ર જાતિ મત્સ્ય સમૂહ, ક્ષોભ પમાડતા ઉદધિ વિષે,
પાઠીન પીઠ જળ જંતુ જ્યાં, ઉત્કટ વડવાગ્નિ હિસે;
તે પર ઉછળતા જળ કલ્લોલ, શિખર રહેલા નાવમાં,
તુજ સ્મરણથી તજી ત્રાસ પુરુષો, જાય ઇચ્છિત દ્વિપમાં. ૪૦

ઉપન્યો ભયંકર રોગ જલ ઉદર, લચી ભારે જતા,
પામેલ શોકાતુર દશા, આશા જીવનની ત્યાગતા;
જેઓ તમારા ચરણરૂપ રજ; અમૃતે તન ચોળતા,
તે જન નિરોગી કામદેવ સમાન, રૂપવાળા થતા. ૪૧

પગથી ગળા પર્યંત બાંધ્યા, અંગ મોટી સાંકળે,
જાંઘો ઘસાયે એમ મોટી, બેડીની કુણુસો વડે;
જે જન તમારા નામ રૂપી મંત્ર, કાયમ સમરતા,
તત્કાળ તે સ્વયમેવ બંધન, ભયરહિત પ્રાણી થતા. ૪૨

મદોન્મત્ત હસ્તિ સિંહ દાવાનળ, સરપ સંગ્રામમાં,
જલોદર મહાસાગર અને, ઉપજેલ બંધન આદિમાં;
ભય રે નહિ ડરવા થકી, શીઘ્ર નાશ થાયે તેહનો,
મતિમાન ભણતા પાઠ જેઓ, આ તમારા સ્તવનનો. ૪૩

હે જિન ! તમારા ગુણથી આ, સ્તોત્ર રૂપમાળા ગુંથી,
ભક્તિથી રચી મેં રમ્ય વર્ણો, રૂપ પુષ્પ વિવિધથી;
'દુર્લભ' જનો નિજ કંઠ માંહે, નિત્ય એ ધારણ કરે;
તે માનતુંગ અજર અમરરૂપ, મોક્ષ લક્ષ્મીને વરે. ૪૪

## સ્મરણ આઠમું

### ▢ કલ્યાણમંદિર ▢

( હરિગીત છંદ )

કલ્યાણના મન્દિર અને, ઉદાર વાંચ્છિત પૂરવા,
કરે અભય ભય પામેલને, સમરથ દુરિત સહુ ચૂરવા;
સંસાર રૂપ સમુદ્રમાંહે, જહાજ બુડતા પ્રાણીના,
નિર્દોષ પ્રભુના ચરણ કમળ, વિષે કરી વંદના. ૧

સાગરસમાન મહાન મહિમા એ સ્તવનને જેહના,
વિશાલ મતિ પણ સુરગુરુ, કહેવા સમર્થ નથી બન્યા;
ધૂમકેતુ સમ તીર્થેશ દળવા, કમઠના અભિમાનને,
પ્રત્યક્ષ એવો હું કહીશ, નિશ્ચય તમારા સ્તવનને. ૨

સામાન્ય રીતે પણ કથન, કરવા તમારા સ્વરૂપને,
હે સ્વામી ! મુજ સરિખા જનો, કેવી રીતે સમરથ બને;
રહે દિવસે જે આંધળો, પણ ધૃષ્ટ બાળક ઘૂડનો,
નિશ્ચય કરી વર્ણન કરે શું, એહ સૂર્ય સ્વરૂપનો. ૩

હે નાથ ! તુજ ગુણ અનુભવે, જન મોહનીય કર્મો જતા,
નિશ્ચે ગુણો ગણવા તમારા, તે સમર્થ નથી થતા;
ફેંકેલ જળ કલ્પાંત કાળે, એહ રત્નાકર વિષે,
માપી શકે પણ કોણ રત્ન, સમૂહ ખુલ્લા ત્યાં દિસે. ૪

દેદીપ્યમાન અસંખ્ય ગુણના, સ્થાન એવા આપનો,
હે નાથ ! છઉં મતિમંદ હું, તત્પર સ્તવન કરવા બન્યો;
પહોળા કરી બે હાથને, શું બાળ પણ કેતું નથી,
સાયર તણા વિસ્તારને, નિજ બુદ્ધિના અનુસારથી. ૫

હે પ્રભુ ! ગુણો થાતા નથી, તસ વચન ગોચર સંતને,
તો શક્તિ મુજ કેમ હોય ? તે વિષે કહેવા તેમને;
માટે થયું એ કામ અણવિચાર્યું એહ પ્રકારથી,
અથવા સ્વભાષા નિશ્ચયે પણ, પક્ષી શું વદતા નથી ! ૬

રહો દૂર સ્તવન અચિંત્ય, મહિમા એ જિનેશ્વર આપનું
તુજ નામ પણ રક્ષણ કરે, ભવભ્રમણથી ત્રણ જગતનું;
જિન પંથીજન પીડાયલા હોય, ગ્રીષ્મને તડકે ખરે,
જળકણ સહિત તસ પદ્મ, સરનો પવન પણ ખુશી કરે. ૭

હે સ્વામી ! હૃદય કમળ તમો, વર્તે છતે પ્રાણી તણાં,
દૃઢકર્મ બંધન પણ થતાં, ક્ષણવારમાં શિથીલ ઘણાં;
જિમ આવતા મધ્યભાગમાં, વનમોર ચંદન વૃક્ષના,
તત્કાળ બંધન સર્પમય પણ, છૂટી જાય તેહના. ૮

દર્શન તમારું દેખતાં પણ, હે જિનેન્દ્ર ! મનુષ્યના,
ભયંકર ઉપદ્રવ સેંકડો, મૂકાય નિશ્ચય તેહના;
ગોવાળ કિંવા ભૂપતિ, તેજસ્વી રવિને પેખતા,
નાશી જતા ચોરોવડે, જેમ શીઘ્ર પશુ છૂટી જતા. ૯

તારક તમે ભવ્યાત્મના, હે જિનપતિ! એ કેમ ઠરે,
તુજ હૃદય કરતા વહન એ, સંસાર સાગર ઉતરે;
એ છે બરાબર ચામડાની, મસક જળ ઉપર તરે,
અંદર રહેલા પવનનો જ, પ્રભાવ એ નિશ્ચય ઠરે. ૧૦

હરિહર વગેરેના પ્રભાવ, થયેલ નાશ અનંગમાં,
તે કામદેવ કરેલ આપે, હત પ્રહત ક્ષણવારમાં;
બુઝાઈ જાયે અગ્નિયો જે, પાણીના સાધન મળે,
પીધું નથી શું ? પાણી, તે પણ દુઃસહ વડવાનળે. ૧૧

હે સ્વામી! અતિશય પ્રૌઢતા, વાળા મળેલા આપને,
આશ્ચર્ય ! પ્રાણી કેવી રીતે, હૃદયમાં ધારી અને;
ભવસિન્ધુ હલકા વજન માફક, શીઘ્ર ઉતરી જાય છે,
મહાન પુરુષ પ્રભાવ એ, નિશ્ચય અચિંત્ય ગણાય છે. ૧૨

હે પ્રભુ ! શરૂઆતે જ કીધો, નાશ આપે ક્રોધનો,
આશ્ચર્ય ! તે પછી કેમ બાળ્યા, કર્મરૂપી ચોરને;
અથવા નથી આ લોકમાં શું ? શીતળ પણ દૃષ્ટિ થતું,
હિમ સમૂહ વનખંડી કેરા, વૃક્ષ લીલા બાળતું. ૧૩

હે જિન ! સિદ્ધ સ્વરૂપી એવા, આપને સંતો સદા,
નિજ હૃદયરૂપ કમળતણા, ડોડા વચ્ચે નિહાળતા;
પવિત્ર નિર્મળ કાન્તિવાળા, કમળના બીજને મળે,
મધ્યસ્થાન કર્ણિકા થકી, નહિ સંભવે બીજે સ્થળે. ૧૪

હે જિનપતિ ! ક્ષણુવારમાં ભવિજન તમારા ધ્યાનથી,
પામે દશા પરમાત્મની, છૂટી જતા આ દેહથી;
જિન માટી પત્થર મિશ્ર ધાતુ, પ્રબલ અગ્નિ તવાય છે,
તજી લોકમાં પાષાણુભાવ, સુવર્ણમય તે થાય છે. ૧૫

હે જિન ! તમારું ચિંતવન, નિત્ય થાય અતિ જસ હૃદયથી
તો પણ શરીરનો નાશ કેમ, કરો તમે ભવ્યાત્મથી;
મધ્યસ્થ પુરુષ સ્વરૂપ છે, એવું હવે નિશ્ચય ખરે,
જે નિમિત્તે જન મહા પ્રભાવિક, કલેશને ઉપશમ કરે. ૧૬

હે જિન ! વિબુધ જનો વડે, તુજ ભેદ રહિત મતિ ધરી,
આત્મા પ્રભાવે આપ સરિખો, થાય એ ધ્યાને કરી;
ચિંતવન કરતું એ રીતે પણ પાણી અમૃતમય બને,
શું મંત્રયોગે નહિ કરે એ, દૂર વિષ વિકારને. ૧૭

હે પ્રભુ ! તમો ગુણુરહિત, તમને અન્ય દર્શનીઓ ચહે,
નિશ્ચયપણે એ હરિહરાદિક, બુદ્ધિએ આશ્રય ગ્રહે;
કમળા તણાં રોગી જનો, પ્રભુ ! શ્વેત એવા શંખને,
નથી ગ્રહણ કરી શું ધારતા, વિવિધ તેના રંગને ? ૧૮

ધર્મોપદેશ સમય પ્રભાવ, સમીપ આપ તણો થતાં,
રહો માનવી તો દૂર વૃક્ષો, પણ અશોક થઈ જતાં;
જિમ સૂર્ય ઉદય થયે છતે, નથી માત્ર માનવી જાગતા,
આખું જગત વૃક્ષો સહિત, દેખાય વિકસ્વર થતાં. ૧૯

હે પ્રભુ! સઘન ચોમેર થાતી, પુષ્પવૃષ્ટિ સુરવડે,
આશ્ચર્ય! બીંટ મુખ હોય નીચું, કેમ એ તેમ જ પડે;
હે મુનીશ! અગર એ નિમિત્તે સાક્ષાત્ આપ સમીપ છતાં,
નીચે જ નિશ્ચય બંધનો સુર પુષ્પ, ભાવિજનના જતાં. ૨૦

જે આપના ગંભીર હૃદય રૂપ, જલધિથી ઉત્પન્ન થતી,
અમૃતમય કહેવાય એ, વાણી તમારી છાજતી;
જે નિમિત્તે એ વાણીનું, કરી પાન પરમાનંદને,
ભજતા થકા પામે ભવિજન, શીઘ્ર અક્ષય સ્થાનને. ૨૧

હે સ્વામી! અતિ નીચા નમી, સુપ્રકાર ઊંચે ઉછળતા,
ચામર સમૂહ પવિત્ર વિબુધ, વીંજેલ માનુ દાખતા;
હે શ્રેષ્ઠ સંતોને વિષે, નમસ્કાર તમને જે કરે,
શુદ્ધ ભાવવાળા જે જનો, નિશ્ચય ગતિ ઊંચી વરે. ૨૨

સુવર્ણમય નિર્મળ બનેલા, રત્નના સિંહાસને,
બિરાજતા નિલવર્ણ, ગંભીર વાણીવાળા આપને;
આતુર થયેલા ભવ્ય પ્રાણી, રૂપ મયૂર નિહાળતા,
નવીન મેઘ સમાન અતિશય, મેરૂ શિખરે ગાજતા. ૨૩

નીલકાન્ત ભામંડળ વડે, ઊંચે પ્રસરતા આપની,
નિસ્તેજ થાય અશોક તરુ, કાન્તિ છવાતા પાનની,
હે વીતરાગ! અગર તમારા પણ સમીપે કુણ રહી,
ચેતન સહિત એવા જનો, વૈરાગ્યને પામે નહીં? ૨૪

હે હે જનો! આળસ તજી, આવો તમે આંહી અને,
ભજો શિવપુર પ્રત્યે જતા, જિન પાર્શ્વ સારથવાહને;
સુરદુંદુભિનો શબ્દ એ તું જ, ગગનમાં વ્યાપી રહે,
હે દેવ! ત્રણ જગતને, હું માનું છું એવું કહે. ૨૫

હે નાથ! ત્રણ ભુવન પ્રકાશિત, આપથી પામ્યા છતાં,
તારા સહિત શશીની થતા, અધિકારમાં અતિ હીણતા;
મોતી સમૂહે ઉલ્લસિત, ત્રણ છત્રના મિષે કરી,
આવેલ નિશ્ચય પાસ, ત્રણ પ્રકારના તનને ધરી. ૨૬

પોતા તણાં જ પ્રતાપ કાન્તિ, યશ સમૂહ ત્રણ જગતમાં,
પૂર્યા પ્રકર્ષે જેમણે થઈ તેથી તસ એકત્રતા;
એવી રીતે માણિક્ય, હેમ, રજત વડે નિર્મિત થતા,
ત્રણ ગઢવડે ચારે તરફ, ભગવંત અતિશય શોભતા. ૨૭

હે જિન! સુરેન્દ્રો નમન કરનારા, તમોને તેમની,
રત્ને રચેલા તાજ પણ તજી, દિવ્યમાળા પુષ્પની;
આશ્રય કરે ચરણો તમારા, અગર એ બીજે સ્થળે,
રમતા નથી નિશ્ચય વિબુધો, આપના સંગમ મળ્યે. ૨૮

હે નાથ! ભવસાયર થકી, ન્યારા વિશેષ તમે છતાં,
છે યુક્ત-નિજ પીઠે વળગતા, પ્રાણીઓને તારતા;
વિશ્વેશ! તારે માટીના ઘટ, કર્મપાક સહિતથી,
આશ્ચર્ય! આપ જ નિમિત્ત હે વિભુ! રહિત કર્મ વિપાકથી. ૨૯

વિશ્વેશ હે જનપાલક ! પણ આપ દુર્ગત દીસતા,
હે ઈશ ! સ્વભાવે અચળ પણ, તું જ કર્મ લેપ રહિતતા;
કીધે છતે મુરખ જનોને, બોધ કેવી રીતે અરે,
ત્રિલોક બોધક નિત્ય નિશ્ચય, જ્ઞાન આપ વિષે સ્ફુરે. ૩૦

થયું ગગનમંડળ વ્યાપ્ત, એવી ધૂળની વૃષ્ટિ કરી,
શઠ કમઠ દૈત્યે આપના, ઉપર અતિ રોષે ભરી;
હે નાથ ! કાન્તિ પણ તમારી, નથી હણાણી તેહથી,
પરંતુ હતાશ થયો દુરાત્મા, વ્યાપ્ત નિશ્ચય એહથી. ૩૧

ભયંકર વિશેષ પ્રબળ, મેઘ સમૂહ ગાજે જે વિષે,
વીજળી ગગન પડતી અને, ધારા મુસળ ભયભીત દિસે;
હે જિન ! વરસાવેલ જળ એ, જે નિમિત્ત કમઠા સુરે,
થયું દુઃખરૂપ તેને જ તરવા બૂરી અસિ જિમ સંહરે. ૩૨

વિરૂપ છૂટા કેશો વડે, ઝુમણા મનુષ્યના શિરના,
ધરનાર, ભડકા મુખથી, નીકળે ભયંકર અગ્નિના;
પ્રેરેલ દૈત્ય સમૂહ એવો, આપને કમઠાસુરે,
દુઃખ નિમિત્ત એ સંસારના ભવભવ વિષે તેને ઠરે. ૩૩

હે ત્રણ ભુવનના સ્વામી ! જેઓ અન્ય કાર્ય બધા તજે,
વિધિવત્ પૂજે ત્રિકાલ, ચરણ, યુગલ તમારું અને ભજે;
રોમાંચ વ્યાપ્ત શરીર થાતું, ભક્તિના ઉલ્લાસમાં,
ધન્ય ધન્ય એ ભવિ પ્રાણીઓને, હે પ્રભુ ! આ જગતમાં. ૩૪

હે મુનીશ ! એહ અપાર ભવસાયર, વિષે તવ નામથી,
હું માનું છું કે શ્રવણ ગોચર, પ્રાપ્ત મુજ થયા નથી;
પવિત્ર મંત્રરૂપી તમારું, નામ પણ સુણતાં છતાં,
આવે અગર શું આપદારૂપી સર્પિણી સન્મુખ થતાં. ૩૫

હે દેવ ! વાંચ્છિત પૂરવામાં, ચતુર ચરણો આપના,
જન્માંતરે પણ મેં કરી નહિ, માનું છું તસ પૂજના;
હે મુનીશ ! મથન કરેલ આશય, ચિત્તનો એવો રહ્યા,
તેથી જ હું આ જન્મમાં, સ્થાનક પરાભવનું થયો. ૩૬

મોહાંધકાર વડે છવાયલ, નેત્ર એવા તેહથી,
એકવાર નિશ્ચય હે પ્રભુ ! મેં આપને જોયા નથી;
નહિતર વિશેષ ઉદય થાતા, કર્મબંધ પ્રવૃત્તિએ,
મુજ મર્મસ્થળ ભેદક દુઃખો, પીડા કરે છે કેમ એ ? ૩૭

સાંભળ્યા પૂજ્યા અને, નિરખ્યા હશે પણ આપને,
ભક્તિવડે ધારણ થયા નથી,નિશ્ચયે મમ ચિત્તને;
તે નિમિત્ત હે જનબંધુ ! હું આ દુઃખનું ભાજન થયો,
વિશિષ્ટ ફળનો યોગ, ભાવરહિત ક્રિયામાં નથી રહ્યો. ૩૮

હે નાથ ! દુઃખી જનપર દયાળુ, હે શરણ લાયક તમે,
હે શ્રેષ્ટ સ્થળ કરુણા તણાં, હે શ્રેષ્ઠ મુનિ સમુદાયમે;
પ્રણમેલ ભક્તિથી મુજ ઉપર, હે ઈશ મહાન્ ! કૃપા કરો,
તત્પરપણું દુઃખોત્પત્તિનાં, નિમિત્ત દળવામાં ધરો. ૩૯

અસંખ્ય બળનું ગૃહ શરણુને, શરણુ કરવા યોગ્ય જે,
અરિનાથ કીર્તિ પ્રસિદ્ધ! એવા આપના પદપંકજે;
શરણે છતાં હે ભુવનપાવન! ધ્યાન રહિતપણે રહું,
તો હું જ હણવા યોગ્ય, દુર્દૈવે હણાયેલો જ છું. ૪૦

હે જિન સુરેન્દ્રો વંદનિક! સહુ વસ્તુસાર પિછાનતા,
ભવસિન્ધુ તારણહાર હે પ્રભુ! નાથ હે ત્રણ જગતના!
ભયભીત સંકટ સાયરે, હમણાં સીદાતા મુજને,
રક્ષણ કરો હે દેવ! કરુણા દ્રહ પવિત્ર કરો અને. ૪૧

હે નાથ! ચરણ કમળ તમારા, ભક્તિ પૂર્વક સેવતા,
પરંપરાના સંચયે ફળ હોય કિંચિત આપતા;
હે શરણ કરવા યોગ્ય! એક જ, શરણ છે મુજ આપનું,
તો માગું આ લોકે ભવોભવ, આપનું સ્વામીપણું ૪૨

હે જિન! વિધિવત્ એ પ્રકારે, સ્થિર મતિ છે જેમને,
અતિ હર્ષ રોમાંચથી, કંચુકિત કરે તન ભાગને,
તુજ બિંબ નિર્મળ મુખ કમળમાં, જોડી દીધું લક્ષને,
હે પ્રભુ! રચે એ રીતે ભણ્યો, જે તમારા સ્તોત્રને. ૪૩

હે જિન! નયનાનંદ જનનાં કુમુદચંદ્ર વિકસ્વરા,
દેદીપ્યમાન વિશેષ ભોગવી, સ્વર્ગના સુખ તે નરા;
કર્મમેલ સમૂહ વિશેષ, ગળી ગયો છે જેમને,
તત્કાળ 'દુર્લભ' તે કરે છે, પ્રાપ્ત ભવિજન મોક્ષને. ૪૪

# સ્મરણ નવમું

## □ બૃહત્‌શાંતિ □

(હરિગીત ૭૬)

હે ભવ્યલોકો ! સાંભળો અવસર ઉચિત સહુ વચન આ,
ત્રિભુવન ગુરુ યાત્રા વિષે જે, રક્ત અર્હદ્‌ ભક્તિમાં;
હે શ્રાવકો ! તેઓ તમોને, શાંતિ થાઓ એહવી,
કહું અરિહંતાદિ પંચ પરમેષ્ઠી, પ્રભાવે તેહવી. ૧

આરોગ્યતા લક્ષ્મી તથા, સંતોષ ધરનારી અને,
વિશિષ્ટ બુદ્ધિને વળી કરનારી, એ તમને બને;
ઉપજેલ અજ્ઞાને કષાયો, રાગદ્વેષાદિકને,
વિનાશ કરવામાં નિમિત્ત ભૂત, પણ તમોને એ બને. ૨

હે ભવ્યલોકો ! જે નિમિત્ત અહીં ભરત, ઐરાવત અને,
ઉત્પન્ન થયેલા ક્ષેત્રમાંહે, તેમ મહાવિદેહને;
સમર્થ એ તીર્થંકરોના, જન્મ સમયે જેહના,
આસન ચલિત થયા પછી એ, અવધિજ્ઞાને જાણતા. ૩

સોહમપતિ બજવે પછી, ઘંટા સુઘોષા નામની,
રૂડે પ્રકારે સુર અસુર, ઈન્દ્રો મળેલ તમામની;
જિન જન્મસ્થાને સાથમાં, આવી અને કરસંપુટે,
એ પરમ વિનય સહિત, અર્હંદ્ રૂપ ભટ્ટારક ગ્રહે. ૪

મેરુ શિખરે જઇ કર્યો પછી, જન્મ મહોત્સવ જેમણે,
મોટે સ્વરે કરી શાંતિને એ, સ્નાત્રના અંતે ભણે;
તેથી કરેલું અનુકરણ, જિમ થાય તેવું હું કરી,
જે પંથ મહાન્ જનો ગયા, એહિ જ પંથ અનુસરી. ૫

એ નિમિત્તે ભવ્ય પ્રાણીઓની, સાથ આવી સ્નાત્રની,
પીઠિકા પર સ્નાત્ર કરી, ઉદ્‌ઘોષણા કરું શાંતિની;
પૂજા યાત્રા સ્નાત્ર મહોત્સવ, આદિ કાર્ય પછી ક્રમે,
તે કાન દઈને સાંભળો, સાંભળો સ્વાહા તમે. ૬

ૐ ઉત્તમ દિવસ ઉત્તમ દિવસ છે, ધન્ય દિવસ આજનો,
સંતુષ્ઠ થાવ સંતુષ્ઠ થાવ, ભગવાન જે તીર્થંકરો;
સહુ જાણ, સહુ જોનાર, ત્રિભુવનનાથ ને ત્રિલોકમાં;
પૂજાયલાને પૂજ્ય ઈશ્વર, ત્રણ જગત અજવાળતા. ૭

ૐ ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભુ,
સુપાર્શ્વ, ચંદ્ર, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય વિભુ;
વિમલ, અનંત ને ધર્મ, શાંતિ, કુંથુ અર, મલ્લિનાથને,
મુનિસુવ્રત, નમિ, નેમિ પાર્શ્વને, વર્ધમાન, જિનેન્દ્ર એ. ૮

ઉપશાંતિને પામેલ એ પર્યંત, ચોવીશ જિનવરા,
થાઓ કષાયોદય વિષે, ઉપશમ રૂપી શાંતિકરા (સ્વાહા);
ૐ મુનિઓમાં શ્રેષ્ઠ મુનિ, મહા અટવી, વિષમ પંથમાં,
દુષ્કાળ, શત્રુ પરાભવે, રક્ષણ કરો તમને સદા (સ્વાહા). ૯

ૐ હ્રૂાં શ્રીં પૂર્વક મતિ, સંતોષ, યશ, શોભા, મતિ,
વર્તમાનકાળે ઉપજતી, મતિ, સંપત્તિ ગ્રહવા થતી;
નિવાસ સ્થળ ને જ્ઞાન સાધન, નગર આદિ પરવર્યા,
સુપ્રકાર નામે ગ્રહેલ તે, જયવંત વર્ત્તો જિનવરા. ૧૦

ૐ રોહિણી પ્રજ્ઞપ્તિ ને, શ્રી વજ્રશૃંખલા દેવીઓ,
વજ્રાંકુશી અપ્રતિચક્રા, પરુષદત્તા જેવીઓ;
કાલી મહાકાલી ગૌરી, ગાંધારી મહાજ્વાલા પછી,
માનવી વૈરોટયા અચ્છુપ્તા, માનસી મહામાનસી. ૧૧

એ સોળ વિદ્યાદેવીઓ, રક્ષણ કરો તમને સદા, (સ્વાહા)
ૐ આચાર્ય, ઉપાધ્યાય, ચારે એ પ્રકારે પરષદા;
જેને વિષે છે એહવા, શ્રી વીર પ્રભુના સંઘને,
શાંતિ અને સંતોષ, ધર્મની પુષ્ટિ થાઓ તેહને. ૧૨

ૐ નવ ગ્રહો, ચંદ્ર, સૂર્ય, મંગળ, બુદ્ધ તેમ બૃહસ્પતિ,
શુક્ર, શનૈશ્ચર, રાહુ, કેતુ, મળ્યા પરસ્પર એ વતી;
તથા સોમ, યમ, વરુણ અને, કુબેર એ ચારે મળી,
જે લોકપાળો એ સહિત છે, એહવા તેઓ વળી. ૧૩

ઈંદ્ર સૂર્ય કાર્તિકેય ને, ગણેશ સહિત વળી બીજા,
પણ ગ્રામ નગર ક્ષેત્રના જે, અધિષ્ઠાયક દેવતા;
પ્રસન્ન થાઓ પ્રસન્ન થાઓ, સર્વ પરિકર તેહવો,
ધન ધાન્યનો અક્ષય ખજાના, થાવ એવા નૃપતિઓ (સવાહા) ૧૪

ૐ પુત્ર, હિતકારી, સહોદર, મિત્ર, સ્ત્રી, જ્ઞાતિજનો,
અતિહર્ષ સર્વ સગા, સગોત્રિય નિત્ય કરનારા બનો;
આ લોકમાં પૃથ્વી ઉપર, વસનાર જે નિજ સ્થાનમાં,
સાધુ સાધ્વીઓ અને વળી, શ્રાવકો ને શ્રાવિકા. ૧૫

તસ રોગ વ્યાધિ દુઃખ ઉપદ્રવ. દુષ્કાળ કે ચિત્તવ્યગ્રતા,
ઉપશમ થતાં શાંતિ થજો, જગનાથનું સ્મરણ થતાં;
સંતોષ ચિત્તનો દેહ પુષ્ટિ, વંશ લક્ષ્મી વાધજો,
કલ્યાણના ઉત્સવ સદા, ૐકાર દૃષ્ટિથી થજો. ૧૬

થાઓ નિરંતર શાંત જે, આવેલા પાપો ઉદયમાં,
ને શાંત થાઓ અશુભ કર્મ, ફળો ઉદયમાં આવતા;
શત્રુ તમારા સર્વ થાજો, અફળ મુખ અવળા બની,
ફળ સાધ્ય હોજો સહજમાં, વદતા મુખે 'સ્વાહા' ધ્વનિ. ૧૭

પય કમળ જસ પૂજાયલા, ઇન્દ્રો તણાં મુકુટો વડે,
નમું શાંતિનાથ સદાય જે, ત્રણ ભુવનમાં શાંતિ કરે;
છો શાંતિકર શાંતિ-પ્રભુજી, શ્રીમાન મુજ શાંતિ કરે,
જે ઘર વિષે પૂજાય શાંતિ, શાંતિ કાયમ ત્યાં ઠરે. ૧૮

દુષ્ટ ગ્રહ, ગતિ દુષ્ટોપદ્રવ, અશુભ શુકન, કુસ્વપ્નને,
કર્યાં દૂર જેણે સહજમાં શુભ લક્ષ્મીના સંપાદને;
એ શુભ શાંતિનાથ નામ, ઉચ્ચાર જય વરતાવતો,
ને શાંતિનું સામ્રાજ્ય સ્થાપી, સંપદા સુખ આપતો. ૧૯

શ્રી સંઘ જગત ને દેશ અધિપતી, રાજ્યના નિવાસના,
ધાર્મિક સભાના સભ્ય તેમજ, મહદ્ પુરુષો નગરના;
લઈ નામ શાંતિ સ્થાપવા, ઉદ્‌ઘોષણા કરતા થકા,
શાંતિ શાંતિ શાંતિ વ્યાપો, શાંતિપદ કરો. ૨૦

શ્રી શ્રમણસંઘને શાંતિ થાઓ, શાંતિ દેશોમાં થજો,
ને શાંતિ રાજારૂપ અધિપતિઓ, વિષે પણ સ્થાપજો,
શાંતિ થાઓ ભૂપતિઓના, શ્રેષ્ઠ સ્થળ વસવાતણાં,
શાંતિ થાઓ ધર્મ સભાના, સભ્ય મનુજો સર્વમાં. ૨૧

શાંતિ થાઓ નગરના મ્હોટા જનો-મહાપુરુષમાં,
ને શાંતિ થાઓ શાંતિ થાઓ, નગરના સહુ લોકમાં;
શાંતિ થાઓ શાંતિ થાઓ સમસ્ત એ જીવલોકમાં,
ૐ સ્વાહા, ૐ સ્વાહા, ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા. ૨૨

આ શાંતિ પાઠ પ્રતિષ્ઠા, યાત્રા, સ્નાત્રાદિ અંતે ભણે,
વિશિષ્ઠ કોઈ ગુણવાન શ્રાવક, શાંતિ કળશ ગ્રહિ અને;
કેસર, બરાસ, સુખડ, અગુરુને, ધૂપ સુગંધી દિસે,
કુસુમાંજલિ સુદ્ધાંત એવો, સ્નાત્ર મંડપને વિષે. ૨૩

શ્રી સંઘ સહિત પવિત્ર નિર્મળ, અંગ છે એવું છતો,
પુષ્પ વસ્ત્ર ચંદનને વળી, આભૂષણે અતિ શોભતો;
ધરી પુષ્પમાળા કંઠમાંને, શાંતિ પાઠ તણી કરે,
ઉદ્ઘોષણા પછી મસ્તકે, જળ શાંતિ કળશ તણું ધરે. ૨૪

મંગળિક ગીતો ગાય, વૃષ્ટિ રત્ન, મોતી, પુષ્પની,
કરતા અને નામાવળી, જિનેન્દ્રના વંશો તણી;
સ્તોત્ર મંત્રો ઉચ્ચરે, જિનસ્નાત્ર મહોત્સવ આખરે,
નૃત્ય પૂજા કલ્યાણના, ભજનાર ભવ્યજનો કરે. ૨૫

કલ્યાણ થાઓ સર્વ જગતનું પ્રાણીના સમુદાય એ,
તત્પર બનો સહુ પારકાનું, હિત કરવામાં અને;
દોષો વિશેષે નાશ પામો, દુર્ગતિ દુઃખ વ્યાધિના,
સહુ કાર્યમાં થાઓ સુખી, સર્વે સ્થળે જીવલોક આ. ૨૬

હું નેમિનાથ પ્રભુની માતા, શિવાદેવી નામની,
સાન્નિધ્યને કરનાર, વસનારી તમારા નગરની;
તેથી મારું ને તમારું, કલ્યાણ પણ થાઓ અને,
કલ્યાણ થાઓ સર્વ સ્થાને, વિઘ્ન પામો નાશને. ૨૭

છેદાય વેલો વિઘ્નની, ઉપસર્ગ પણ ક્ષય પામતા,
'દુર્લભ' પ્રસન્ન દિલ પામતું, જિનેશ્વરોને પૂજતાં;
મંગળિક સહુ મંગળ વિષે, કારણ સકળ કલ્યાણનું,
જયવંત વર્તે ધર્મમાં સહુ, શ્રેષ્ઠ શાસન જૈનનું. ૨૮

## નવકાર ૧ ભાવાનુવાદ

જેઓ અંતર શત્રુના હરનાર છે તેવા અરિહંત ભગવાનને નમસ્કાર હો.

જેઓ અક્ષય, અવ્યાબાધ અને શાશ્વત સુખના ધરનારા છે તેવા સિદ્ધાને નમસ્કાર હો.

જેઓ પંચાચારને પાળવા અને પળાવવાવાળા છે તેવા આચાર્યોને નમસ્કાર હો.

જેઓ સિદ્ધાંતનું પઠન કરે છે અને ભવ્ય જીવોને પઠન કરાવી જ્ઞાનવંત બનાવે છે તેવા ઉપાધ્યાયોને નમસ્કાર હો. ૧.

જેઓ પંચ મહાવ્રતોના પાળવાવાળા છે તેવા લોકમાં રહેલાં સર્વ સાધુઓને નમસ્કાર હો.

એ પાંચેને કરેલો નમસ્કાર સર્વ પાપનો સર્વથા નાશ કરનાર છે.

સર્વ મંગળોમાં ઉત્કૃષ્ટ અને પ્રથમ મંગલ પણ એ જ છે.

અર્થાત્ દુસ્તર ભવસાગરનો તારણહાર, સર્વમંત્રોમાં શિરોમણિ અને મનને મોહ પમાડનાર આ નમસ્કાર મહામંત્ર છે.

## ઉવસગ્ગહરં ર ભાવાનુવાદ

ઉપસર્ગનો હરનાર પાર્શ્વ નામનો જેમનો યક્ષ છે, જે કર્મના સમૂહથી મુક્ત છે, જે અતિશય વડે સર્પના ઝેરનો નાશ કરે છે અને જે મંગળ-કલ્યાણના ઘર છે તેવા શ્રી પાર્શ્વનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું. ૧

જે મનુષ્ય ( શ્રી પાર્શ્વનાથ નામ ગર્ભિત ) વિષધર સ્ફુલિંગ નામના મંત્રને કંઠને વિષે નિરંતર ધારણ કરે છે ( મંત્રનું રટણ કરે છે ), તેના ગ્રહ, રોગ, મહામારી (મરકી) અને દુષ્ટ તાવ વ્યથા નિવારવાપૂર્વક શાંત પામે છે. ૨

એ મંત્રનું સ્મરણ તો દૂર રહો, પરંતુ તમોને કરેલા નમસ્કાર પણ ઘણું ફળ આપનાર થાય છે. એટલે કે મનુષ્ય અને તિર્યંચને વિષે રહેલા જીવોના પણ દુઃખ અને દરિદ્ર તમારા નામ સ્મરણ માત્રથી ટકી શકતાં નથી. ૩

ચિંતામણી રત્ન અને કલ્પવૃક્ષથી અધિક મહિમાવાળું એવું તમારું સમ્યગ્દર્શન પામવાથી જીવો નિર્વિઘ્નપણે અજરામર સ્થાનને ( સુખશાંતિ રૂપ ) પ્રાપ્ત કરે છે. ૪

હે કીર્તિના સાગર પ્રભુ ! ભક્તિના સમૂહથી પૂર્ણ ભરેલા અંતઃકરણ વડે મેં આ સ્તવના કરી, તે કારણથી હે દેવ ! હે શ્રી પાર્શ્વજિનચંદ્ર ! મને જન્મોજન્મ બોધિબીજ ( સમ્યગ્દર્શન ) આપો. ૫

# સંતિકરં ઉ ભાવાનુવાદ

શાંતિના કરનાર, જગત્‌ને શરણભૂત, જય અને લક્ષ્મીના આપનાર, ભક્તજનોનું પાલન કરનાર, અને નિર્વાણદેવી તથા ગરુડ યક્ષે જેમની સેવા કરી છે એવા શ્રી શાંતિનાથ જિનનું હું સ્મરણ કરું છું. ૧

જેમના મળમૂત્રાદિ પણ ઔષધની ગરજ સારે છે એવી વિપ્રુડૌષધિ લબ્ધિને પામેલા, 'ૐ સ્વાહા' મંત્ર વડે સર્વ

ઉપદ્રવ અને પાપને હરનાર પૂજ્ય શ્રી શાંતિનાથ સ્વામીને ચરણે ૐકાર પૂર્વક નમસ્કાર હો. ૨

શ્લેષ્મૌષધિ આદિ લબ્ધિથી શોભતા શ્રી શાંતિનાથને નમસ્કાર હો. વળી સર્વૌષધિ લબ્ધિને પામેલા શ્રી શાંતિ-નાથને ૐકાર યુક્ત અને સોં હ્રીં સહિત નમસ્કાર હો કે જે નમસ્કાર ( દ્રવ્ય અને ભાવરૂપ ) લક્ષ્મી આપે છે. ૩

ત્રણ ભુવનની સ્વામીની શ્રુતદેવી, લક્ષ્મીદેવી અને યક્ષ-રાજ ગણિ પિટક તથા ગ્રહ, દિક્પાળ અને દેવેન્દ્રો વગેરે જિનેશ્વરના ભક્તોનું સદાય રક્ષણ કરો. ૪

રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાળી, મહાકાળી, આદિ દેવીઓને હંમેશાં પ્રેમથી ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. ૫

ગૌરી, ગાંધારી, મહાજ્વાલા, માનવી, વૈરોટયા, અચ્છુપ્તા, માનસિકા, અને મહામાનસિકા—એ સોળ વિદ્યાદેવીઓ હમેશાં જિનભક્તોનું રક્ષણ કરો. ૬

ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, યક્ષેશ, તંબુરુ, કુસુમ, માતંગ, વિજય, અજિત, બ્રહ્મ, મનુજ, સુરકુમાર તથા ષણ્મુખ, પાતાળ, કિન્નર, ગરુડ, ગંધર્વ તેમજ યક્ષેન્દ્ર, કુબેર, વરુણ, ભ્રકુટી, ગોમેધ, પાર્શ્વ અને માતંગ—એ ચોવીશ તીર્થંકરના યક્ષ છે. તે સૌ જિનભક્તોનું સદાય રક્ષણ કરો. ૭–૮

ચક્રેશ્વરી, અજીતા, દુરિતારી, કાળી, મહાકાળી અચ્યુતા

શાંતા, જ્વાલા, સુતારક, અશોકા શ્રી વત્સા, તથા ચંડા, વિજયા, અંકુશા, પન્નગા, નિર્વાણી, અચ્યુતા, ધારિણી, વૈરોટયા, અચ્છુપ્તા, ગાંધારી, અંબા, પદ્માવતી, અને સિદ્ધા—એ ચોવીશ શાસનદેવીઓનું સ્મરણ જિનભક્તોનું સદા રક્ષણ કરો. ૯–૧૦

એ પ્રમાણે તીર્થ (ચતુર્વિધ સંઘ) ની રક્ષામાં તત્પર પૂર્વોક્ત યક્ષ, યક્ષિણીઓ અને બીજા પણ વ્યંતર અને યોગિની (ઘંટાકરણાદિ બાવન વીર અથવા મણિભદ્રાદિ ક્ષેત્રપાળ અને ભદ્રકાળી પ્રમુખ ચોસઠ યોગિની) પ્રમુખ ચારે પ્રકારના દેવદેવીઓ જેઓ શાંતિના આપનારા છે તેઓ અમારું સદા રક્ષણ કરો. ૧૧

એ પ્રકારે સમ્યગ્દૃષ્ટિ દેવ સમુદાય સહિત મુનિસુંદરસૂરિએ સ્તવ્યો છે મહિમા જેનો એવા શાંતિનાથ પ્રભુ સંઘની અને મારી પણ રક્ષા કરો. ૧૨

એ પ્રકારે જે સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય આ શાંતિનાથના સ્તોત્રનું ત્રણે કાળ (સવાર–બપોર–સાંજ) સ્મરણ કરે છે, તે સર્વ ઉપદ્રવથી રહિત બનીને ઉત્કૃષ્ટ સુખ–સંપદાને પામે છે. ૧૩

તપગચ્છરૂપ ગગનમાં સૂર્ય સમાન દેખાતા યુગપ્રધાન શ્રી સોમસુંદરસૂરિ ગુરુની કૃપાથી જેણે ગણધર વિદ્યા સિદ્ધિ પ્રાપ્ત કરી છે એવા તેમના શિષ્ય (મુનિસુંદરસૂરિ) આ સ્તોત્ર ભણે છે. ૧૪

# તિજયપહુત્ત ૪ ભાવાનુવાદ

ત્રણ ભુવનની ઠકુરાઈને પ્રગટ કરનારા, આઠ પ્રાતિહાર્ય-યુક્ત અને સમયક્ષેત્ર ( અઢીદ્વિપ ) માં વર્તતા જિનેન્દ્રોના વૃંદા ( યંત્ર )નું હું સ્મરણ કરું છું. ૧

પચ્ચીશ, એંશી, પંદર અને પચ્ચાશ ( ૧૭૦ ) તીર્થંકરનો સમુદાય ભક્તિવાન ભવ્યજનોનાં બધાં પાપનો નાશ કરો. ૨.

વીશ, પીસ્તાલીશ. વળી ત્રીશ અને પંચોતેર ( ૧૭૦ ) જિનેશ્વરો ગ્રહ, ભૂત, રાક્ષસ અને શાકિનીથી ઉત્પન્ન થયેલ ઘોર ઉપસર્ગનો પ્રકર્ષે કરી નાશ કરો. ૩

સિત્તેર, પાંત્રીશ, સાઠ અને પાંચ એમ (૧૭૦) જિનનો સમુદાય વ્યાધિ, પાણી, અગ્નિ, વાઘ, હાથી, ચોર અને શત્રુના મોટા ભયને હરો. ૪

પંચાવન, દશ પાંસઠ, તેમજ ચાળીશ ( ૧૭૦ ), એ દેવ દાનવથી નમસ્કાર કરાયેલા અને સિદ્ધ થયેલા એવા જિનો મારા શરીરનું રક્ષણ કરો. ૫

ઓં હરહુહઃ સરસુંસઃ હરહુંહઃ તેમજ સરસુંસઃ એ મંત્ર બીજાક્ષરોએ સહિત સાધક પુરુષનું નામ જેના મધ્યમાં છે એવો સર્વતોભદ્ર યંત્ર કહેવાય. ૬

ૐ મંત્રયુક્ત રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશંખલા વજ્રાંકુશી,

ચક્રેશ્વરી, નરદત્તા, કાળી, મહાકાળી, ગૌરી, ગાંધારી, મહાજ્વાલા માનવી, વૈરોટયા, અચ્છુપ્તા, માનસી, મહામાનસિકા, એ સોળ વિદ્યાદેવીઓનું એ યંત્રમાં આહ્‌વાહન કરું છું કે જે મારું રક્ષણ કરો. ૭–૮

પંદર કર્મભૂમિને વિષે ઉત્પન્ન થયેલ, વિવિધ રત્નાદિકના વર્ણ વડે શોભિત એકસો સિત્તેર જિનનો સમુદાય અમારા દુરિતો–પાપોનું હરણ કરો. ૯

શ્રેષ્ઠ સુવર્ણ, શંખ, પરવાળા, નીલમણિ અને મેઘ સરખા વર્ણવાળા (પાંચેવર્ણી), મોહ રહિત અને સર્વ દેવો વડે પૂજિત એવા એકસો સિત્તેર જિનના સમુદાયને ૐકાર વડે હું વંદન કરું છું. ૧૬

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક જે કોઈ પણ વિઘ્નસંતોષી, શાસનદ્વેષી દેવો છે તે સર્વ મને વિઘ્ન ન કરો, જે અર્થે ૐકાર મંત્રના સ્મરણ સાથે 'સ્વાહા' મંત્રથી આહુતિ આપુ છું. ૧૭

ચંદન અને કપૂર વડે પાટીયામાં (ઉપર જણાવેલો) યંત્ર લખીને પછી ધોઈને આ યંત્ર પીવાથી એકાંતરીઆ વગેરે તાવ, ગ્રહ, ભૂત, અને શાકિની, ડાકિની આદિનો પ્રકર્ષે કરીને નાશ કરે છે. ૧૩

આ એકસો સિત્તેર જિનનો યંત્ર જે સમ્યગ્ મંત્ર છે તે ઘારમાં લખવાથી કષ્ટ અને શત્રુનો વિજય મેળવનાર છે તેને નિઃસંદેહ નિરંતર પૂજો. ૧૪

# નમિઊણ ૫ ભાવાનુવાદ

નમસ્કાર કરતા એવા દેવસમૂહોના મુકુટને વિષે રહેલી મણિઓના કિરણો વડે શોભાયમાન પાર્શ્વનાથ મુનિના ચરણ યુગલને નમસ્કાર કરીને મોટા ભયોને વિશેષે કરીને નાશ કરનાર એવા સંસ્તવનને હું કહીશ. ૧

સડી ગયા છે હાથ, પગ, નખ, અને મુખ જેના, બેસી ગયેલી છે નાસિકા જેની, નાશ પામ્યું છે લાવણ્ય (સૌંદર્ય) જેનું અને કોઢરૂપ મહારોગથી અગ્નિના તણખા જેવી પીડા વડે દાઝયા છે સર્વ અંગો જેમના એવા પીડિત મનુષ્યો; જેમ વનના અગ્નિ વડે દાઝેલાં પર્વત ઉપરના વૃક્ષો પાછા કોળે છે તેમ તમારા ચરણની સેવારૂપી જળની અંજલી વડે સીંચાતા થકા પાછા નવપલ્લવિત થઈ આરોગ્ય લક્ષ્મીને પામે છે. ૨–૩

ભયંકર વાયુવડે ક્ષોભ પામેલા વિશાળ કલ્લોલોના ભયંકર શબ્દો થઈ રહ્યા છે જેને વિષે એવા અને સંભ્રાંત થયેલા તેમજ તપ વડે વિહ્વળ થયેલા ખલાસીઓએ છોડી દીધો છે (વહાણ હંકારવારૂપ) વ્યાપાર જેને વિષે એવા સમુદ્રમાં જે મનુષ્યો શ્રી પાર્શ્વનાથના ચરણ યુગલને નિશ્ચે નિરંતર નમે છે, તેઓ નથી ભાગ્યું વહાણ જેનું એવા થયા છતાં ક્ષણવારમાં ઇચ્છિત એવા સમુદ્રના કિનારાને પામે છે. ૪–૫

પ્રચંડ પવન વડે વિસ્તાર પામેલા એવા વનના અગ્નિની જ્વાળાની શ્રેણી વડે પરસ્પર એકત્ર થયેલા વૃક્ષના ગહનો (વનખંડો) છે જેને વિષે એવા અને દાઝતી મુગ્ધ હરઓણીના ભયંકર શબ્દોથી ભયાનક દેખાતા વનને વિષે જગદ્-

ગુરુ ( પાર્શ્વપ્રભુ ) ના આપત્તિના તાપની ઉપશાંતિ વડે સુખી કર્યો છે સકલ ત્રણ ભુવનનો પ્રપંચ ( અથવા વિસ્તાર ) જેણે એવા ચરણ યુગલનું જે મનુષ્યો રૂડે પ્રકારે સ્મરણ કરે છે તેઓને તે અગ્નિ ભય કરતો નથી. ૬–૭

સુશોભિત ફણા ( અથવા દેહ ) વડે ભયંકર, ચંચળ રક્ત નેત્રવાળા અને ચપળ ( લપલપ થતી ) જીભવાળા, નવીન મેઘ જેવા શ્યામ અને ભયંકર આકૃતિવાળા ઉગ્ર સર્પને; આ લોકમાં તમારા નામાક્ષરરૂપ પ્રગટ પ્રભાવવડે સિદ્ધ થયેલ ( ગારુડયાદિક ) મંત્ર વડે આકરા વિષનો વેગ જેમણે સમસ્ત પ્રકારે ટાળ્યો છે એવા અનુભવી ( ગરિષ્ઠ ) મનુષ્યો તેવા સર્પને દેખીને તેને કીડા સમાન માને છે. ૮–૯

ભીલ ( પલ્લિવાસી ) ચોર, વનચર જીવો અને વાઘના શબ્દો વડે ભયંકર એવા અને ભય વડે વિહ્વળ બની દુઃખી થઈ પડેલા મુસાફરોના સાથોને ભીલોએ લૂંટ્યા છે જેને વિષે એવી સર્પ અટવીઓને વિષે, હે નાથ ! તમને પ્રણામ કરવા માત્ર વ્યાપાર છે જેમને એવા મનુષ્યો ( માત્ર તમને પ્રણામ કરનારા માણસો ) નથી લૂંટ્યું ઉત્કૃષ્ટ ધન જેનું એવા છતાં અને વિશેષે ગયા છે વિઘ્નો જેમના એવા છતાં હૃદયમાં ઈચ્છેલ સ્થાનને તત્કાળ પામે છે. ૧૦–૧૧

પ્રજ્વલિત અગ્નિ સરખાં લાલ નેત્રોવાળા, અત્યંત ફાડ્યું છે મુખ જેણે એવા, પ્રચંડ કાયાવાળા, અને નખ-રૂપ વજ્રના પ્રહાર વડે વિશેષે ભેદી નાખ્યો છે હસ્તિના

કુંભસ્થળનો વિસ્તાર જેણે એવા ક્રોધાયમાન સિંહને પણ, નમસ્કાર કરનારા અને આદરવાળા રાજાઓના, જેના નખરૂપ મણિ માણિક્યને વિષે પડયાં છે પ્રતિબિંબ એવા જે તમો તેના વચનરૂપ હથીયારને ધારણ કરનારા મનુષ્યો ગણતા નથી, અર્થાત્ તમારા વચનરૂપ શાસ્ત્રને ધારણ કરનારા મનુષ્યોને મોટા સિંહનો પણ ભય લાગતો નથી. ૧૨–૧૩

ચંદ્ર સરખા ઉજ્જવળ છે બે દંતૂશળો જેને, મોટી સૂંઢના ઉછાળવા વડે વધ્યો છે ઉત્સાહ જેનો, મધ સરખું પિંગલ ( રક્તપિત ) વર્ણવાળું નેત્રયુગલ છે જેનું અને જળથી ભરેલા નવીન મેઘ સરખી ગર્જના છે જેની એવા; અત્યંત નજીક આવેલા મોટા ગજેન્દ્રને પણ હે મુનિપતિ ! તમારા ગુણવડે ઉન્નત ચરણ યુગલને જેઓ રૂડે પ્રકારે આશ્રય કરી રહેલા છે, તે મનુષ્યો ગણતા નથી અર્થાત્ તે મનુષ્યો હાથીના ભયની સંભાવના પણ કરતા નથી. ૧૪–૧૫

તીક્ષણ ખડ્ગના પ્રહારવડે ઉચ્છૃંખલની પેઠે આમતેમ નાચતા ધડો છે જેને વિષે એવા અને ભાલાવડે વિશેષે ભેદાયેલ હસ્તિના બચ્ચાઓએ મૂકેલા સિત્કાર શબ્દોવડે પ્રચુર એવા સંગ્રામને વિષે હે પાપને પ્રકર્ષે કરી શાંત કરનારા પાર્શ્વજિન તમારા પ્રભાવવડે જીત્યા છે અહંકારવડે ગર્વિષ્ઠ થયેલા શત્રુ રાજાઓના સમૂહને જેણે એવા સુભટો, ઉજ્જવળ યશને પામે છે. ૧૬–૧૭

પાર્શ્વજિનના નામનું રૂડા પ્રકારે ( વિશુદ્ધ શ્રદ્ધા વડે ) ઉચ્ચારણ કરવાવડે રોગ, જળ, અગ્નિ, સર્પ, ચોરરૂપ શત્રુ,

સિંહ, હસ્તિ અને સંગ્રામ એ આઠ મોટા ભયો સર્વથા શાંત થાય છે. અર્થાત્ ફરી ક્યારે પણ ઉત્પન્ન થતા નથી. ૧૮

એ પ્રકારે મહાભયને હરનાર, ઉદાર, ભવ્ય જનોને આનંદ અર્પનાર અને કલ્યાણની પરંપરાના સ્થાનરૂપ શ્રી પાર્શ્વનાથના સ્તોત્રને રાજભય, યક્ષ, રાક્ષસ, કુસ્વપ્ન, દુષ્ટ શુકન અને નક્ષત્ર રાશીની પીડાઓને વિષે બંને સંધ્યાએ, અરણ્યાદિ માર્ગમાં, ઉપસર્ગમાં તેમજ ( ભયંકર ) રાત્રીઓને વિષે જે ભણે છે અને જે સાવધાનપણે સાંભળે છે તે બન્નેના અને કવિ **માનતુંગસૂરિના** પણ પાપને સમસ્ત જગતવડે પૂજાયેલા છે ચરણ જેના એવા પાર્શ્વનાથ ભગવાન્ શાંત કરો—નિવારણ કરો. ૧૯—૨૦—૨૧

કમઠાસૂરે ઉપસર્ગ કર્યો છતાંય જે ( ષટ્જીવનિકાયના હિતચિંતનરૂપ ) ધ્યાન થકી ચલાયમાન થયા નથી તે દેવ, અને કિન્નરથી સ્ત્રીઓવડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા પાર્શ્વ-જિન જયવંતા વર્તો. ૨૨

આ સ્તવનના મધ્યે ‘ નમિઊણ પાસવિસહરવસહજિણ કુલિંગ. ’—એ અઢાર અક્ષરોવડે બનેલ ( ચિંતામણિ નામા ગુપ્ત ) મંત્ર છે, તેને જે જાણે છે તે પરમપદ પ્રાપ્ત ( મંત્રમય ) પાર્શ્વનાથનું પ્રગટપણે ( તે મંત્રવડે ) ધ્યાન કરે છે. ૨૩

જે મનુષ્ય સંતુષ્ટ હૃદયવડે પાર્શ્વનાથનું ધ્યાન કરે છે, તેના એકસો આઠ વ્યાધિથી ઉત્પન્ન થયેલા ભયો દૂરથી જ નાશ પામે છે. ૨૪

## અજિતશાંતિ ૬ ભાવાનુવાદ

જિત્યા છે સર્વ ભય જેણે એવા અજિતનાથ અને વિશેષે શાંત કર્યો છે સર્વ રોગ અને પાપ જેણે એવા શાંતિનાથ તેમજ જગતના ગુરુ અને શાંતિરૂપ ગુણને કરનારા તે બન્ને જિનેશ્વરોને હું પ્રણામ કરું છું ૧

નાશ થયા છે માઠા પરિણામ જેનાં એવા, વિસ્તીર્ણ તપવડે ( બાર પ્રકારના ) નિર્મલ છે સ્વભાવ જેનો એવા, નિરૂપમ અને મહાન્ છે પ્રભાવ જેનો એવો અને રૂડે પ્રકારે જાણ્યા છે વિદ્યમાન ભાવો ( જીવાજીવાદિ સત્ પદાર્થો ) જેણે એવા તે બન્ને સર્વજ્ઞ જિનોને હું સ્તવીશ. ૨

સર્વ દુઃખો વિશેષે શાંત થયા છે જેમના ( અથવા યોગ્ય જીવોના સર્વ દુઃખો વિશેષે શાંત થયેલ છે જે થકી ) એવા, સર્વ પાપ વિશેષે શાંત થયા છે જેમના એવા અને નિરંતર પરાભવ નહિ પામેલા અને ઉપશાંત થયેલા એવા અજિતનાથ અને શાંતિનાથને નમસ્કાર હો. ૩

હે અજિતજિન ! હે પુરુષોત્તમ ! તમારા નામનું કીર્તન, સુખ ( સ્વર્ગાપવર્ગરૂપ ) ને પ્રવર્ત્તાવનારૂં છે; તેમજ ધીરજ ( ચિત્તની સ્વસ્થતા ) અને મતિ ( પ્રજ્ઞા ) ને પ્રવર્ત્તાવનારૂં

છે. હે જિનોત્તમ! હે શાંતિનાથ! તમારું કીર્તન પણ ઉપર પ્રમાણે ગુણવાળું છે. ૪

ક્રિયાના ભેદોવડે એકત્ર કરેલા કર્મ અને કષાય થકી વિશેષે મુકાવનાર, અન્યદર્શનીય દેવોના વંદન પુણ્યવડે નહિ જિતાયેલ, ગુણવડે વ્યાપ્ત અને મહામુનિ સંબંધી અણિમાદિ સિદ્ધિઓને પ્રાપ્ત એવો અજિતનાથ અને શાંતિનાથ મહામુનિને કરેલ નમસ્કાર, મને નિરંતર શાંતિને કરનાર અને મોક્ષનું કારણ હો. ૫

હે મનુષ્યો! જો તમે દુઃખનું કારણ શોધો છો, તો અભય (નિર્ભયતા)ને કરનારા એવા અજિતનાથ અને શાંતિનાથના શરણને ભાવપૂર્વક પ્રાપ્ત થાઓ. ૬

હર્ષ શોક તેમજ અજ્ઞાનથી રહિત નિવૃત થયા છે જરા (વૃદ્ધાવસ્થા) અને મરણ જેનાં એવા, સુર (વૈમાનિક દેવ) અસુર (ભવનપતિ દેવ), ગરુડ (જ્યોતિષ્ક દેવ), અને ભૂજગ (વ્યંતર–ખેચર)ના ઈન્દ્રોવડે આદરથી નમસ્કાર કરાયેલા સુંદર ન્યાય છે જેનો એવા નૈગમાદિ સાત નયને વિષે નિપુણ, અભયને કરનારા અને મનુષ્ય તથા દેવોવડે પૂજિત એવા અજિતનાથને હું નિરંતર સમીપ રહીને નમું છું. ૭

સામાન્ય કેવળીને વિષે ઉત્તમ, અજ્ઞાન રહિત ભાવયજ્ઞને ધારણ કરનારા, સરળતા, નમ્રતા, ક્ષમા, નિર્લોભતા, અને સમાધિના ભંડાર, શાંતિના કરનારા, ઇન્દ્રિયના જયવડે

ઉત્તમ તીર્થ (સંઘ)ને કરનારા શાંતિનાથ મુનિને પણ હું પ્રણામ કરું છું કે જે શાંતિ નાથ મુનિ મને શાંતિ વડે સમાધિ (ચિત્તની સ્વસ્થતા) રૂપ વરદાન આપો. ૮

અયોધ્યાનગરીને વિષે પૂર્વે રાજા હતા એવા, પ્રધાન હસ્તિના મસ્તક જેવું પ્રશંસનીય અને વિસ્તીર્ણ છે સંસ્થાન (શરીરનો આકાર) જેનું એવા, મદવડે ઉન્મત્ત અને લીલાયુક્ત પ્રધાન ગંધહસ્તીના ગમન જેવી ચાલ છે જેની એવા, સ્તુતિ કરવાને યોગ્ય, હસ્તિના સૂંઢ જેવા છે હાથ જેના એવા, શ્રેષ્ઠ લક્ષણો વડે વ્યાપ્ત, સૌમ્ય અને સુંદર છે રૂપ જેનું એવા, કાનને સુખકારી અને મનને આનંદ દાયક તથા અત્યંત રમણિક પ્રધાન દેવદુંદુભિના શબ્દ કરતા વધારે મધુર અને કલ્યાણકારી છે વાણી જેની એવા, વળી જિત્યા છે શત્રુ સમુદાય જેણે, જિત્યા છે સર્વ-ભય જેણે એવા અને ભવપરંપરાને ભેદનારા શ્રી અજિતનાથ પ્રભુને હું આદરવડે નમસ્કાર કરું છું. તે ભગવાન મારા પાપ (અશુભકર્મ) શાંત કરો (નાશ કરો). ૯—૧૦

કુરુ દેશને વિષે હસ્તિનાપુર નગરના પ્રથમ રાજા હતા. તે પછી ચક્રવર્તીના (છ ખંડના) રાજ્યને ભોગવતા હતા એવા, મહાન પ્રભાવક, બોંતેર હજાર ઘરોથી પ્રધાન નગરો, નિગમ અને દેશના સ્વામી, શ્રેષ્ઠ બત્રીશ હજાર મુકુટબદ્ધ રાજાઓએ અનુકરણ કર્યો છે માર્ગ જેનો એવા, ચૌદ શ્રેષ્ઠ રત્ન નવ મહાનિધાન અને ચોસઠ હજાર શ્રેષ્ઠ સ્ત્રીઓના સ્વામી, ચોરાશી લાખ ઘોડા, ચોરાશી લાખ હાથી, અને

ચોરાશી લાખ રથના સ્વામી અને છન્નું ક્રોડ ગામના સ્વામી એવા જે ભગવાન ભરતક્ષેત્રમાં હતા એવા તે ઉપશમરૂપ શાંતિને કરનારા ( મોક્ષને આપનાર ), રૂડે પ્રકારે તર્યા છે સર્વ ભય ( મૃત્યુ ) થકી એવા શાંતિનાથ જિનને ( મને-પોતાને ) શાંતિ કરવાને માટે હું સ્તવું છુ. ૧૧-૧૨

હે ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલા, હે વિદેહ દેશના રાજા, હે મનુષ્યોમાં શ્રેષ્ઠ, હે મુનિઓમાં શ્રેષ્ઠ, હે ઉદય પામેલા શરદ ઋતુના ચંદ્ર જેવા શોભાયમાન મુખવાળા, હે ગયું છે અજ્ઞાન જેના થકી એવા, હે ટાળ્યા છે ( નવા બંધાતા અને બાંધેલા ) કર્મરૂપ રજ જેણે એવા, હે ગુણો-વડે ઉત્તમ તેજવાળા, હે મોટા મુનિઓવડે માપી ( જાણી ) શકાય નહિ એવું છે સામર્થ્ય જેમનું એવા, હે વિસ્તીર્ણ કુળ ( વંશ )વાળા, હે ભવભયને તોડનારા, શરણભૂત જગતના અને મારા એવા હે અજિતનાથ ! તમોને મારો નમસ્કાર છે. ૧૩

હે સુર અસુરના ઈન્દ્ર, ચંદ્ર અને સૂર્યને વંદન કરવા યોગ્ય, હે આરોગ્યવંત, પ્રીતિવંત, પ્રશસ્ય અને અત્યંત કાંતિયુક્ત રૂપવાળા, હે ધમેલ રૂપાની પાટી જેવા શ્વેત, નિર્મળ, સ્નિગ્ધ અને ઉજ્જવળ છે દાંતની પંક્તિ જેમની એવા, હે શક્તિ, કીર્તિ, નિર્લોભતા, યુક્તિ ( ન્યાય યુક્ત વચન ) અને ગુપ્તિ ( મન, વચન અને કાયાને નિયમમાં રાખવા ) વડે શ્રેષ્ઠ, હે દેદીપ્યમાન તેજ સમૂહવાળા, હે ધ્યાન કરવા યોગ્ય, હે સર્વ લોકોએ જાણ્યો છે. પ્રભાવ

જેમનો એવા, હે જાણવા યોગ્ય, હે શાંતિનાથ મને સમાધિ (ચિત્તની સ્વસ્થતા) આપો! ૧૪

નિર્મળ ચંદ્રની પ્રભા કરતાં અધિક સૌમ્યતાવાળા, વાદળાં રહિત સૂર્યના કિરણો કરતાં અધિક તેજવાળા, ઇન્દ્રના સમુદાય કરતાં અધિક રૂપવાળા, મેરુપર્વત કરતાં અધિક સ્થિરતાવાળા, વળી સત્ત્વ (વ્યાપાર) માં નિરંતર અજિત, (ન જિતાય એવા), શરીર સંબંધ બળમાં પણ અજિત, તપ અને સંયમને વિષે અજિત એવા શ્રી અજિતનાથ જિનને સ્તવુ છું.૧૫- ૧૬

સૌમ્ય ગુણવડે નવીન શરદઋતુનો ચંદ્ર તેને પહોંચે નહિ, તે જ ગુણવડે નવીન શરદઋતુનો સૂર્ય તેને પહોંચે નહિ, અને રૂપગુણવડે ઈંદ્ર તેને પહોંચે નહિ, તેમ જ સ્થૈર્ય ગુણવડે મેરૂ પર્વત તેને પહોંચે નહિ અર્થાત્ તેની સમાન થઈ શકે નહિ. ૧૭

શ્રેષ્ઠ તીર્થ (ચતુર્વિધ સંઘ) ના પ્રવર્તક, અજ્ઞાન અને કર્મ (બાંધેલા અને બંધાતા) રજથી રહિત, પંડિત પુરુષોવડે વાણીથી સ્તુતિ કરાયેલા અને પુષ્પાદિક વડે પૂજાયેલ, ગયાં છે વૈર (કલહ) અને મલિનતા જેના એવા, મોક્ષ સુખના પ્રવર્તક, અને મહાજ્ઞાની (સર્વજ્ઞ) શાંતિનાથને મન, વચન અને કાયાએ કરી સાવધાન (પવિત્ર) થયો છતાં હું શરણે જાઉં છું. ૧૮

વિનયવડે નમેલા મસ્તકને વિષે જોડી છે અંજલિ જેણે

એવા ઋષિ સમુદાયવડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા નિશ્ચળ, ઈંદ્ર, કુબેર, (ઉપલક્ષણથી ચારે લોકપાલ) અને ચક્રવર્તી આદિ વડે ઘણીવાર વચનવડે સ્તુતિ કરાયેલા, પ્રણામાદિ વડે નમન કરાયેલા અને પુષ્પાદિ વડે પૂજાયેલા, તપ વડે તત્કાળ ઉદય પામેલ શરદ ઋતુના સૂર્ય કરતાં અત્યંત અધિક શોભનિક કાંતિવાળા, આકાશને વિષે વિચરવા વડે એકઠા થયેલા ચારણ મુનિઓ (જંઘાચારણ અને વિદ્યાચરણ) ના મસ્તક વડે વંદાયેલા, અસુરકુમાર, સુવર્ણકુમાર વગેરે ભવનવાસી દેવો વડે નમસ્કાર કરાયેલા, કિન્નર અને મહોરગ વગેરે વ્યંતર દેવો વડે નમસ્કાર કરાયેલા, સેંકડો કોટી વૈમાનિક દેવ વડે સ્તુતિ કરાયેલા, શ્રમણ વડે સમસ્ત પ્રકારે વંદાયેલા, ભયરહિત, પાપરહિત, આસક્તિરહિત, રોગરહિત અને (બાહ્ય અને અભ્યંતર શત્રુ વડે) અજિત એવા અજિતનાથને આદરવડે હું પ્રણામ કરું છું. ૧૯–૨૦–૨૧

શ્રેષ્ઠ વિમાન, મનોહર સુવર્ણમય રથ અને અશ્વના સેંકડો સમૂહવડે કરી શીઘ્ર આવેલા, ઉતાવળે આકાશમાંથી ઉતરવા વડે ક્ષુભિત ચિત્તવાળા થયે છતે ડોલતા ચંચળ કુંડળ, બાજુબંધ અને મુકુટ, તથા શોભતી છે મસ્તકની માળા જેમની એવા, વળી સુર અસુરના સમૂહે કરી સહિત, વૈરરહિત, ભક્તિએ કરી સહિત, (અથવા ભક્તિને વિષે સારી રીતે પ્રરાયેલા) આદરવડે શોભિત–ઉતાવળે એકત્ર થયેલ અને અતિશય વિસ્મિત થયેલા છે સર્વ જાતના જુથ (સૈન્ય) સમૂહ જેમના એવા, શ્રેષ્ઠ સુવર્ણ અને રત્નવડે

વિશેષ રૂપયુક્ત કરેલા દેદીપ્યમાન આભૂષણોવડે શોભાયમાન છે અંગો જેમના એવા, શરીરવડે નમેલા, ભક્તિને લીધે આવેલ અને અંજલિયુક્ત મસ્તકવડે કર્યો છે પ્રણામ જેણે એવા દેવ સમુદાયો જે ભગવંતને વાંદીને અને તે વાર પછી વાણીવડે જિનની સ્તુતિ કરીને વળી ફરીથી ત્રણવાર પ્રદક્ષિણા કરી અને જિનને પ્રણામ કરીને દેવદાનવ આનંદિત થયા થકા ત્યાંથી પોતાના ભવન પ્રત્યે પાછા ગયા. મહામુનિઓ છે શિષ્ય જેમના એવા, રાગ–દ્વેષ ભય અને મોહથી રહિત, દેવદાનવ અને રાજાઓ વડે વંદાયેલા શ્રેષ્ઠ અને વિશાળ તપવાળા એવા તે શાંતિનાથને, અંજલિ કરી છે જેણે એવો હું નમસ્કાર કરું છું. ૨૨–૨૩–૨૪–૨૫

આકાશના અંતરાળે વિચરનારી, મનોહર હંસીની પેઠે ગમન કરનારી, પુષ્ટ કટી પ્રદેશ અને સ્તનવડે શોભાયમાન, સંપૂર્ણ (ખીલેવાં) કમળના પત્ર જેવા લોચન (નેત્ર) વાળી, મોટા અને ભરાવદાર સ્તનના ભાર વડે નમેલાં છે શરીર જેનાં એવી, મણિ અને સુવર્ણની બનાવેલ વિશેષે શિથિલ (ઢીલી) મેખલા (કંદોરો) વડે શોભાયમાન છે કટી પ્રદેશ જેનો એવી, શ્રેષ્ઠ ઘુઘરીઓ, ઝાંઝર, સુંદર તિલક અને કંકણવડે વિશેષ સુશોભિત એવી, પ્રીતિ કરનારું ચતુર જનના મનને હરણ કરનારું અને સુંદર છે દર્શન (દેખાવ –રૂપ) જેનું એવી, આભૂષણની રચનાના વિવિધ ભેદો વડે (જેવા કે) દેદીપ્યમાન અપાંગ (નેત્રને વિષે અંજનની રચના), તિલક અને પત્રલેખં (કસ્તુરી વગેરેની કપોળ

સ્થળ ઉપર કરેલી પત્ર લેખા ) નામ છે જેના એવા, મળેલા છે અંગો જેના એવી, ભક્તિવડે વ્યાપ્ત અને વંદન કરવાને આવતી એવી દેવાંગનાઓ વડે, પોતાના લલાટે કરીને જે ભગવંતના રૂડી ગતિ ( ચાલ ) વાળા, ( અથવા રૂડા પરાક્રમવાળા) તે બે ચરણે વંદાયેલા છે અને વળી તે ફરીથી વંદાયેલા, છે એવા તે, જિત્યો છે મોહ જેણે એવા અને રાખ્યાં છે સર્વ પ્રકારના દુઃખો અને કષાય જેણે એવા અજિતનાથ જિનચંદ્રને આદર સહિત હું નમસ્કાર કરું છું. ૨૬–૨૭–૨૮–૨૯

ઋષિ સમુદાય અને દેવ સમુદાય વડે સ્તુતિ કરાયેલા અને વંદન કરાયેલા, તે પછી દેવીઓ વડે સાવધાનપણે પ્રણામ કરાયેલા અને મોક્ષ આપવાને શક્તિવાન હોવાથી જગતને વિષે ઉત્તમ છે શાસન ( આજ્ઞા ) જેનું એવા, જે ભગવંત તેના રૂડા પરાક્રમવાળા તે બે ચરણ કમળો ભક્તિના વશે આવવાથી એકત્ર થયેલી, ઘણાં નર્તક વાદક શ્રેષ્ઠ દેવ અને નૃત્યકુશળ દેવાંગનાઓ વડે યુક્ત તથા દેવોની સાથે રતિક્રીડા રૂપ ગુણને વિષે પંડિતા એવી દેવનર્તકીઓ વડે, વેણુ ધ્વનિ (વાંસળીના સૂર) વીણા અને ચપટી પટહાદિ તાળ ( અથવા કાંસી કરતાળ વગેરેના તાળ ) મળ્યે છતાં, સાંભળવાનું સમાનપણું કર્યે છતે (સર્વ શબ્દ સાંભળવામાં કાનનું સાવધાનપણું એકાગ્રતા ), શુદ્ધ તથા અધિક ગીત વડે સહિત એવી પગને વિષે જાળનો આકારવાળી ઘૂઘરીઓ વડે ઉપલક્ષિત છતે, વલય, કંદોરો, કલાપ ( એક

જાતનું આભૂષણ ) અને ઝાંઝરના મનોહર શબ્દ વડે મિશ્રિત કર્યે છતે હાવ ભાવ અને વિલાસના પ્રકારવાળા અંગના વિક્ષેપે કરીને, નૃત્ય કરીને વંદાયેલા છે જે, તે ત્રણ ભુવનના સર્વ પ્રાણીઓને શાંતિના કરનાર ( અથવા મોક્ષને આપનાર ) અને વિશેષ શાંત થયા છે સર્વ પાપ ( અશુભ કર્મ ) તથા દોષ ( રાગ, દ્વેષ, મોહ વગેરે ) જેના ( અથવા જેથી ) એવા ઉત્તમ શાંતિનાથ જિનને આ પ્રત્યક્ષ એવો હું નમસ્કાર કરુ છું. ૩૦–૩૧.

છત્ર, ચામર, પતાકાં, યૂપ અને જવ ( લક્ષણો ) વડે સુશોભિત, શ્રેષ્ઠ ધ્વજ, મગર, અશ્વ અને શ્રી વત્સ એવા શોભાયમાન છે લાંછનો જેમને એવા, દ્વીપ, સમુદ્ર, મેરૂપર્વત અને દિગ્ગજ કુટવડે શોભિત, સ્વસ્તિક, વૃષભ, સિંહ, રથ અને ચક્રવડે શ્રેષ્ઠ રીતે ચિહ્નિત ( લક્ષણવાળા ), સ્વભાવે કરીને શોભાયમાન, સરખી રીતે ભૂમિ ઉપર પ્રતિષ્ઠિત, રાગાદિ દોષ વડે વિકાર નહિ પામેલા, ગુણોવડે મોટા, નિર્મળતા વડે શ્રેષ્ઠ, તપવડે પુષ્ટ, લક્ષ્મીદેવી વડે પૂજાયેલા અને મુનિઓ વડે સેવાયેલા, તપ વડે ટાળ્યાં છે સર્વ પાપ ( શુભાશુભ કર્મ ) જેણે એવા, સર્વલોકના હિત ( મોક્ષ ) ના મૂળ ( જ્ઞાન, દર્શન, ચારિત્ર ) ને પ્રાપ્ત કરાવનાર, રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા તે અજિતનાથ અને શાંતિનાથ પૂજ્યો ! મને મોક્ષસુખના આપનાર થાઓ. ૩૨–૩૩–૩૪.

એ પ્રકારે તપ સામર્થ્ય વડે વિશાળ, ગયાં છે કર્મરૂપ રજ અને મેલ જેના એવું શાશ્વતી અને વિસ્તીર્ણ ( વિપુલ

સુખવાળી) ગતિને પ્રાપ્ત થયેલું એવું શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ જિનનું યુગલ મેં સ્તવ્યું. ૩૫

જ્ઞાન દર્શનાદિ અનેક ગુણનો પ્રસાદ છે જેને એવું ઉત્કૃષ્ટ મોક્ષસુખ વડે વિષાદ રહિત તે યુગલ મારા વિષાદ (દુઃખ) ને નાશ કરો અને વળી સભા (આ સ્તવનને સાંભળનારી સભા) પણ મારા ઉપર અનુગ્રહ કરો. ૩૬.

તે યુગલ ભવ્યજનોને હર્ષ કરાવો અને સમૃદ્ધિ અને નંદિષેણને સમસ્ત પ્રકારે આનંદ પ્રાપ્ત કરાવો. શ્રોતા જનોની સભાને પણ સુખ સમૃદ્ધિ આપો તથા મને સંયમને વિષે આનંદ આપો. ૩૭

પખ્ખી પ્રતિક્રમણમાં, ચૌમાસી પ્રતિક્રમણમાં અને સંવત્સરી પ્રતિક્રમણમાં એક જણે આ (સ્તોત્ર) અવશ્ય ભણવું (બોલવું) અને સર્વજનોએ સાંભળવું. આ સ્તવન વિઘ્નનું નિવારણ કરે છે. ૩૮

અજિતશાંતિ સ્તવનને જે પુરુષ બંને વખત (સવાર-સાંજ) ભણે છે અને સાવધાનપણે સાંભળે છે, તેને રોગો થતા નથી. તેમ જ પૂર્વે થયેલા પણ નાશ પામે છે. ૩૯

જો તમે મોક્ષપદને વાંછતા હો અથવા ત્રણ ભુવનમાં વિસ્તાર પામેલી કીર્તિને ઇચ્છતા હો તો ત્રણલોકનો ઉદ્ધાર કરનારા જિનવચનને વિષે આદર કરો એમ આ સ્તોત્રના કર્તા **નંદિષેણગણી** છેલ્લે કહે છે અને મનનમાં પદ્માત્મક રહસ્યકર્તા **'દુર્લભજી'** પણ કહે છે.

ભક્તિવંત દેવતાઓના નમેલા મુકુટમાં રહેલા મણિઓની કાન્તિઓને પ્રકાશ કરનાર, દલન કર્યો છે પાપરૂપ અંધકારનો સમૂહ જેણે એવા અને યુગની આદિમાં ભવસમુદ્રમાં પડતા ભવ્યજનોને આધારભૂત એવા (પ્રથમ) તીર્થંકરના ચરણ યુગલને રૂડે પ્રકારે નમસ્કાર કરીને—

જે ભગવંત સમસ્ત શાસ્ત્રના રહસ્યના જ્ઞાનથી ઉત્પન્ન થયેલ બુદ્ધિવડે કુશળ એવા ઇન્દ્રોવડે, ત્રણ જગતના ચિત્તને હરણ કરનારાં અને ઉદાર સ્તોત્રોવડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા છે, તેવા પ્રથમ જિનેન્દ્રને હું પણ નિશ્ચે સ્તવીશ. ૧–૨

દેવતાઓએ અથવા પંડિતોએ અર્ચન કર્યું છે પાદાસન જેનું એવા, બુદ્ધિ વિના પણ સ્તુતિ કરવાને રૂડે પ્રકારે ઉદ્યમવાળી મતિ છે જેની એવો, અને વિશેષે ગઈ છે લજ્જા જેની એવો હું છું. પાણીને વિષે રૂડે પ્રકારે રહેલા (પ્રતિબિંબિત થયેલા) ચંદ્રમાના બિંબને બાળક સિવાય બીજો કયો મનુષ્ય તત્કાળ ગ્રહણ કરવાને ઇચ્છે? અર્થાત્ બાળક વિના બીજો કોઈ બુદ્ધિમાન જળ પ્રતિબિંબિત ચંદ્રને ગ્રહણ કરવા ઈચ્છતો નથી, તેમ હું પણ બાળકની પેઠે અશકત સ્તુતિ કરવાને ઈચ્છું છું. ૩

હે ગુણ સમુદ્ર ચંદ્રમા સરખા મનોહર–ઉજ્જવળ એવા તમારા ગુણોને બુદ્ધિથી બૃહસ્પતિ સમાન એવો પણ કયો પુરુષ કહેવાને સમર્થ થાય? અર્થાત્ કોઈ સમર્થ થતો નથી. અથવા તો પ્રલય કાળના પવન વડે ઉદ્ધત થયેલ

( ઉછળી રહ્યો ) છે મગરમત્સ્યનો સમૂહ જેમાં એવા સમુદ્રને કયો પુરુષ બે ભૂજાથી તરવાને સમર્થ થાય? ૪

હે મુનીશ! ( તત્ત્વને જાણનારા મહર્ષિઓના સ્વામી ) એવો ( સ્તોત્ર કરવાને અસમર્થ ) હું છું, તો પણ તમારી ભક્તિના વશથી વિશેષ ગઈ છે શક્તિ જેની (શક્તિ રહિત ) એવો છતો પણ સ્તવન કરવાને હું પ્રયત્ન થયો છું. હરણ સ્નેહવડે પોતાના બાળકના રક્ષણ માટે પોતાનું બળ નહિ વિચારીને સિંહની સામે શું નથી થતો? અર્થાત્ થાય છે, તેમ હું સ્તુતિ કરવાને પ્રવૃત્તમાન થયો છું. ૬

અલ્પશાસ્ત્રના બોધવાળા, અને બહુશ્રુતને હાસ્યનું સ્થાન એવા મને તમારી ભક્તિ જ બલાત્કારથી વાચાળ કરે છે. જેમ કોયલ નિશ્ચે ચૈત્ર માસમાં (વસંતઋતુ) મધુર શબ્દ બોલે છે તેનો મનોહર આમ્રકલિકાનો સમૂહ તે જ એક હેતુ છે અર્થાત્ જેમ આંબાનો મોર ખાવાથી કોયલ મધુર સ્વર બોલે છે, તેમ હું તમારી ભક્તિરૂપ શક્તિથી સ્તોત્ર કરીશ. ૬

હે ભગવંત! તમારા રૂડા સ્તોત્રથી ( ગુણવર્ણન કરવાથી ) દેહધારીઓ ( પ્રાણીઓ ) નું સંસારની પરંપરાથી બંધાયેલ અશુભ કર્મ, જેમ વ્યાપ્ત થયેલ છે લોક જેનાથી એવો અને ભ્રમર જેવો કાળો કૃષ્ણપક્ષની રાત્રી સંબંધી સમસ્ત અંધકાર શીઘ્ર સૂર્યના કિરણો વડે પ્રભાતમાં નાશ પામે છે, તેમ ક્ષણવારમાં ક્ષયને પામે છે. ૭

હે નાથ! તમારા પ્રભાવથી તમારું આ સ્તોત્ર સજ્જન પુરુષોના ચિત્તનું હરણ કરશે. એમ જાણીને મંદબુદ્ધિવાળો

પણ આપના સ્તોત્રનો આરંભ કરીશ. અર્થાત્ હું તમારું સ્તોત્ર રચું છું, કારણ કે કમલિનીના પત્ર પર પડેલ જલબિંદુ કમલના પ્રભાવે મોતી જેવું દેખાય છે. તેમ તમારા પ્રભાવથી આ સ્તોત્ર સજ્જનોને આનંદકારી થશે. ૮

હે પ્રભુ! નાશ પામ્યા છે સમસ્ત દોષ ( રાગ-દ્વેષ કષયાદિ ) જે થકી એવું તમારું સ્તવન દૂર રહો, પરંતુ તમારું માત્ર સ્મરણ પણ જગત નિવાસી લોકોના પાપોને હણે છે. જેમ સૂર્ય દૂર રહે છે, પરંતુ તેની કાન્તિ જ ( અરુણોદય ) કમળના સમૂહવાળા સરોવરમાં કમળોને વિકસ્વર કરે છે. ૯

ત્રણ ભુવનના આભૂષણ તૂલ્ય હે નાથ! સત્ય ગુણો વડે કરીને, પૃથ્વીને વિષે તમારી સ્તુતિ કરનારા મનુષ્યો તમારા સમાન થાય છે ( મોક્ષ પામે એટલે તમારા સમાન થાય ) તેમાં અતિ આશ્ચર્ય નથી. અથવા જે સ્વામી આ લોકને વિષે પણ પોતાના આશ્રિતને લક્ષ્મીથી પોતાના તુલ્ય ન કરે તેવા ( સ્વામી ) વડે કરીને શું ? અર્થાત્ કાંઈ જ નહિ. ૧૦

અપલકપણે જોવા યોગ્ય એવા તમને જોઈને મનુષ્યની આંખ બીજે સ્થાને ( અન્ય દેવમાં ) સંતોષ (આનંદ) પામતી નથી. કેમકે ચંદ્રના કિરણની કાન્તિ જેવા ક્ષીર સમુદ્રના પાણી પીને લવણ સમુદ્રના ખારા પાણી પીવાને કોણ ઇચ્છે? અર્થાત્ કોઈ જ નહિ. ૧૧

હે ત્રણ ભુવનને વિષે અદ્વિતીય તિલક સમાન, શાંત રસના ભાવની છાયાવાળા જે પરમાણુઓ વડે તમે નિર્માણ

કરાયા છો, તે પરમાણુઓ પણ જગતમાં નિશ્ચે તેટલા જ છે. જે કારણ માટે તમારા સમાન બીજું કોઈ રૂપ ( આ જગતમાં ) નિશ્ચે નથી. ૧૨

દેવ, મનુષ્ય અને ભવનપતિ દેવતાઓના નેત્રને હરણ કરનારું ( મોહ પમાડનારું ) તથા સમસ્ત પ્રકારે જિતી છે ત્રણ જગતની ઉપમા ( કમળ, ચંદ્ર દર્પણ આદિ પદાર્થોની ) જેણે એવું તમારું મુખ ક્યાં? અને લાંછન-કલંક વડે મલિન ( ગ્લાનિ પામેલું ) તથા પ્રભાત થયા પછી જે દિવસે પીળા ખાખરાના પાન સરખું ( નિસ્તેજ ) થાય છે એવું ચંદ્રમાનું બિંબ ક્યાં? અર્થાત્ ચંદ્ર બિંબ કરતાં ભગવંતના મુખનું તેજ અત્યંત નિર્મળ છે. માટે તે ઉપમા સંભવે નહિ. ૧૩

હે ત્રણ જગતના ઈશ્વર ! તમે સંપૂર્ણ મંડળવાળા પૂર્ણિમાના ચંદ્રની કળાના સમૂહ સરખા ઉજ્જવળ એવા તમારા ગુણો ત્રણ ભુવનને ઉલ્લંઘન કરે છે ( ત્રણ ભુવનને વ્યાપીને રહેલા છે ) કેમકે જે એક ( અદ્વિતીય-સમર્થ ) નાથને જ આશ્રય કરીને રહેલા છે તેને સ્વેચ્છાએ વિચરતાં કોણ નિવારણ કરી શકે ? અર્થાત ત્રણે ભુવન ભગવંતના ગુણ ગ્રહણ કરવામાં તત્પર હોય છે. ૧૪

હે દેવ ! દેવાંગનાઓથી તમારું મન જરાય વિકાર ચેષ્ટાને પામ્યું નથી તેમાં શું આશ્ચર્ય ? કેમકે કંપાયમાન થયા છે અન્ય પર્વતો જેનાથી એવા પ્રલયકાળના પવનવડે ક્યારે પણ મેરુ પર્વતનું શિખર ચલાયમાન થએલું છે ?

અર્થાત્ કલ્પાંતકાળનો પવન અન્ય પર્વતોને કંપાવી શકે છે પણ મેરુ પર્વતને કંપાવી શકતો નથી, તેમ દેવાંગનાઓ હરિહરાદિ અન્યને ક્ષોભ પમાડે છે પણ તમને ક્ષોભ પમાડી શકતા નથી. ૧૫

હે નાથ! દ્વેષરૂપી ધૂમ્ર અને કામદશારૂપી વાટ રહિત ત્યાગ કર્યો છે સ્નેહ પ્રકાશરૂપ તેલનો પૂર (તેલનું પૂરવું) જેણે એવા, આ સમગ્ર ત્રણ જગતને કેવળજ્ઞાનરૂપ ઉદ્યોત વડે પ્રકાશ કરો છો અને ચલાયમાન થયા છે પર્વતો જેના થકી એવા પવનને કદાપી ગમ્ય નથી [ પવન વડે ઓલવાય એમ નથી ] એવા જગતપ્રસિદ્ધ ( અથવા જગતને વિષે જ્ઞાનનો ઉદ્યોત છે જેનો એવા ) તમે અપૂર્વ ( લોકોત્તર ) દીપક છો. અર્થાત્ લૌકિક દીપક ધૂમ્ર વાટ અને તેલ સહિત છે અને ઘરમાં જ માત્ર પ્રકાશ કરે છે તથા પવન વડે ઓલવાઈ જાય છે. ત્યારે આપ પૂર્વોકત ધૂમ્ર વાટ અને તેલ રહિત છતા પણ લોકને પ્રકાશ કરો છો અને ગમે તેવા પવન વડે આપનો જ્ઞાન પ્રકાશ ઓલવાઈ જતો નથી, માટે અપૂર્વ દીપક છો. ૧૬

હે મુનિન્દ્ર! તમે જગતને વિષે સૂર્ય થકી અધિક મહિમાવાળા છો. કેમકે કદીય અસ્ત પામતા નથી, રાહુ વડે ગ્રસવા યોગ્ય નથી ( પાપરૂપ રાહુ વડે પરાભવ પામવા યોગ્ય ), તત્કાળ સમકાળે ત્રણે જગતને પ્રકાશ કરો છો અને મેઘ ( જ્ઞાનાવરણાદિ કર્મરૂપ વાદળા ) ના મધ્યભાગ વડે અચ્છાદિત થયો છે મોટો પ્રતાપ ( જ્ઞાન પ્રકાશ ) જેનો

એવા નથી, અર્થાત્ સૂર્યની ઉપમા પણ આપને ઘટતી નથી કેમકે તેના કરતાં પણ અધિક મહિમાવાળા આપ છો. ૧૭

નિરંતર ઉદય પામેલું, દલન કર્યો છે અજ્ઞાનરૂપ (મોહનીય કર્મરૂપ) મોટો અંધકાર જેણે એવું, રાહુ (કુતર્ક વાદીરૂપ)ના મુખને નહિ ગ્રસવા યોગ્ય, આઠ કર્મરૂપ વાદળાઓને નહિ આચ્છાદન કરવા યોગ્ય, અત્યંત કાન્તિવાળું અને ત્રણ જગતને પ્રકાશ કરતું એવું તમારું મુખરૂપ કમળ, અપૂર્વ ચંદ્રમાના બિમ્બરૂપ શોભે છે. અર્થાત્ ચંદ્રની ઉપમા પણ આપને ઘટતી નથી કેમકે તેના કરતાં પણ આપ અધિક મહિમાવાળા છો. ૧૮

હે નાથ! તમારા મુખરૂપ ચંદ્રમા વડે અંધકાર દલન કરાયે છતે, રાત્રીઓને વિષે ચંદ્ર વડે અથવા દિવસે સૂર્ય-વડે શું પ્રયોજન છે? અર્થાત્ તે કંઈ કામના નથી. કેમકે પાકેલા શાલી (ડાંગર)ના વનવડે શોભાયમાન થયેલ જીવ-લોક છતે, પાણીના ભાર વડે નમ્ર થયેલા મેઘોવડે શું પ્રયો-જન છે? અર્થાત્ તમારા મુખરૂપ ચંદ્ર-સૂર્યનું કાંઈપણ પ્રયોજન નથી. ૧૯

હે નાથ! અનંત ધર્માત્મક પદાર્થોને વિષે કર્યો છે પ્રકાશ જેણે એવું જ્ઞાન (કેવળજ્ઞાન) જેવી રીતે તમારે વિષે શોભે છે, તેવી રીતે પોતપોતાના શાસન નાયક એવા હરિહરાદિ દેવોને વિષે એવા પ્રકારનું (જ્ઞાન) નથી શોભતું, કેમકે દેદીપ્યમાન (જાતિવંત) મણિઓને વિષે જેવી રીતે પ્રકાશ મોટાઈને પામે છે તેવી રીતે કાન્તિ વડે

વ્યાપ્ત (ચળકતા) એવા પણ કાચના ટૂકડાને વિષે એ (મોટાઈ) નથી પામતું અર્થાત્ અન્ય દેવોને વિભંગ જ્ઞાન છે. તમારા જેવું કેવળજ્ઞાન તેમનામાં નથી. ૨૦

હે નાથ! નિશ્ચય કરી હરિહરાદિક દેવો જોયા તે સારું જ માનું છું કેમકે જેને દીઠે છતાં હૃદય તમારે વિષે જ સંતોષ (આનંદ) ને પામે છે. દેખેલો એવા તમારા દર્શનવડે કરીને શું? તો કે જે તમારા દર્શન વડે પૃથ્વી વિષે બીજો કોઈ દેવ ભવાંતરને વિષે પણ મનને હરણ નહિ કરે. અર્થાત્ આપની શાન્ત મુદ્રા નિહાળ્યા પછી બોધિબીજ પ્રાપ્ત કરેલ ભવ્યાત્માને ભવાંતરે પણ અન્ય દેવોના દર્શન મન હરણ કરી શકતા નથી. ૨૧

હે નાથ! સ્રીઓના સેંકડાંઓ સેંકડો પુત્રોને પ્રસવે છે, પરંતુ તમારા જેવા પુત્રને બીજી કોઈ માતા જન્મ આપતી નથી; કેમકે બધી દિશાઓ નક્ષત્રોને ધારણ કરે છે પણ દેદીપ્યમાન છે કિરણોનો સમૂહ જેનો સૂર્યને પૂર્વ દિશા જ ઉત્પન્ન કરે છે, અર્થાત્ સૂર્યને જન્મ આપનાર જેમ પૂર્વ દિશા જ છે તેમ તમારા જેવા પુત્રને જન્મ આપનાર તો તમારી માતા (મરુદેવા) જ છે. ૨૨

હે મુનિન્દ્ર! મુનિઓ તમોને પરમ પુરુષ (નિષ્કર્મા) અને પાપરૂપ અંધકારની આગળ સૂર્ય જેવી કાન્તિવાળા નિર્મળ (રાગ-દ્વેષ રહિત) કહે છે અને તમોને જ રૂડા પ્રકારે પામીને (જાણી) મૃત્યુને જિતે છે. તે સિવાય બીજો કોઈ ઉપદ્રવ રહિત મોક્ષપદનો માર્ગ નથી. ૨૩

હે પ્રભુ! સંત (સાધુ–સજ્જન) પુરુષો તમોને અવ્યય (નાશ ન પામે તેવા) વિભુ, (પરમ ઐશ્વર્ય વડે શોભતા કર્મનું ઉન્મૂલન કરવામાં સમર્થ) અચિંત્ય (અચિંત્ય ગુણવાળા અથવા આધ્યાત્મિક પુરુષોથી પણ ચિંતવન ન થઈ શકે એવું સ્વરૂપ છે જેનું એવા) અસંખ્ય (ગુણવાળા) આદ્ય (પહેલાં તીર્થંકર અથવા લોક વ્યવહાર રૂપ સૃષ્ટિની શરૂઆત કરનારા અથવા પંચ પરમેષ્ઠિમાં આદ્ય), બ્રહ્મ સ્વરૂપ (પરમાનંદ સ્વરૂપ નિવૃત્તિરૂપ), ઈશ્વર (દેવોના દેવ), અનંત (અનંત જ્ઞાન દર્શનવાળા અથવા મૃત્યુરૂપ અંત વિનાના), અનંગકેતુ (કામદેવનો નાશ કરવાને પૂંછડિયા તારા જેવા અથવા અંગઔદારિકાદિ શરીર તે રૂપ કેતુ ચિહ્ન જેને નથી તેવા) યોગીઓના ઈશ્વર (ચાર જ્ઞાની મુનિઓ અથવા ધ્યાની પુરુષોના ઈશ્વર), યોગ (જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપને જાણનારા અથવા જણાયો છે અષ્ટાંગ યોગ જેનાથી) અનેક (જ્ઞાને કરીને સર્વ વ્યાપક હોવાથી અનેક અથવા એક પર્યાયવાળા), અદ્વિતીય (સર્વોત્તમ), જ્ઞાન સ્વરૂપ (કેવળજ્ઞાન સ્વરૂપ છે જેમનું એવા); અને નિર્મળ (અઢાર દોષ રહિત) એવા કહે છે. ૨૪

હે નાથ! દેવતાઓએ અર્ચિત કર્યો છે બુદ્ધિનો બોધ જેનો એવો છો, માટે તમે જ બુદ્ધદેવ છો, ત્રણ ભુવનને સુખને કરવા પણ થકી તમે જ શંકર છો, હે ધીર! મોક્ષ માર્ગની વિધિ (રત્નત્રયરૂપ)ને રચવાથી (પ્રરૂપવા થકી) તમે જ બ્રહ્મા છો. હે ભગવંત! તમે જ પ્રગટ પુરુષોત્તમ

( કૃષ્ણ ) છો, અર્થાત બુદ્ધ, શંકર, બ્રહ્મા અને નારાયણ એ યથાર્થ નામ પ્રમાણે ગુણવાળા નથી, કેમકે બુદ્ધ કેવળજ્ઞાન રહિત, શંકર સંહાર કરનારા, બ્રહ્મા હિંસક વેદનો ઉપદેશ દેનારા અને કૃષ્ટ કપટ યુક્ત છે. માટે તે નામના યથાર્થ ગુણો સર્વ આપનામાં જ છે. ૨૫

હે નાથ ! ત્રણ ભુવનની પીડાને હરનારા તમોને નમસ્કાર હો ! પૃથ્વીતળને વિષે નિર્મળ ભૂષણ ( અલંકાર ) રૂપ તમોને નમસ્કાર હો ! ત્રણ જગતના પરમેશ્વર એવા તમોને નમસ્કાર હો ! અને હે જિન ! ભવ ( ચાર ગતિના ભ્રમણ રૂપ ) સમુદ્રને શોષણ કરનારા તમોને નમસ્કાર હો ! ૨૬

હે મુનીશ ! ( મુનિઓના ઈશ્વર ) સમસ્ત ગુણોવડે તમે નિરંતર પણે રૂડા પ્રકારે આશ્રય કરાયેલા છો, એમાં શું આશ્ચર્ય છે ? કેમકે ગ્રહણ કરેલા વિવિધ આશ્રયો વડે ઉત્પન્ન થયો છે ગર્વ જેને એવા દોષોવડે તમે સ્વપ્નાંતરમાં ક્યારે પણ જોવાયેલા નથી. અર્થાત સમસ્ત ગુણો તમોને આશ્રય કરી રહ્યાં છે. ૨૭

હે જિન ! ઊંચા અશોક વૃક્ષને આશ્રય કરીને રહેલું ( અશોક વૃક્ષની નીચે બેઠેલ ), ઊંચા ( અથવા અધિક ) છે કિરણો જેના એવું તમારું શરીર, પ્રગટ દેદીપ્યમાન છે કિરણો જેનાં એવું; નાશ કર્યો છે અંધકારનો સમૂહ જેણે એવું અને મેઘ ( વાદળાં )ની પાસે રહેલું એવું સૂર્યનું બિંબ હોય તેની પેઠે અત્યંત શોભે છે. ૨૮

મણિઓના કિરણોની પંક્તિ ( અથવા અગ્રભાગ ) વડે ચિત્રવિચિત્ર એવા સિંહાસનને વિષે સુવર્ણના જેવું મનોજ્ઞ તમારું શરીર, ઊંચા મેરુ પર્વતના શિખર ઉપર આકાશને વિષે ઉદ્યોતમાન ( પ્રસરેલા ) કિરણોની શાખાનો સમૂહ છે જેનો એવું સૂર્યનું બિંબ હોય, તેની પેઠે વિશેષે કરીને શોભે છે. ૨૯

હે પ્રભુ ! મોગરાના પુષ્પ જેવા શ્વેતવર્ણવાળા અને ( ઈન્દ્રોએ ) વીંઝેલા એવા ચામરોવડે મનોહર છે શોભા જેની એવું તથા સુવર્ણ સરખું મનોહર તમારું શરીર, ઉદય પામેલા ચંદ્ર સરખા નિર્મળ ઝરણના પાણીની ધારા જેને વિષે છે એવું અને સુવર્ણમય મેરુ પર્વતનું ઊંચું શિખર હોય, તેની જેવું વિશેષે કરીને શોભે છે. ૩૦

હે પ્રભુ ! ચંદ્ર સરખું મનોહર ( અથવા ઉજ્જવળ ) ઊંચે રહેલું ( તમારા મસ્તકે ધારણ કરાયેલું ), ઢાંકી દીધો છે સૂર્યના કિરણોનો પ્રતાપ ( તેજ અથવા સંતાપ, પીડા ) જેણે એવું મોતીના સમૂહની રચનાવડે વિશેષે વૃદ્ધ પામી છે શોભા જેની એવું અને ત્રણ જગતના પરમેશ્વરપણાને જાણે પ્રકર્ષ કરીને જણાવતું હોય નહિ ? તેવું તમારું છત્ર-ત્રય વિશેષે શોભે છે. ૩૧

હે જિનેન્દ્ર ! વિકસ્વર થયેલા સુવર્ણના નવીન કમળના સમૂહની કાન્તિવડે ચારે તરફ ઉછળતાં નખના કિરણોની પંક્તિવડે મનોહર એવા તમારા બે ચરણો જ્યાં ગમન

સ્થાનને ધારણ કરે છે (ચરણ ન્યાસ કરે છે, જાય છે) ત્યાં દેવતાઓ કમળ રચે છે. ૩૨

હે જિનેન્દ્ર ! ધર્મના ઉપદેશની વિધિમાં (ધર્મ વ્યાખ્યાન કરથી વખતે) એ પૂર્વોક્ત પ્રકારની તમારી અતિશય રૂપ સંપદા જે પ્રકારે હતી, તે પ્રકારે અન્ય દેવોની સંપદા નહોતી : કેમકે પ્રકર્ષે કરીને હણ્યો છે અંધકાર જેણે એવી સૂર્યની કાન્તિ જેવી છે તેવી કાન્તિ પ્રકાશિત થયેલ પણ ગ્રહસમૂહની ક્યાંથી હોય ? ૩૩

ઝરતા મદવડે કરીને કલુષિત થયેલા અને ચંચળ એવા જે ગંડસ્થળો તેને વિષે મદોન્મત્ત થયેલ અને અહીં તહીં ભમતા એવા ભ્રમરોના ઝંકાર શબ્દ વડે વિશેષ વૃદ્ધિ પામ્યો છે કોપ જેનો એવા, ઐરાવત હસ્તિ સરખી છે કાન્તિ જેની એવા અને ઉદ્ધત ( દુર્દાન્ત ) એવા હસ્તિને સન્મુખ આવતો જોઈને પણ તમારા આશ્રિતો ( ભક્તજનો ) ને ભય ઉત્પન્ન થતો નથી. ૩૪

ભેદાયેલા હસ્તિના કુંભસ્થળ થકી પડેલ ઉજ્જવળ અને લોહીથી ખરડાયેલા એવા મોતીના સમૂહવડે શોભાવ્યું છે પૃથ્વીપીઠ જેણે એવો તથા કીલિત છે બે પગો જેના (ફાળ મારતો) એવો સિંહ પણ તમારા ચરણયુગલરૂપ પર્વતને આશ્રય કરીને રહેલ મનુષ્યને ફાળમાં પ્રાપ્ત થયો હોય ( પોતાની પાસે જ આવી ગયો હોય ) તો પણ પરાભવ કરતો નથી, અર્થાત્ મારવાને દોડતો નથી. મારી શકતો નથી. ૩૫

પ્રલયકાળના પવન વડે ઉદ્ધત થયેલ (પ્રેરાયેલ), અગ્નિ સદૃશ, જાજ્વલ્યમાન, ઉજ્જવળ, ઊંચે ગયેલા છે તણખાં જેનો એવો અને જગતને ગળી જવાને જાણે ઇચ્છતો હોય તેમ સન્મુખ આવતો એવો સમસ્ત જે દાવાનળ તેને તમારા નામના કીર્તનરૂપ જળ શાન્ત કરે છે, અર્થાત્ તમારા નામરૂપ કીર્તન જળથી શાંતિને પામે છે, સમાઈ જાય છે. ૩૬

હે ભગવંત! તમારા નામરૂપ નાગદમની જે પુરુષના હૃદયને વિષે વર્તે છે તે પુરુષ, લાલ નેત્રાવાળા, મદોન્મત, કોયલ કંઠ સરખા શ્યામવર્ણવાળા, ક્રોધવડે ઊંચી કરી છે ફણા જેણે એવા અને કરડવાને સન્મુખ આવતા એવા સર્પને નાશ થયો છે ભય જેનો એવો છતો (પોતાના) ચરણ યુગલવડે ઉલ્લંઘન કરે છે. અર્થાત્ જે પુરુષના હૃદયમાં તમારા નામરૂપ મંત્ર છે તે પુરુષ નિર્ભયપણે ઉગ્ર સર્પને પોતાના પગવડે કરીને દોરડીની માફક સ્પર્શ કરે છે. ૩૭

સંગ્રામને વિષે યુદ્ધ કરતાં ઘોડા અને હાથીઓની ગર્જનાવડે ભયંકર છે શબ્દો જેને વિષે એવું અતિશય બલવાન રાજાઓનું સૈન્ય પણ તમારા કીર્તન થકી, ઉદય પામેલા સૂર્યના કિરણોની શિખાઓવડે ભેદાયેલું અંધકાર હોય તેની પેઠે શીઘ્ર નાશને અર્થાત્ સૂર્યના કિરણથી જેમ અંધકાર નાશ પામે છે, તેમ તમારા નામ સ્મરણથી અતિશય બલવાન રાજાનું સૈન્ય પણ ભાગી જાય છે. ૩૮

ભાલાની અણીઓવડે ભેદાયેલા હસ્તિના રૂધિરરૂપ જળ પ્રવાહને વિષે ઉતાવળે પ્રવેશ થવા થકી તેને તરવાને આતુર

(વ્યાકુળ) થયેલાં યોદ્ધાઓ વડે કરીને ભયંકર યુદ્ધને વિષે તમારા ચરણરૂપ કમળવનને આશ્રય કરીને રહેલા પુરુષો, વિશેષ પ્રકારે જિત્યા છે (દુઃખે જિતાય એવા) શત્રુના પક્ષોને જેણે એવા છતાં જયને પામે છે, અર્થાત્ તમારા ચરણ કમળને આશ્રિતજનો મોટા સંગ્રામમાં જય મેળવે છે. ૩૯

ક્ષોભ પામેલા છે, ભયકંર નક્ર જાતિના મત્સ્યના સમૂહો, પાઠીન અને પીઠ જાતિના જળજંતુઓ અને ભયને આપનારા તથા વિષમ વડવાગ્નિ જેને વિષે એવા સમુદ્રને વિષે ઉછળતા કલ્લોલના શિખર ઉપર રહ્યું છે વહાણ જેનું એવા પુરુષો, તમારા નામસ્મરણથી ત્રાસનો ત્યાગ કરીને ઇચ્છિત સ્થાને જાય છે અર્થાત્ તોફાની દરિયામાં પણ તમારા નામ સ્મરણથી નિર્વિઘ્ને ઈચ્છિત સ્થાને પહોંચે છે. ૪૦

ઉત્પન્ન થયેલ ભયંકર જલોદર રોગના ભારવડે વાંકા વળી ગયેલા, શોચનીય દશાને પ્રાપ્ત થયેલા અને છોડી દીધી છે જીવિતની આશા જેમણે એવા મનુષ્યો તમારા ચરણકમળની રજરૂપ અમૃતવડે લેપાયેલ છે શરીર જેમના એવા છતે કામદેવ સરખા (સુંદર શરીરવાળા-રૂપવાન) થાય છે અર્થાત્ શરીરે અમૃત ચોપડવાથી જેમ સુંદરરૂપ થાય છે, તેમ તમારા ચરણ કમળની રજ લગાડવાથી જલોદરાદિ દુઃસાધ્ય રોગવાળા મનુષ્યોના રોગો નાશ પામી સુંદરરૂપ થાય છે. ૪૧

પગથી માંડીને ગળા સુધી મોટી સાંકળવડે બાંધ્યા છે

અંગો જેમનાં એવા અને અત્યંત મોટી બેડીઓની અણીઓ વડે નિઃશેષ પણે ઘસાતી છે જે જંઘાઓ જેમની એવા પણ, તમારા નામરૂપ મંત્ર ( ઋષભાય નમ : ) નિરંતર સ્મરણ કરનારા મનુષ્યો, તત્કાળ પોતાની મેળે વિશેષે ગયું છે બંધનનું ભય જેનું એવું થાય છે. અર્થાત્ તમારા નામ સ્મરણથી આકરું બંધન ભય તત્કાળ નાશ પામે છે. ૪૨

હે ભગવંત ! જે બુદ્ધિમાન પુરુષ તમારા આ ( ભક્તામર નામના ) સ્તવનને ભણે છે. તે પુરુષો મદોન્મત્ત હસ્તિ, સિંહ, દાવાનળ, સર્પ, સંગ્રામ, મહાસાગર, જળોદર અને બંધન થકી ઉત્પન્ન થયેલ ભય-બીકે કરીને જેમ હોય નહીં તેમ શીઘ્ર નાશ પામે છે. અર્થાત્ તમારા સ્તોત્રના પઠન થકી ઉપર કહેલા આઠ જાતના ભયો ભય પામ્યા હોય તેમ નાશ પામે છે. ૪૩

હે જિનેન્દ્ર ! મેં ભક્તિરૂપ રચનાવડે અને જ્ઞાનાદિ ગુણો રૂપ દોરાવડે ગૂંથેલી અને મનોહર અક્ષરરૂપ ચિત્ર વિચિત્ર પુષ્પોવાળી તમારી સ્તોત્રરૂપ માળાને [ દુર્લભ-એટલે આ ભક્તામર સ્મરણનું પદ્યમાં ગુજરાતી રહસ્ય કર્તા. દુર્લભ વિ. ગુલાબચંદ મહેતા વલ્લભીનિવાસી અથવા ] જે પુરુષ આ લોકને વિષે નિરંતર કંઠને વિષે ધારણ કરે છે- ગણે તે માનવડે ઉન્નત પુરુષ અથવા **માનતુંગસૂરિને** પોતાને તાબે રહેનારી મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. અર્થાત્ તમારા સ્તોત્રને નિરંતર ગણનારને અજરામર મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૪૪

# કલ્યાણમંદિર ૮ ભાવાનુવાદ

કલ્યાણનું ઘર, ઉદાર (મોટું અથવા ભવ્ય-જનોને વાંછિત આપે તેથી દાતાર), પાપને ભેદન કરનાર, ભય પામેલાને અભય (નિર્ભયતા અથવા મોક્ષ) આપનાર, પ્રશસ્ય (જરા પણ દોષરહિત), અને સંસારરૂપ સમુદ્રને વિષે ડૂબતા સમગ્ર પ્રાણીઓને વહાણ તુલ્ય એવા જિનેશ્વરના ચરણ કમળને નમસ્કાર કરીને, ૧

કમઠના અહંકારને ધૂમકેતુ સમાન એવા જે તીર્થંકર (પાર્શ્વ પ્રભુ) ના મહિનારૂપી મહાસાગરનું સંસ્તવન કરવાને વિસ્તાર પામેલી છે બુદ્ધિ જેની એવો બૃહસ્પતિ પોતે સમર્થ નથી, તે તીર્થંકરનું સ્તવન પ્રત્યક્ષ (મૂર્ખ) એવો હું નિશ્ચે કરીશ. ૨

હે સ્વામી! મારા સરખા મંદ બુદ્ધિવાળા પુરુષો, સામાન્યપણે પણ તમારું સ્વરૂપ વર્ણવાને કેવી રીતે સમર્થ થાય? અથવા ધૃષ્ટ (ધીઠો-દઢ પ્રયત્નવડે પ્રગલ્લભ) પણ દિવસે આંધળો એવો ઘૂવડનો બાળક નિશ્ચે સૂર્યના સ્વરૂપને શું કહી શકે છે? અર્થાત્ ગમે તેવો વાચાળ અને બુદ્ધિશાળી ઘૂવડ હંમેશા દિવસે અંધ હોવાથી સૂર્યનું સ્વરૂપ વર્ણવી શકે નહિ તેમ હું મંદબુદ્ધિ હોવાથી તમારું સ્વરૂપ વર્ણવી શકું તેમ નથી. ૩

હે નાથ ! મોહનીય કર્મનો ક્ષય થવાથી ( અથવા અજ્ઞાનના ક્ષયથી ) ગુણોને અનુભવતો ( ભોગવતો ) એવો મનુષ્ય પણ તમારા ગુણોને ગણવાને નિશ્ચે સમર્થ થતો નથી. જે કારણ માટે કલ્પાંત કાળને વિષે ફેંકી દીધું છે પાણી જેણે એવા સમુદ્રનો પ્રત્યક્ષ પણ રત્નનો સમૂહ નિશ્ચે શું કોઈ વડે માપી શકાય છે ? અર્થાત્ પાણી ઊછળી જવાથી પ્રગટ દેખાતો રત્ન સમૂહ જેમ માપી શકાતો નથી તેમ મોહનીયાદિ કર્મના ક્ષયથી પ્રગટપણે તે ગુણોને જાણતા એવા કેવળી પણ તેની ગણતરી કરી શકતા નથી. ૪

હે નાથ ! હું જડબુદ્ધિવાળો ( મૂર્ખ ) છું તો પણ દેદીપ્યમાન અસંખ્ય ગુણના સ્થાન એવા આપનું સ્તવન કરવાને હું સાવધાન ( ઉદ્યમવંત ) થયેલ છું. બાળક પણ પોતાના બે હાથને પહોળા કરીને પોતાની બુદ્ધિવડે સમુદ્રના વિસ્તારને શું નથી કહેતો ? અર્થાત્ બાળક જેમ પોતાના હાથ પહોળા કરીને સમુદ્રનો વિસ્તાર બતાવે છે, તેમ હું પણ મારી શક્તિ અનુસારે આવડે એવી સ્તુતિ કરવાને ઉદ્યત થયો છું. ૫

હે પ્રભુ ! તમારા જે ગુણો યોગીઓને પણ કહેવાને પ્રાપ્ત થતા નથી ( વચન ગોચર થતા નથી ) તેને વિષે ( તે ગુણો કહેવાને ) મારી શક્તિ કેમ હોય ? તે માટે એ પ્રકારે ( સ્તુતિ કરવાનો આરંભ ) અવિચારી કાર્ય થયું. અથવા પક્ષીઓ પણ નિશ્ચે પોતાની ભાષા વડે બોલે છે. અર્થાત્

મનુષ્ય ભાષા ન આવડવાથી પક્ષીઓ જેમ પોતાની ભાષામાં બોલે છે તેમ હું પણ સુંદર અર્થગર્ભિત સ્તુતિ કરવાને અસમર્થ છતાંય શક્તિ અનુસાર સ્તુતિ કરું છું. ૬

હે જિનેશ્વર ! અચિંત્ય મહિમાવાળું તમારું સ્તવન દૂરે રહો, તમારું નામ પણ ( ગ્રહણ કરવાથી ) ત્રણ જગતનું ભવ ( સંસાર ભ્રમણ ) થકી રક્ષણ કરે છે, ગ્રીષ્મઋતુમાં પ્રચંડ ( અસહ્ય ) તાપવડે પીડાયેલા ( આકુળ વ્યાકુળ થયેલા ) પંથીજનો ( મુસાફરો ) ને કમળવાળા સરોવરનો સૂક્ષ્મ જળકણ સહિત ( ઠંડો ) પવન પણ ખુશી કરે છે; અર્થાત્ ઠંડો પવન મુસાફરોને ખુશી કરે તો પછી પાણીની તો શી વાત ? તેમ તમારું નામ માત્ર ભવભ્રમણ મટાડે તો પછી સ્તવનનો મહિમા તો શું વર્ણવવો ? મતલબ કે તમારું સ્તોત્ર ઘણા મહાત્મ્યવાળું છે. ૭

હે સ્વામી ! તમે હૃદયને વિષે વર્તતે છતે પ્રાણીના દૃઢ પણ કર્મબંધનો, જેમ વનનો મોર વનના મધ્યભાગે આવે છતે ચંદન વૃક્ષના સર્પમય બંધનો તત્કાળ ઢીલા થઈ જાય છે તેમ, ક્ષણવારમાં શિથિલ થાય છે. અર્થાત્ મોરના આવવાથી સુગંધને લીધે ચંદન ( સુખડ ) વૃક્ષને વીંટાઈ રહેલા સર્પો જેમ ખસી જાય છે તેમ તમો ભવ્ય પ્રાણીના હૃદયમાં વસવાથી ( તમારું ધ્યાન ધરવાથી ) આકરાં કર્મબંધ હોય તે ઢીલા થઈ જાય છે. ૮

હે જિનેન્દ્ર ! તમારા દર્શન થવાથી મનુષ્યો ભયંકર સેંકડો ઉપદ્રવો વડે, જેમ સ્ફુરાયમાન તેજ ( પ્રતાપ–બળ )

વાળો સૂર્ય અથવા રાજા ( અથવા ગોવાળ ) જોવાયે થકે પલાયન કરતા (નાશી જતા ) ચોરો વડે પશુઓથી શીઘ્ર મૂકાઈ જાય છે તેમ શીઘ્ર પણે મૂકાઈ જાય છે, અર્થાત્ તમારા દર્શનથી સેંકડો ઉપદ્રવો તત્કાળ નાશ પામે છે. ૯

હે જિનેન્દ્ર! તમે પ્રાણીઓને તારનારા કેવી રીતે છો? જે કારણ માટે સંસાર સમુદ્રને ઊતરતા એવા તેઓ (પ્રાણીઓ) જ તમોને હૃદયવડે વહન કરે છે અથવા તે યુક્ત છે. ચામડાની મસક નિશ્ચે પાણીને તરે છે તે આ પ્રત્યક્ષ અંદર રહેલ વાયુનો જ નિશ્ચે પ્રભાવ છે. ૧૦

જે કામદેવને વિષે હરિહરાદિ દેવો પણ હણાયા છે પ્રભાવ જેનો એવા થયા છે તે કામદેવ પણ તમારા વડે ક્ષણવારમાં ક્ષય પામ્યો છે. હવે તેનું દૃષ્ટાંત કહે છે:—જે પાણીવડે અગ્નિઓને બુઝાવી નાંખ્યા છે તે ( પાણી ) પણ દુઃસહ વડવાનળે શું નથી પીધું? નથી શોષણ કર્યું? અર્થાત્ બીજા અગ્નિને બુઝાવી નાખનાર પાણીને જેમ વડવાનલ શોષી જાય છે, તેમ હરિહરાદિ દેવોને પણ તાબે કરનાર એવા કામદેવને તમે જિત્યો છે. ૧૧

હે સ્વામી! તમોને સ્વામીપણાએ પ્રાપ્ત થયેલા પ્રાણીઓ ઘણી પ્રૌઢતાવાળા એવા પણ તમોને હૃદયમાં ધારણ કરવા છતાં અત્યંત હલકાપણાએ કરીને ( બીલકુલ ભાર ન હોય તેમ ) ભવસાગરને શીઘ્રપણે હોય તેમ કેવી રીતે તરે છે? એ આશ્ચર્ય છે. અથવા નિશ્ચે મહાન ( ત્રણ જગતને વિષે ઉત્તમ ) પુરુષોનો પ્રભાવ ચિંતવવા યોગ્ય નથી. અર્થાત્

તમે અતિ ગરિષ્ઠ એટલે ઘણાં ભારવાળા છતાં બિલકુલ ભાર વિનાના હલકા હોય તેમ તમોને હૃદયમાં ધારણ કરીને ભવસમુદ્રને તમારા આશ્રિતો જલ્દીથી તરી જાય છે એ આશ્ચર્ય છે, કેમકે વધારે ભાર હોય તો તે તરવાને અસમર્થ થાય, આ પ્રમાણે શંકા કરીને તેનું સમાધાન કરે છે કે—મહાન પુરુષોનો પ્રભાવ છે તે મનવડે પણ ચિંતવવા યોગ્ય નથી કેમકે તે ઘણા ભારવાળાને પણ પોતાના પ્રભાવથી સર્વથા ભાર રહિત હોય તેમ તારે છે. ૧૨

હે પ્રભુ! તમારાવડે જો ક્રોધ પ્રથમ જ નાશ થયેલો છે તો આશ્ચર્ય છે કે કર્મરૂપી ચોરો નિશ્ચે કેવી રીતે હણાયા? અથવા આ લોકને વિષે શીતળ પણ હિમ સમૂહ નીલા વૃક્ષવાળા વનખંડોને શું નથી બાળતો? અર્થાત્ ક્રોધ વિના કર્મરૂપ ચોરને તમે હણ્યા તે મોટું આશ્ચર્ય છે એમ શંકા કરીને સમાધાન કરે છે કે— ઠંડો હિમ જેમ વૃક્ષોને બાળે છે તેમ તમે ક્રોધ વિના પણ કર્મરૂપ ચોરને બાળો છો તે યુક્ત છે. ૧૩

હે જિન! મહર્ષિઓ હૃદયરૂપ કમળના ડોડાના મધ્ય ભાગને વિષે સિદ્ધ સ્વરૂપી એવા તમોને નિરંતર જ્ઞાનચક્ષુથી જુવે છે અથવા નિશ્ચે પવિત્ર અને નિર્મળ કાન્તિવાળા કમળના બીજનું કર્ણિકા થકી બીજું સ્થાન શું સંભવે? અર્થાત્ કમળના બીજનું સ્થાન જેમ કર્ણિકા છે. તેમ તમે પણ કર્મમલનો નાશ થવાથી પવિત્ર એટલે ચિદાનંદ સ્વરૂપે પ્રકટ થયેલા હોવાથી નિર્મળ કાન્તિવાળા છો. માટે યોગીન્દ્રના હૃદય

કમળના મધ્યભાગરૂપ કર્ણિકા એ જ તમારું યોગ્ય સ્થાન છે. ૧૪

હે જિનેશ્વર! લોકને વિષે ધાતુભેદ (માટી પાષાણ સાથે મળેલ ધાતુ) પ્રબળ અગ્નિવડે પાષાણપણાનો ત્યાગ કરીને તત્કાળ સુવર્ણપણાને જેમ પામે છે તેની જેમ તમારા ધ્યાન થકી ભવ્ય પ્રાણીઓ ક્ષણવારમાં શરીરનો ત્યાગ કરીને પરમાત્મદશાને પામે છે. અર્થાત્ તમારું ધ્યાન કરવાથી પ્રાણીઓ તમારા જેવા બને છે. ૧૫

હે જિન ! જે (શરીર)નાં હૃદયને વિષે ભવ્ય પ્રાણીઓ વડે તમે નિરંતર વિશેષે ચિંતવન થાઓ છો, તો પણ તે (ભવ્યોના) શરીરને તમે કેમ નાશ કરો છો? હવે દષ્ટાંત કહે છે કે મધ્યસ્થ પુરુષનું નિશ્ચે એવું જ સ્વરૂપ છે. જે કારણ માટે મોટા પ્રભાવવાળા પુરુષો કલેશને ઉપશમાવે છે. અર્થાત્ તમે મધ્યસ્થ હોવાથી શરીર અને જીવનો પરસ્પરનો અનાદિકાળનો વિગ્રહ હતો તે મટાડવા શરીરનો નાશ કરો છો અને જીવને મોક્ષ પમાડો છો. ૧૬

હે જિનેન્દ્ર! પંડિતોવડે તમારે વિષે અભેદ બુદ્ધિએ કરીને ધ્યાન કરાયો છતો આ આત્મા આ જગતને વિષે તમારા સરખો પ્રભાવવાળો થાય છે. પાણી પણ અમૃતપણે એ પ્રકારે ચિંતવન કરાયું છતું (અથવા મણિ મંત્રાદિક વડે સંસ્કારિત કર્યું છતું) ઝેરના વિકારને શું દૂર નથી કરતું? અર્થાત્ અમૃતબુદ્ધિએ ચિંતવેલું અથવા મંત્રિત

કરેલું પણી ઝેર ઉતારે છે, તેમ તમારી સાથે અભેદભાવે ધ્યાન કરવાથી કર્મમળરૂપ ઝેર ઉતારીને આ આત્મા પરમાત્મા થાય છે. ૧૭

હે પ્રભુ ! પરતીર્થિંઓ (અન્ય દર્શનીઓ) પણ હરિહરાદિ દેવોને બુદ્ધિવડે કરીને રાગદ્વેષરૂપ તમોગુણ રહિત એવા તમોને જ નિશ્ચે આશ્રય કરીને રહેલા છે. કમળાના રોગવાળા શ્વેત એવો શંખ પણ વિવિધ રંગના પરાવર્તે કરીને શું નથી ગ્રહણ કરતો ? અર્થાત્ કમળાના રોગવાળો મનુષ્ય ધોળા શંખને પીળો શંખ, લીલો શંખ એ પ્રકારે જુદા જુદા રંગે દેખે છે, તેમ અન્ય દર્શનીઓ પણ તમારું આ હરિ છે, હર છે, બ્રહ્મ છે, એવી બુદ્ધિથી આરાધન કરે છે. ૧૮

હે સ્વામીન્ ! ધર્મના ઉપદેશ વખતે તમારા સમીપપણાના પ્રભાવ થકી ચેતનવાળા મનુષ્ય તો દૂર રહો, પરંતુ અવ્યક્ત ચેતનવાળા વૃક્ષ પણ શોકરહિત ( અશોક ) થાય છે. અથવા સૂર્ય ઉદય પામે છતે વૃક્ષોવડે સહિત પણ આખું જગત શું વિકાસપણાને નથી પામતું ? અર્થાત્ સૂર્યોદય થયે છતે કેવળ લોક જ નિદ્રાનો ત્યાગ કરીને જાગૃત થાય છે, એટલું જ નહિ પરંતુ વૃક્ષો પણ પત્રસંકોચાદિ લક્ષણરૂપ નિદ્રા છોડીને વિકસ્વર થાય છે; તેમ તમારા પ્રભાવથી મનુષ્યો શોકરહિત થાય છે. નામથી અશોક થાય છે તે યુક્ત છે. ૧૯

હે પ્રભુ ! સઘન એવી દેવોએ કરેલી પુષ્પવૃષ્ટિ ચારે

તરફ નીચું છે મુખ જેનું એવા બીંટ હોય તેમજ કેમ પડે છે એ આશ્ચર્ય છે. અથવા હે મુનિશ! તમો પ્રત્યક્ષ છતે સુંદર ચિત્તવાળા ( ભવ્યજનો ) ના બંધનો (કર્મના અભ્યંતર બંધન અને બેડી વગેરે બાહ્ય બંધન ) જે કારણ માટે નીચે જ જાય છે. (નાશ પામે છે.) અર્થાત્ પુષ્પના બીંટ નીચે જાય છે તે એમ સૂચવે છે કે ભગવંતના સમીપપણાથી જેમ અમારા બીંટ ( બંધન ) નીચે રહે છે તેમ ભવ્ય પ્રાણી અગર દેવતાના બંધનો પણ નીચે જશે એટલે તૂટીને નીચે પડશે. ૨૦

હે સ્વામીન્! ગંભીર હૃદય રૂપ સમુદ્ર થકી ઉત્પન્ન થયેલી એવી તમારી વાણીના અમૃતપણાને શ્રોતાઓ કહે છે તે યુક્ત છે. જે માટે ઉત્કૃષ્ટ હર્ષના સંયોગને ભજનારા ભવ્યજનો તમારી વાણીનું પાન કરીને ( અત્યંત આદરથી સાંભળીને ) શીઘ્ર અજરામરપણાને પામે છે. અર્થાત્ જે કોઈ અમૃતને પીવે છે. તે અજરામર થાય છે તેમ તમારી વાણીનું પાન કરનારા ભવ્યો ચિદાનંદ સ્વરૂપ થઈ ( મોક્ષ ) અજરામર સ્થાનને પામે છે. માટે તમારી વાણીને અમૃત તુલ્ય કહે છે તે યુક્ત છે. ૨૧

હે સ્વામીન્! હું એમ માનું છું કે પવિત્ર એવા દેવોએ વીંજેલા ચામરોના સમૂહો, અત્યંત નીચા નમીને પછી રૂડે પ્રકારે ઊંચે ઊછળતા છતાં આ પ્રકારે કહે છે :– ‘ જે મનુષ્યો આ પ્રત્યક્ષ મુનિઓને વિષે શ્રેષ્ઠ ( પાર્શ્વનાથ પ્રભુ ) ને નમસ્કાર

કરે છે તે શુદ્ધ ભાવવાળા મનુષ્યો નિશ્ચે ઊંચી ગતિવાળા થાય છે.' અર્થાત્ ચામરો એમ સૂચવે છે કે જેમ અમે નીચા નમ્યા પછી ઊંચે ચડીએ છીએ તેમ જે કોઈ આ જિનેશ્વરને નમશે તે ઊંચી ગતિને ( મોક્ષ ગતિ ) પામશે. ૨૨

હે પ્રભુ! અહીં ( સમવસરણને વિષે ) નીલા-વર્ણવાળા, ગંભીર વાણીવાળા, અને નિર્મળ ( ઉજ્જવળ-દેદીપ્યમાન ) સુવર્ણ મિશ્રીત રત્નના બનાવેલા સિંહાસનને વિષે બેઠેલા એવા તમોને ભવ્ય પ્રાણીરૂપ મયૂરો, મેરુ પર્વતના શિખર ઉપર અત્યંત ગર્જના કરતા નવીન મેઘને જેમ ઉત્સુકતાથી જોતા હોય તેની પેઠે જુવે છે. ૨૩

હે પ્રભુ! ઊંચે જતા ( પ્રસરતા ) એવા તમારા નીલ-કાંતિના મંડળ ( ભામંડળ ) વડે આચ્છાદિત થઈ છે પાંદડાની કાંતિ જેની એવો અશોક વૃક્ષ હતો. અથવા હે વીતરાગ! તમારા સમીપ પણાના થકી ચેતના સહિત એવો પણ કયો પુરુષ નિર્મમત્વને ન પામે? અર્થાત્ તમારા સમીપપણાથી સચેતન ( પ્રગટ ચેતનવાળા ) વૈરાગ્યને પામે છે તો અચેતન ( અપ્રગટ ચેતનવાળો ) અશોક વૃક્ષ નીરાગતાને ( નિસ્તેજપણું ) પામે તે યુક્ત જ છે, કેમકે અચેતનને તો ગમે તે ફેરવી શકે સચેતનને તો જ્ઞાનવાન હોય તે જ પ્રતિબોધી શકે. ૨૪

હે દેવ! હું એમ માનું છું કે આકાશને વ્યાપીને શબ્દ કરતો એવો તમારો દેવદુંદુભિ ત્રણ જગતને આ પ્રકારે નિવેદન કરે છે (ઉદ્‌ઘોષણા) કરે છે કે- 'હે ત્રણ જગતના

લોકો ! તમે આળસનો ત્યાગ કરીને અહીં આવીને મોક્ષ-નગરી પ્રત્યે સાર્થવાહ તુલ્ય આ પાર્શ્વનાથ પ્રભુને ભજો! અર્થાત્ દેવદુંદુભિ ઉદ્‌ઘોષણા કરીને સૂચવે છે કે હે લોકો! પ્રમાદ દૂર કરીને આ મોક્ષદાયક પ્રભુને ભજો. ૨૫

હે નાથ! તમારા વડે ત્રણ ભુવન પ્રકાશિત થયે છતે તારામંડળ સહિત એવો આ ચંદ્રમાં વિશેષે હણાયો છે અધિકાર (જગતને વિષે પ્રકાશ કરવા રૂપ), જેનો એવો છતો, મોતીના સમૂહ વડે સહિત અને ઉલ્લસિત ત્રણ છત્રના મિષથી ત્રણ પ્રકારે ધારણ કર્યું છે શરીર જેણે એવો તમારી પાસે સેવા કરવા આવેલો છે. અર્થાત્ જગતને તમે પ્રકાશિત કર્યું તેથી ચંદ્રમાને પ્રકાશ કરવાનો અધિકાર રહ્યો નહિ માટે ત્રણ છત્રના મિષથી તે તમારી સેવા કરવા આવ્યો હોય તેમ જણાય છે. ૨૬

હે ભગવન્! પ્રકર્ષે કરીને પ્રેર્યું છે ત્રણ જગત જેણે તેથી એકત્ર થયેલા એવા પોતાના કાન્તિ, પ્રતાપ અને યશના સમૂહ વડે કરીને જાણે હોય! તેમ ચારે તરફ નીલરત્ન, સુવર્ણ અને રૂપા વડે પ્રકર્ષે નિર્માણ થયેલા (રચાયેલા) એવા ત્રણ ગઢ વડે તમે વિશેષ શોભો છો. અર્થાત્ તમારા કાન્તિ, પ્રતાપ અને યશવડે ત્રણ જગત પૂરાઈ ગયું તેથી બીજું સ્થાન ન હોવાથી તેઓ ત્રણ ગઢ રૂપે એકત્ર થઈને રહેલા છે. ૨૭

હે જિનેશ્વર! મનોહર પુષ્પની માળાઓ, નમસ્કાર

કરનારા દેવેન્દ્રોના વૈડુર્ય રત્નના રચેલા મુકુટોને પણ ત્યાગ કરીને તમારા ચરણુ યુગલનો આશ્રય કરે છે અથવા તમારા સંગમ થયે છતે પંડિતો (દેવતાઓ) અન્ય સ્થળે રમતા નથી જ. ૨૮

હે નાથ! તમે ભવસમુદ્ર થકી વિશેષે પરાંગમુખ થયેલા છતાં પણ પોતાની પીઠે વળગેલા પ્રાણીઓ (જે જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ માર્ગવડે જિનેશ્વર મોક્ષે ગયા છે તે માર્ગને અનુસરવાવાળા) ને જે કારણુ માટે તારો છો તે વિશ્વના સ્વામી અને સુજ્ઞ એવા તમોને જ નિશ્ચે યુક્ત છે પરંતુ હે પ્રભુ! અહીં આશ્ચર્ય છે કે–જે કારણુ માટે તમે કર્મના વિપાક (ફળ) રહિત છો. ૨૯

હે જનપાલક! તમે વિશ્વના ઈશ્વર છો પણ દુર્ગત છો (દરિદ્રી છો). (આ વિરોધાલંકાર છે તેનો પરિહાર કરે છે કે–) તમે વિશ્વના ઈશ્વર છો તો પણ દુર્ગત કે દુઃખે કરીને જાણવા યોગ્ય છો અથવા હે ઈશ્વર! શું તમે અક્ષર (વર્ણ) સ્વભાવવાળા છો તો પણ બ્રાહ્મી આદિ લિપિ રહિત છો. (આ વિરોધાલંકાર છે તેનો પરિહાર કરે છે કે-) તમે નિશ્ચળ પ્રકૃતિવાળા (શાશ્વત અથવા મોક્ષરૂપ સ્વભાવાળા) છતાં કર્મરૂપ લેપ રહિત છો. અજ્ઞાનવાન એવા પણ તમારે વિષે ત્રણ જગતને પ્રકાશ કરવાના હેતુભૂત એવું જ્ઞાન નિશ્ચે કેવી રીતે નિરંતર સ્ફૂરે છે? (આ વિરોધાલંકાર છે તેનો પરિહાર કરે છે કે–) મૂર્ખ જનોને બોધ કર્યે છતે ત્રણુ

જગતને પ્રકાશ કરવાના હેતુભૂત એવું જ્ઞાન નિરંતર તમારે વિષે સ્ફુરે છે. ૩૦

હે નાથ! કમઠાસુરે ક્રોધ થકી; અત્યંતપણે વ્યાપ્ત કર્યું છે આકાશ જેણે એવી જે રજો (ધૂળ) તમારા તરફ ઉડાડી, તે રજોવડે તમારી છાયા (શરીરનો પડછાયો અથવા કાન્તિ) પણ ન હણાણી પરંતુ એ રજો વડે હતાશ (હણાઈ છે આશ જેની એવો) અને દુષ્ટાત્મા એવો એજ કમઠાસુર વ્યાપ્ત થયો. ૩૧

હે જિનેશ્વર! ગર્જના કરતો પ્રબળ મેઘનો સમૂહ છે જેને વિષે એવું, ઘણું ભયંકર, આકાશ થકી પડતી વીજળી છે જેને વિષે એવું અને સાંબેલા જેવી પુષ્ટ અને બિહામણી છે ધારા જેને વિષે એવું દુઃખ તરવા યોગ્ય (દુઃસહ) પાણી જે કારણ માટે કમઠાસુરે વરસાવ્યું (તમને ઉપસર્ગ કરવા) પછી તે જ પાણીવડે તે કમઠાસુરનું ભૂંડી તલવારનું કામ કરાયું અર્થાત્ ખરાબ તલવાર તેને રાખનારનું જ છેદન ભેદન કરે છે તેમ આ પાણી તેના વરસાવનાર કમઠને જ સંસારને વિષે છેદન ભેદન રૂપ કાર્ય કરનારું થયું. મતલબ કે પ્રભુને ઉપસર્ગ કરવાથી તેનો સંસાર વધ્યો. ૩૨

હે પ્રભુ! નીચે વિખરાયેલા ઉપરના કેશ હોવાથી વિરૂપ થયેલી છે આકૃતિ જેની એવા મનુષ્યના માથાના ઝુમણા (લટકતા હારડા)ને ધારણ કરનાર ભયંકર મુખ થકી નીકળતો છે અગ્નિ જેને એવો જે દૈત્યનો સમૂહ તે પણ

તમારા પ્રત્યે (ઉપસર્ગ કરવા માટે) કમઠાસુરે મૂકયો તે (દૈત્ય સમૂહ) અને (કમઠાસુર) ભવાભવને વિષે સંસારના દુઃખનું કારણુ બન્યું. ૩૩

હે ત્રણુ ભુવનના સ્વામી ! હે પ્રભુ ! વિશેષે ટાળ્યા છે અન્ય કાર્યો જેણે એવા અને ભક્તિવડે ઉલ્લાસ પામતા રોમાંચ વડે વ્યાપ્ત છે શરીર જેનાં એવા જે પ્રાણીઓ પૃથ્વીને વિષે તમારા ચરણુ યુગલને વિધિ પૂર્વક ત્રણે કાળે પૂજે છે. તેઓ જ ધન્ય છે. ૩૪

હે મુનિન્દ્ર ! હું એમ માનું છું કે–આ અપાર ભવ સમુદ્રને વિષે તમે મારા શ્રવણુ ગોચરપણાને પ્રાપ્ત થયેલા નથી કેમકે તમારા નામરૂપ પવિત્ર મંત્ર શ્રવણુ કરાયે છતે પણુ આપદારૂપી સર્પિણી શું સમીપ આવે ? અર્થાત્ તમારું નામ સાંભળવાથી આપદાઓ આવે જ નહિ. પરંતુ મને સાંસારિક આપત્તિઓ આવેલી છે જેથી હું માનું છું કે પૂર્વભવમાં મેં તમારું નામ પણુ સાંભળ્યું જણાતું નથી. ૩૫

હે દેવ ! હું માનું છું કે–જન્માંતરને વિષે પણુ મેં વાંછિતને પુરનાર (આપવામાં) ચતુર એવું તમારું ચરણુ યુગલ પૂજ્યું નથી. તે કારણુથી જ હે મુનીશ ! આ જન્મમાં હું, મથન કર્યો છે ચિત્તને આશય જેણે એવા પરાભવોનું સ્થાનક થયો છું. અર્થાત્ તમારા ચરણુ યુગલને પૂજનાર પરાભવનું સ્થાન થતાં જ નથી. ૩૬

હે પ્રભુ ! મોહરૂપ અજ્ઞાન અંધકાર વડે આચ્છાદન થયાં છે નેત્રો જેનાં એવો જે હું તેના વડે તમે નિશ્ચે પ્રથમ

એકવાર પણ જોવાયેલા નથી. જે કારણ માટે નહિતર (તમને જોયા હોત તો) મર્મસ્થાનને ભેદનાર અને પ્રકર્ષે ઉદય આવેલી કર્મબંધનની પ્રવૃત્તિ છે જેને વિષે એવા આ દુઃખ મને કેમ પડે? અર્થાત્ પ્રભુદર્શન કરનારને કષ્ટ પ્રાપ્ત થતું નથી? ૩૭

હે જનહિતકારી! મેં તમોને (કોઈપણ ભવને વિષે) સાંભળ્યા પણ છે, પૂજ્યા પણ છે, અને દીઠા પણ છે પરંતુ ભક્તિ વડે કરીને ચિત્તને વિષે નિશ્ચે ધારણ કરેલા નથી, તે કારણ માટે જ હું દુઃખનું ભાજન થયેલો છું જે કારણ માટે ભાવ રહિત ક્રિયાઓ (શ્રવણ, પૂજન, દર્શનાદિ) વિશિષ્ટ ફળ આપતી નથી. ૩૮

હે નાથ! હે દુઃખી જનો ઉપર કરુણાળુ! હે શરણ કરવા યોગ્ય! હે કરુણાપણાના પવિત્ર સ્થાન! (અથવા દયા અને ધર્મના સ્થાન) હે જિતેન્દ્રિયોને વિષે શ્રેષ્ઠ! હે મોટા ઈશ્વર તમે ભક્તિ વડે નમેલા મારા ઉપર દયા કરીને દુઃખની ઉત્પત્તિના કારણના ખંડનને વિષે તત્પરતા કરો! ૩૯

હે ત્રણ ભુવનને પવિત્ર કરનાર! અસંખ્ય બળનું ઘર! શરણ કરવા યોગ્ય! નાશ કર્યો છે શત્રુ જેણે એવા અને પ્રસિદ્ધ છે પ્રભાવ જેનો એવા તમારા ચરણ કમળનું પણ શરણ પામીને જો હું ધ્યાન વડે રહિત છું તો (રાગાદિ શત્રુ વડે) હણવા યોગ્ય છું. હા! ઈતિખેદે હું (દુર્દૈવ વડે) હણાયેલો છું. ૪૦

હે દેવેન્દ્રો વડે વંદન કરવા યોગ્ય! હે જાણ્યો છે સમસ્ત વસ્તુનો રહસ્ય (પરમાર્થ) જેણે એવા ! હે સંસાર સમુદ્ર થકી તારનાર ! હે વિભુ ! હે ત્રણ ભુવનના નાથ ! હે દેવ ! દયા સમુદ્ર ! સીદાતા (વિષાદ પામતા) એવા મને ભયને આપનાર એવા સંકટના સમુદ્ર થકી હમણાં રક્ષણ કરો અને (પાપનો નાશ કરીને) પવિત્ર કરો. ૧૧

હે નાથ ! પરંપરાના સંચયને કરવાવાળી એવી તમારા ચરણ કમળની ભક્તિનું જો કંઈપણ ફળ હોય તો હે શરણ કરવા યોગ્ય ! તમારું એક શરણ છે જેને એવા (તમારે જ શરણે આવેલા) મને લોકને વિષે અને જન્માંતરને વિષે પણ તમે સ્વામી થાઓ અર્થાત્ તમારી ભક્તિનું કંઈ ફળ મળતું હોય તો હું એટલું માગું છું કે ભવોભવને વિષે તમે મારા સ્વામી થાઓ ! ૪૨

હે જિનેન્દ્ર ! હે પ્રભુ ! હે મનુષ્યના નેત્રરૂપ ચંદ્ર વિકાશી કમળને ચંદ્રમા તુલ્ય ! સમાધિવાળી (ધ્યાનવાળી સ્થિર) બુદ્ધિ છે જેમની એવા, અત્યંત ઉલ્લાસ પામતા રોમાંચ વડે કંચુકિત છે શરીરના ભાગો જના એવા, તમારા બિંબના નિર્મળ મુખ કમળને વિષે બાંધ્યું છે લક્ષ્ય જેણે એવા અને વિશેષ ગળી ગયા છે કર્મ મળનો સમૂહ જેનો એવા છતાં ભવ્ય પ્રાણીઓ એ પૂર્વોક્ત પ્રકારે વિધિપૂર્વક તમારા સ્તોત્રને રચે છે (કરે છે) તેઓ પ્રકર્ષ દેદીપ્યમાન સ્વર્ગ લક્ષ્મીને ભોગવીને તત્કાળ (દેવ થઈને મનુષ્ય ભવ પામીને) મોક્ષને પ્રાપ્ત કરે છે. ૪૩–૪૪

# મોટી શાંતિ ૯ ભાવાનુવાદ

તીર્થંકરનું સ્નાત્ર કરનારા શ્રાવકો માંહેથી વિશિષ્ટ ગુણ-વાન શ્રાવક હોય તે ઊભો થઈને નીચે પ્રમાણે કહે છે,

અહો ! અર્હદ્ શાસનમાં રક્ત એવા ભવ્ય લોકો ! આ અવસર ઉચિત સર્વ વચન તમે સાંભળો જે (તમો) ત્રણ ભુવનના ગુરુ (વીતરાગ) ની યાત્રા (જન્મ મહોત્સવ) ને વિષે ભક્તિ વડે યુક્ત છો તે તમોને અરિહંતાદિ પંચ-પરમેષ્ઠીના માહાત્મ્ય (પ્રસાદ) થકી આરોગ્યતા, લક્ષ્મી, સંતોષ અને વિશિષ્ટ બુદ્ધિને કરનારી તથા રાગદ્વેષાદિના નાશની કારણભૂત એવી શાંતિ (દુઃખ પાપ અને ઉપસર્ગના ઉપશમરૂપ અથવા કલ્યાણરૂપ) થાઓ. ૧–૨

હે ભવ્ય પ્રાણીઓ ! જે કારણ માટે અહીં (આ જગતમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રને વિષે ઉત્પન્ન થયેલા સમગ્ર તીર્થંકરોના જન્મ સમયે સૌધર્મ દેવલોકનો ઈન્દ્ર પોતાનું આસન ચલાયમાન થયા પછી અવધિજ્ઞાને (જિન જન્મને) જાણીને પછી. ૩

સુઘોષા નામની ઘંટાને વગાડયા પછી સર્વ સુર (વૈમાનિક દેવ) અસુર (ભવનપત્યાદિ દેવ) અને તેના ઈન્દ્રાની સાથે (જિન જન્મસ્થાને) આવીને પરમ વિનય સહિત અર્હદ્રૂપ ભટ્ટારક (પૂજ્ય) ને કર સંપુટમાં ગ્રહણ કરીને. ૪

મેરૂ પર્વતના શિખર ઉપર જઈને, કર્યો છે જિન જન્મ મહોત્સવ જેણે એવો તે (સ્નાત્ર મહોત્સવને અંતે) શાંતિની ઉદ્‌ઘોષણા કરે છે (વેદધ્વનિની જેમ મોટા શબ્દે બોલે છે) તે કારણ માટે હું પણ કરેલનું અનુકરણ જેમ થાય તેમ કરીને (વિચારીને), વળી મહાન જન ઇન્દ્રાદિકદેવ સમૂહ (પ્રવર્ત્યો) તે જ માર્ગ પ્રમાણ (અર્થાત્ ઈન્દ્રાદિ દેવોએ જેમ કર્યું તેમ આપણે પણ કરવું.). ૫

એ કારણથી ભવ્ય પ્રાણીઓ સાથે (જિનાલયે) રૂડે પ્રકારે આવીને સ્નાત્રપીઠિકા ઉપર જિનસ્નાત્ર કરીને હું મોટા શબ્દે જે શાંતિપાઠ કરું છું, તે પૂજા, યાત્રા, અને સ્નાત્ર વગેરે–મહોત્સવ કર્યા પછી–એ પ્રકારે કાન દઈને (સાંભળવા માટે કાનને સાવધાન કરીને) તમે સાંભળો, સાંભળો ! સ્વાહા. ૬

ૐ એ પદ શરૂઆતમાં બોલીને કહે છે કે આજ ઉત્તમ

દિવસ છે. ( આજનો દિવસ ધન્ય છે ) કેવળજ્ઞાનવડે સર્વને જાણનારા, કેવળદર્શનવડે સર્વને જોનારા–ત્રણ લોકના સ્વામી ત્રણ લોક વડે પુષ્પાદિકથી પૂજાયેલા ત્રણ લોકના પૂજ્ય (પૂજવા યોગ્ય) ત્રણ–લોકના ઈશ્વર અને ત્રણ લોકને અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરવા વડે પ્રકાશ કરનારા એવા ઐશ્વર્યાદિ યુક્ત (ચોવીશ) તીર્થંકરો અત્યંત સંતુષ્ટ થાઓ, સંતુષ્ટ થાઓ. ૭

ૐ ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન–સ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, સુવિધિ-નાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્યસ્વામી, વિમળનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લી-નાથ, મુનિસુવ્રતસ્વામી, નમીનાથ, નેમીનાથ, પાર્શ્વનાથ, અને વર્ધમાન સ્વામી પર્યંત ( એ ચોવીય જિનેન્દ્રો ) ૮

ઉપશાંત થયેલા એ પર્યંત ( ચોવીશ ) જિનેશ્વરો, કષાયો-દયના ઉપશમરૂપ શાંતિને કરનારા થાઓ, સ્વાહા. વળી મુનિઓમાં શ્રેષ્ઠ મુનિઓ ( તત્વજ્ઞ ) શત્રુએ કરેલ પરાભવ, દુષ્કાળ અને મહા અટવીને વિષે તથા વિકટ માર્ગોને વિષે તમોને નિરંતર રક્ષણ કરો. સ્વાહા. ૯

ૐ ( પ્રણવબીજ ) હ્રૂીં ( માયાબીજ-વશકરનાર ) અને શ્રીઁ–( લક્ષ્મીબીજ–લક્ષ્મીનું કારણ ) પૂર્વક સંતોષ, મતિ ( દીર્ઘદ્રષ્ટિ ) યશ, શોભા, બુદ્ધિ, વિદ્યાનું સાધન, નગરાદિ પ્રવેશ અને નિવાસ–સ્થાનને વિષે રૂડે ગ્રહણ કરાયા છે નામો જેનાં એવા તે જિનેશ્વરો જયવંતા વર્તો–સાનિધ્ય કરવાવાળા થાઓ. ૧૦

ॐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા ( ચક્રેશ્વરી ), નરદત્તા, કાળી, મહાકાળી, ગૌરી, ગાંધારી, સર્વાસ્ત્રા, મહાજ્વાલા, માનવી, વૈરોટયા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી, ૧૧

એ સોળ વિદ્યાદેવીઓ તમારું હમેશાં રક્ષણ કરો, સ્વાહા. ॐ આચાર્ય; ઉપાધ્યાય, પ્રમુખ ચાર પ્રકારો ( સાધુ, સાધ્વી શ્રાવક અને શ્રાવિકા ) છે જેને વિષે એવા શ્રી મહાવીર પ્રભુના સંઘને શાંતિ ( અથવા કલ્યાણ ) થાઓ, સંતોષ થાઓ, અને ધર્મની પુષ્ટિ થાઓ. ૧૨

ॐ નવ ગ્રહો તે ચંદ્ર, સૂર્ય, મંગળ, બુધ, બૃહસ્પતિ ( ગુરુ ) શુક્ર, શનૈશ્વર, રાહુ અને કેતુ ( પૂંછડીયો તારો ) સહિત ( સર્વ પરસ્પર મળેલા ) તથા સોમ, યમ, વરુણ અને કુબેર એ ચાર લોકપાલોએ સહિત, ( એહવા તેઓના નામ ) વળી. ૧૩

ઈન્દ્ર, સૂર્ય, કાર્તિકેય, અને ગણેશ, સહિત વળી બીજા પણ જે ગ્રામ નગર અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવતાઓ વગેરે છે, તે સર્વ પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ, અને રાજાઓ, ક્ષય પામે નહિ તેવા ભંડારો અને ધાન્યના કોઠારો છે જેઓને એવા થાઓ. સ્વાહા. ૧૪

ॐકાર મંત્રની કૃપાવડે કરીને પુત્ર, મિત્ર, સહોદર, સ્ત્રી દોસ્ત, જ્ઞાતિજન, સગા અને સગોત્રિયો ( પિત્રાઈઓ ) એ સર્વ નિરંતર આમોદ-પ્રમોદને કરનારા થાઓ અર્થાત્ સર્વે વિશેષે કરીને પરસ્પર આનંદને કરવાવાળા થાઓ વળી

આ લોકને વિષે પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને વિષે વસનારા સાધુ, સાધ્વી–શ્રાવક અને શ્રાવિકાઓના રોગ, ઉપદ્રવ, વ્યાધિ, દુઃખ, દુષ્કાળ અને ચિત્તની અસ્વસ્થતાના ઉપશમને માટે (નિવારણ માટે) શાંતિ થાઓ. ॐ મંત્રના આરાધનથી ચિત્તને। સંતોષ પુષ્ટિ, દોલત, વંશવૃદ્ધિ, અને કલ્યાણના ઉત્સવો, સદા થાઓ ૧૫-૧૬

ઉદયમાં આવેલા પાપો નિરંતર શાંત થાઓ (નાશ પામો), અશુભ કર્મ ફળો શાંત થાઓ, તેમ જ શત્રુઓ અવળા મુખવાળા થાઓ. ૧૭

શ્રીમાન્ ત્રણ લોકની શાંતિને કરનારા, દેવેન્દ્રોના મુકુટો વડે પૂજાયેલ છે ચરણ કમળ જેમના એવા શ્રી શાંતિનાથને નમસ્કાર થાઓ. વળી શાંતિને કરનારા, અને શ્રીમાન્ એવા શ્રી શાંતિનાથ પ્રભુ મને શાંતિને આપો. જેઓના ઘરને વિષે શાંતિનાથ પ્રભુ પૂજાય છે તેઓના ઘરે નિરંતર શાંતિ જ થાય છે. ૧૮

દૂર કર્યા છે ઉપદ્રવ, દુષ્ટગ્રહની ગતિ (ખરાબ સ્થાને ગ્રહનું સંક્રમવું) ખરાબ સ્વપ્ન (ઊંટ, મહિષી ઉપર આરોહણ સ્વપ્નમાં દેખવું) અને દુષ્ટ નિમિત્ત (ખરાબ અંગનું ફરકવું) વગેરે જેણે એવું અને સંપાદન કરી છે શુભ લક્ષ્મી જેમણે એવું શાંતિનાથ પ્રભુનું નામ ગ્રહણ (નામોચ્ચારણ) જયવંત વર્તે છે. અર્થાત્ ભક્તજનોને સુખ અને શ્રેયને કરનારું છે. ૧૯

શ્રી સંઘ, જગત, દેશ, રાજારૂપ, અધિપતિ અને રાજાના

રહેવાના સ્થાનોના તેમ જ ધર્મસભાના સભ્યો અને નગરના મોટા પુરુષોના નામ ગ્રહણ કરીને શાંતિની ઉદ્ઘોષણા કરવી-૨૦

શ્રી શ્રમણસંઘને શાંતિ થાઓ, બધા દેશોને શાંતિ થાઓ. રાજારૂપ અધિપતિઓને શાંતિ થાઓ, રાજાઓને રહેવાના સારા સ્થાનોમાં શાંતિ થાઓ, ધર્મસભાના સભ્યજનોને શાંતિ થાઓ, નગરના મુખ્યજનોને શાંતિ થાઓ, નગરના-લોકોને શાંતિ થાઓ, સમસ્ત જીવલોકને શાંતિ થાઓ, ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથ પ્રભુને સ્વાહા એટલે આ કુંકુમ, ચંદન, વિલેપન, પુષ્પ અક્ષત્, ધૂપ અને દીપ વગેરે પૂજાના સાહિત્યો શ્રી પાર્શ્વપ્રભુને સંતોષને માટે હો. ૨૧-૨૨

આ શાંતિપાઠ શ્રી તીર્થંકરોની પ્રતિષ્ઠા યાત્રા અને સ્નાત્રાદિને અંતે ભણવો. આ શાંતિની ઉદ્ઘોષણા કેવી રીતે કરવી તે કહે છે કે કોઈ વિશિષ્ટ ગુણવાન શ્રાવક ઊભો થઈને શાંતિકળશ (શાંતિને માટે શુદ્ધ જળથી ભરેલ કળશ)ને ગ્રહણ કરીને (ડાબા હાથમાં ધારણ કરી જમણો હાથ તેના ઉપર ઢાંકી.) કેસર, સુખડ, બરાસ, અગરુ, ધૂપવાસ, (અગ્નિમાં ધૂપ નાખવાથી નીકળતી સુગંધી અથવા કેસર ચંદનાદિના ઘસવાથી નીકળતો સુગંધી પરિમલ) અને કુસુમાંજલી(પુષ્પથી ભરેલ અંજલિ ખોબો) સહિત છતો, સ્નાત્ર મંડપને વિષે શ્રી સંઘ સહિત છતો, પવિત્ર છે શરીર જેનું એવો પુષ્પ, વસ્ત્ર, ચંદન અને અલંકાર, (ઘરેણાં)વડે સુશોભિત છતો,પુષ્પની માળાને ગળામાં ધારણ

કરીને શાંતિપાઠની ઉદ્‌ઘોષણા કરીને શાંતિ કળશનું પાણી (સર્વજનોએ) પોતાના મસ્તકે નાખવું ૨૩–૨૪

કલ્યાણયુક્ત ભવ્ય પ્રાણીઓ જિનેશ્વરના સ્નાત્રમહોત્સવને અંતે નિશ્ચે નાટક કરે છે, (જિનેશ્વર ઉપર) રત્ન, મોતી અને પુષ્પની વૃષ્ટિ કરે છે. મંગળકારી ગીતો ગાય છે. સ્તોત્રો (જિન સ્તુતિ રૂપ) અને તીર્થંકરના નામો બોલે છે (અથવા તીર્થંકરના વંશો વર્ણવે છે.) અને મંત્રો (અથવા મંત્રો ગર્ભિત સ્તવનો) ભણે છે. ૨૫

સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણી સમુદાય પારકાનું હિત કરવામાં તત્પર થાઓ, દોષો (વ્યાધિ, દુઃખ અને દુર્મતિપણું વગેરે) વિશેષે નાશ પામો અને જીવલોક સર્વ કાર્યમાં) સુખી થાઓ. ૨૬

હું નેમિનાથ તીર્થંકરની માતા **શિવાદેવી** તમારા નગરને વિષે વસનારી છું. (તમારા નગરને સાનિધ્ય કરવાવાળી છું.) તેથી મારૂં કલ્યાણ થાઓ, અને (શિવાદેવી નામોચ્ચારણ વડે) તમારું પણ કલ્યાણ થાઓ. ૨૭

જિનેશ્વરો પૂજ્યે છતે ઉપસર્ગો ક્ષય પામે છે, વિઘ્નની વેલડીયો છેદાય છે અને (દુર્લભ આ નવે સ્મરણનું પદ્યાત્મક રહસ્ય કરનાર **દુર્લભ** વિ. ગુલાબચંદ મહેતા વળાવાળાનું) મન પ્રસન્નતાને પામે છે.

સર્વ મંગળિકોને વિષે મંગળકારી, સર્વ કલ્યાનું કારણ અને સર્વ ધર્મોને વિષે શ્રેષ્ઠ એવું જૈન (જિનેશ્વરનું પ્રવર્તાવેલું) શાસન જયવંત વર્તે છે.

# શ્રી ઋષિમંડળ સ્તોત્ર

## (ભાવાનુવાદ)

(વર્ણમાળાનો) પ્રથમ અક્ષર 'અ' અને સૌથી છેલ્લો અક્ષર 'હ'–આ બે અક્ષરોની વચ્ચે બધા વર્ણાક્ષરોનો સમાવેશ થઈ જાય છે. અગ્નિની જ્વાલા જેવા, અંતિમ નાદ અક્ષર 'હ'ના માથે બિંદુ–અનુસ્વાર તેમજ રેફ મૂકીને 'ર્હં' શબ્દ બનાવવો. (આમ વર્ણમાળાનાં પ્રથમ અક્ષર 'અ' અને અનુસ્વાર તેમજ રેફથી બનેલ 'ર્હં' એ ભેગા કરવાથી 'અર્હં' થાય છે આવો 'અર્હં' શબ્દ અગ્નિની જ્વાળા જેવો ઝળહળતો છે. તે મનના મલને વિશુદ્ધ કરનારો છે અને અત્યંત વિમળ (નિર્મળ) છે. આવા ઝળહળતા–પ્રકાશમાન 'અર્હં' પદને હૃદય રૂપી કમળમાં સ્થાપન કરીને હું નમસ્કાર કરું છું. ૧–૨

'અર્હં' શબ્દ અરિહંત આદિ પંચ પરમેષ્ઠિ ભગવંતોનો

વાચક છે અને સિદ્ધચક્રનું બીજ હોવાથી તમામ માંગલિક કામોમાં તેને સૌ પ્રથમ નમસ્કાર–પ્રણામ કરવામાં આવે છે. ૩

શ્રી અરિહંત ભગવંતને, શ્રી સિદ્ધ ભગવંતને, શ્રી સર્વ આચાર્ય ભગવંતને, શ્રી ઉપાધ્યાય ભગવંતને, શ્રી સર્વ સાધુ ભગવંતોને તેમજ સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર–આ આઠેયને (શ્રી સિદ્ધચક્રને) ૐકાર સહિત નમસ્કાર હો. ૪–૫

સર્વ પ્રથમ પદ અરિહંત પદથી શિખા (ચોટલી) ની રક્ષા કરવી, બીજા સિદ્ધપદથી મસ્તકની રક્ષા કરવી, ત્રીજા આચાર્ય પદથી બંને આંખોની રક્ષા કરવી, ચોથા ઉપાધ્યાય પદથી નાકની રક્ષા કરવી, પાંચમા સાધુ પદથી મુખની રક્ષા કરવી, છઠ્ઠા સમ્યક્ જ્ઞાન પદથી ગળાની, સાતમા સમ્યકજ્ઞાન પાદથી નાભિ (ડૂંટી) ની અને આઠમા ચારિત્ર પદથી બંને પગોની રક્ષા કરવી. ૭–૮

પ્રથમ પ્રણવ (ૐ) લખીને, પછી 'સ' કારનો છેલ્લો અક્ષર 'હ' રેફ સહિત અર્થાત્ 'હ્ર' ની સાથે સ્વરોમાંનો બીજો સ્વર 'આ,' ચોથો સ્વર 'ઈ' પાંચમો સ્વર 'ઉ,' છઠ્ઠો સ્વર 'ઊ,' સાતમો સ્વર 'એ,' આઠમો સ્વર 'ઐ' દસમો સ્વર 'ઔ અને બારમો સ્વર 'અઃ'–આ સ્વરાક્ષરો ઉપર અનુસ્વાર મૂકવાથી અનુક્રમે હ્રાં, હ્રીં, હ્રું, હ્રૂં, હ્રેં, હ્રૈં હ્રૌં, હ્રઃ થાય છે. આ આઠ અક્ષરો પછી પંચ પરમેષ્ઠિના પ્રથમ અક્ષરો અર્થાત્ 'અ, સિ, આ, ઉ, સા' લખવા. તે પછી 'સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રેભ્યો' લખવું, અંતમાં 'નમ' અને બન્ને

પદોની વચમાં અર્થાત્ ચારિત્રેભ્યો અને નમઃ ની વચમાં 'હ્રીં' કાર મૂકવાથી સતાવીશ અક્ષરનો મૂળમંત્ર થાય છે. [શ્રી ઋષિ મંડળ સ્તવના યંત્રનો આ જે મૂળમંત્ર થયો તે આ પ્રમાણે : ૐ હ્રાં, હ્રીં, હ્રું, હ્રૂં, હ્રેં, હ્રૈં હ્રૌં હ્રઃ અ સિ આ ઉ સા સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રેભ્યો હ્રીં નમઃ'– આ મંત્રની વિધિપૂર્વક આરાધના કરનારના તમામ મનોવાંછિત સિદ્ધ થાય છે.] ૯ ૧૦

જંબુદ્વીપની ચોતરફ લવણ સમુદ્ર છે. આ દ્વીપ આઠ દિશાઓના સ્વામી અરિહંત આદિ આઠ પદથી અલંકૃત છે. તેના મધ્યભાગમાં બહુ કૂટોથી અલંકૃત એવો મેરુ પર્વત છે. આ પર્વતની ચારે તરફ એકની ઉપર એક જ્યોતિશ્ચક્રો પરિક્રમા કરતા હોવાથી તે અત્યંત દર્શનીય છે. આવા મેરુ પર્વત ઉપર સકારાંત બીજ 'હ' ની સ્થાપના કરીને, તેમાં બિરાજિત અરિહંત ભગવાનની પ્રતિમાનું લલાટમાં સ્થાપના કરીને હું નમસ્કાર કરું છું. ૧૧-૧૨-૧૩

અરિહંત ભગવાન અક્ષય, નિર્મળ, શાંત, અજ્ઞાન રહિત, નિષ્કામ, નિરહંકારી, અને શ્રેષ્ટ છે. શ્રેષ્ટમાં પણ સર્વ શ્રેષ્ટ છે, ઘન છે. ૧૪

અરિહંત ભગવાન અનુદ્ધત, શુભ અને સ્ફટિક જેવા છે, સ્વચ્છ સાત્વિક છે, ત્રિલોકનાથ હોવાથી રાજસિક છે. આઠ કર્મોનો નાશ કરવા માટે તામસિક છે. વિ-રસ છે. તેજસ્ છે અને (શરદ) પૂનમની ચાંદની જેવા આનંદકારી-શીતળ છે. ૧૫

અરિહંત ભગવાન શરીરની અપેક્ષાએ 'સાકાર' છે, સિદ્ધોની અપેક્ષાએ 'નિરાકાર' છે. જ્ઞાન રસથી 'સ-રસ' છે, સરસ હોવા છતાંય રસાદિ વિષયોથી 'વિ-રસ' છે. ઉત્કૃષ્ટ છે. ઉત્કૃષ્ટમાં પણ સર્વોત્કૃષ્ટ છે. ૧૬

અરિહંત ભગવાન શરીરની અપેક્ષાએ 'સકલ' અને સિદ્ધોની અપેક્ષાએ 'નિષ્કલ' છે. તુષ્ટિદાતા છે. ભવભ્રમણથી રહિત અને કર્મરૂપી અંજનથી મુક્ત છે. નિષ્કામ છે. નિર્લેપ અને નિઃશંસય છે. ૧૭

અરિહંત ભગવાન ધર્મ દેશના દેતા હોવાથી ઈશ્વર છે. બ્રહ્મરૂપ છે, બુદ્ધ છે, અઢાર દોષથી રહિત હોવાથી શુદ્ધ છે. પુનઃ સંસારમાં આવવાના ન હોવાથી ક્ષણભંગુર રહિત છે. જ્યોતિસ્વરૂપ છે, દેવ-દાનવોને પણ પૂજ્ય હોવાથી મહાદેવ છે. લોકાલોક-સર્વલોકના જ્ઞાનનો પ્રકાશ કરનારા છે. ૧૮

અર્હંતનો વાચક સવર્ણાંત-'હ' કાર, રેફ અને બિંદુથી સુશોભિત તેમજ ચોથા સ્વર 'ઈ' કારથી યુક્ત હોવાથી હ્રીં બીજવર્ણ છે. આ હ્રીં બીજવર્ણનું ખૂબ જ ધ્યાન ધરવું જોઈએ. ૧૯

આ બીજાક્ષર એક (સફેદ) રંગવાળો, બીજા (શ્યામ) રંગવાળો, ત્રીજા (લાલ) રંગવાળો, ચોથા (લીલા-નીલ) રંગવાળો અને પાંચમા (પીળા) રંગવાળો પણ છે. તેમજ તે 'હૃ' કાર પણ ખૂબ જ ઉત્કૃષ્ટ છે. ૨૦

આ બીજાક્ષરમાં ભગવાન શ્રી ઋષભદેવ આદિ ચોવીશે

ય તીર્થંકર પરમાત્માઓ બિરાજમાન છે. તે સૌનું તેમનાં વર્ણો (રંગો) સહિત ધ્યાન ધરવું–કરવું જોઈએ. ૨૧

હ્રીં બીજાક્ષરની નાદકલા અર્ધચન્દ્રની આકૃતિવાળી તથા સફેદ રંગની છે. અર્ધચન્દ્ર આકૃતિનો બિંદુનો–અનુસ્વારનો રંગ શ્યામ છે. 'હ' કારની મસ્તકરૂપ કલા લાલ રંગની છે, અને બાકીનો ભાગ સોનાના જેવા પીળા રંગવાળો છે. મસ્તકના ભાગને મળેલો 'ઈ'કાર નીલ-લીલા રંગવાળો છે. આવાં 'હ્રીં'કારમાં પોતપોતાના રંગ અનુસાર તીર્થંકરોના સમૂહની સ્થાપના કરવામાં આવી છે. આવા 'હ્રીં' કારને હું નમસ્કાર કરું છું. ૨૨–૨૩

શ્રી ચંદ્રપ્રભસ્વામી અને શ્રી સુવિધિનાથ સ્વામી (પુષ્પદન્ત)–આ બે તીર્થંકરોની અર્ધચન્દ્રાકાર (◡) નાદકલામાં, અર્ધચંદ્રાકાર ઉપરની બિંદીમાં (◡̇) શ્રી નેમિનાથપ્રભુ અને શ્રી મુનિસુવ્રતસ્વામીની, શ્રી પદ્મપ્રભુસ્વામી અને શ્રી વાસુપૂજ્યસ્વામીની નાદકલાની જગ્યા મસ્તકમાં સાથે મળેલા 'ઈ' કારમાં શ્રી પાર્શ્વનાથસ્વામી અને મલ્લિનાથ સ્વામીની સ્થાપના કરવી બાકીના સોળ તીર્થંકરોની સ્થાપના 'ર'કાર તથા 'હ' કારના સ્થાનમાં કરવી. આ પ્રમાણે ચોવીશ તીર્થંકરોની સ્થાપના માયાબીજ–'હ્રીં'માં થયેલી છે. આ જિનેશ્વર ભગવંતો રાગ, દ્વેષ અને મોહથી રહિત છે. તેમજ પાપ કર્મોથી મુક્ત છે. આવા ઉત્તમ જિનેશ્વરો સર્વલોકમાં સંપૂર્ણ સુખ આપનારાઓ થાઓ. ૨૪–૨૫–૨૬–૨૭

દેવાધિદેવ શ્રી જિનેશ્વરદેવોના સમૂહની પ્રભાથી આચ્છા-

દિત થયેલા મારા બધાં જ અંગોને હે ડાકિની જાતિના દેવો પીડા ન કરો. ૨૮

( આ ઉપરોક્ત ૨૮મી ગાથાથી ૪૧મી ગાથા સુધીમાં વિવિધ જાતના દેવો આદિને પીડા ન કરવાની પ્રાર્થના કરવામાં આવી છે. આથી આખી ગાથાનો અનુવાદ ન લખતાં કરાયેલી પ્રાર્થનાનો અનુવાદ આપ્યો છે. એ પ્રાર્થના સાથે શરૂમાં ૨૮મી ગાથાના પ્રથમ પદનો અર્થ ' દેવાધિદેવ.... આ બધા જ અંગોને, સમજવો. )

....રાકિની જાતિના દેવો પીડા ન કરો. ૨૯
....લાકિની જાતિના દેવો પીડા ન કરો. ૩૦
....કાકિની જાતિના દેવો પીડા ન કરો. ૩૧
....શાકિની જાતિના દેવો પીડા ન કરો. ૩૨
....હાકિની જાતિના દેવો પીડા ન કરો. ૩૩
....યાકિની જાતિના દેવો પીડા ન કરો. ૩૪
....સર્પની જાતિના દેવો પીડા ન કરો. ૩૫
...સર્વ જાતિના હસ્તિઓ પીડા ન કરો. ૩૬
....રાક્ષસ જાતિના દેવો પીડા ન કરો. ૩૭
....અગ્નિ પીડા ન કરો. ૩૮
....સર્વ જાતિના સિંહો પીડા ન કરો. ૩૯
....દુર્જન લોકો પીડા ન કરો. ૪૦
....પૃથ્વીના સ્વામી એવા રાજાઓ પીડા ન કરો. ૪૧

શ્રી ગૌતમસ્વામીનું જે સ્વરૂપ છે અને તેમની જે લબ્ધિઓનો પ્રભાવ આ પૃથ્વી પર પથરાયેલો છે, તે જ્યોતિથી

પણ અધિક જ્યોતિ અરિહંત પરમાત્માની છે. તેમજ તે પરમાત્મા બધી વિદ્યાઓના ખજાના રૂપ છે : ૪૨

પાતાળવાસી ભવનપતિ દેવો, પૃથ્વીવાસી વ્યંતરાદિક દેવો, તેમ જ સ્વર્ગનાં સર્વ દેવો ! મારી રક્ષા કરો ! ૪૩

અવધિજ્ઞાનની લબ્ધિવાળા અને પરમાવધિ—જ્ઞાનની લબ્ધિ-વાળા દિવ્ય મુનિયો ! મારી સર્વત્ર રક્ષા કરો ! ૪૪

શ્રી, હ્રીં, ધૃતિ, લક્ષ્મી, ગૌરી, ચંડી, સરસ્વતી, જયા, અંબિકા, વિજયા, કિલન્ના, અજિતા, નિત્યા, મદદ્રવા, કામાંગા કામબાણા, નંદા, નંદમાલિની, માયા, માયાવિની, રૌદ્રી, કલા, કાલી, અને કલાપ્રિયા—આ સર્વ દેવીઓ ત્રણ જગતમાં વિદ્યમાન છે, તે ચોવીશે દેવીઓ ! મને કાન્તિ, લક્ષ્મી, ધૈર્ય અને બુદ્ધિને આપનારી થાઓ ! ૪૫-૪૬—૪૭

દુર્જનો, ભૂત, વૈતાલ, પિશાચ, મુદ્ગલ રાક્ષસ, વગેરે સર્વ મિથ્યાત્વી દેવો ! દેવાધિદેવ શ્રી જિનેશ્વર દેવના પ્રભા-વથી શાંત થાઓ ! ૪૮

આ શ્રી ઋષિમંડળ સ્તવ દિવ્ય અને દુષ્પ્રાપ્ય છે. જગ-તના જીવોની રક્ષા કરવા માટે ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ આ સ્તોત્ર કહ્યું છે અને આથી જ તે ગુપ્ત રાખવા યોગ્ય છે. ૪૯

આ શ્રી ઋષિમંડળ મંત્રનું સ્મરણ કરવાથી માણસની યુદ્ધમાં, રાજદરબારમાં, આગમાં, પૂરમાં, કિલ્લામાં, સ્મશાનમાં, ઘોર વનમાં કોઈ સંકટ આવી પડવાના પ્રસંગે તેમ જ હાથી

તથા સિંહનો ભય ઊભો થવાના પ્રસંગે રક્ષા થાય છે. ૫૦

( આ મંત્રનું સ્મરણ કરવાથી ) રાજ્યભ્રષ્ટ થયેલ પોતાના રાજ્યને, પદભ્રષ્ટ થયેલ પોતાના પદને, અને ધન રહિત થયેલ ધનને પુનઃ પ્રાપ્ત કરે છે તે અંગે કોઈ જ શંકા નથી. ૫૧

આ મંત્રના સ્મરણ માત્રથી સ્ત્રીની ઈચ્છાવાળાને સ્ત્રી, પુત્રની કામનાવાળાને પુત્ર અને ધનની ઈચ્છાવાળાને ધન મળે છે. ૫૨

આ મંત્રના યંત્રને સોનાના, ચાંદીના કે કાંસાના પતરા પર લખીને જે માણુસ ઘરમાં રાખીને તેનું પૂજન કરે છે, તેના ઘરમાં હંમેશા આઠે મહા સિદ્ધિઓ નિવાસ કરે છે. ૫૩

આ મંત્રને અષ્ટગંધથી કાગળમાં ( ભોજપત્ર ) લખીને માદળિયામાં બાંધીને ગળે પહેરવાથી, મસ્તકે રાખવાથી કે બાવડા પર નિરંતર બાંધી રાખવાથી તમામ પ્રકારના ભયો દૂર થાય છે. ૫૪

[ આ પ્રમાણે મંત્ર બાંધી રાખનાર ] ભૂત, પ્રેત, નવગ્રહ યક્ષ, પિશાચ, મુદ્દગલ, રાક્ષસ તેમજ વાત્ત-પિત્ત-કફજન્ય રોગોના ઉપદ્રવોથી મુક્ત થાય છે. તેમાં લેશ માત્ર શંકા નથી. ૫૧

ત્રણેય લોક-પાતાળલોક, મનુષ્યલોક અને દેવલોકમાં રહેલા શાશ્વતા જિનેશ્વરોના દર્શન, વંદન અને સ્તવના કરવાથી જે ફળ મળે છે, તેટલું ફળ આ સ્તોત્રના સ્મરણ કરવાથી મળે છે. ૫૬

આ મહા સ્તોત્રને ખાનગી રાખવું જોઈએ અને જેને તેને આપવું ન જોઈએ. આ સ્તોત્ર ( મંત્ર ) મિથ્યાત્વીઓને આપવાથી, તે આપનારને પગલે પગલે બાળહત્યાનું પાપ લાગે છે. ૫૭

ઈચ્છિત કાર્યની સિદ્ધિ માટે સાધકે આયંબિલ આદિ તપ કરીને ચોવીશ જિનેશ્વરોની પૂજા કરીને આ મંત્રનો આઠ હજાર વખત જાપ કરવો જોઈએ. ૫૯

જેઓ રોજ સવારમાં વિશુદ્ધ તન મનથી અને એકચિત્તે આ સ્તોત્રનો એકસો ને આઠ વાર જાપ કરે છે તેઓને કોઈપણ પ્રકારના રોગો થતા નથી અને તેમને બધા જ પ્રકારની સંપદાઓ આવી મળે છે. ૫૯

મન, વચન અને કાયાની શુદ્ધિ જાળવીને એકાગ્રચિત્તથી જે માણસ આઠ માસ સુધી રોજ સવારમાં સ્તોત્રનો પાઠ કરે છે તેને અરિહંત ભગવાનના તેજોમય બિંબના દર્શન થાય છે. આવું દિવ્ય દર્શન પામનાર સાતમાં ભવે નિશ્ચે પરમાનંદરૂપ મોક્ષપદને પામે છે. ૬૦–૬૧

આ પ્રમાણે વિધિવત્ સ્તોત્રનું ધ્યાન કરનાર ધ્યાતા જગત્વંદ્ય બને છે, કલ્યાણને વરે છે અને મોક્ષપદને પામીને ફરીથી તે આ સંસારમાં પાછો ફરતો નથી. ૬૨

સ્તોત્રોમાં આ સ્તોત્ર મહાસ્તોત્ર છે. સ્તવનોમાં ઉત્તમ સ્તવન છે. તેનું પઠન, સ્મરણ અને જાપ કરવાથી અજરામરપદની ( મોક્ષ ) પ્રાપ્તિ થાય છે. ૬૩



નમો સિદ્ધાણં
પઢમં હવઈ મંગલં
એસો પંચ નમુક્કારો
નમો અરિહંતાણં
નમો ઉવજ્ઝાયાણં

# સર્વતોભદ્ર યંત્ર

૧૭૦ ૧૭૦

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૭૦ ગાથા બીજી | રોહીણી ૨૫ ह | પ્રજ્ઞપ્તિ ૮૦ र | क्षि | વજ્રશૃંખલા ૧૫ हुं | વજ્રાંકુશી ૫૦ हः | ૧૭૦ |
| ૧૭૦ ગાથા ત્રીજી | ચક્રેશ્વરી ૨૦ स | નરદત્તા ૪૫ र | प | કાળી ૩૦ सुं | મહાકાળી ૭૫ सः | ૧૭૦ |
| | क्षि | प | ॐ ह्रीँ श्रीँ | स्वा | हा | |
| ૧૯૦ ગાથા ચોથી | ગૌરી ૭૦ ह. | ગાંધારી ૩૫ र | स्वा | મહાજ્વાલા ૬૦ हुं | માનવી ૫ हः | ૧૭૦ |
| ૧૭૦ ગાથા પાંચમી | વૈરોટ્યા ૫૫ स | અચ્છુતા ૧૦ र | हा | માનસી ૬૫ सुं | મહામાનસી ૪૦ सः | ૧૭૦ |
| | ૧૭૦ | ૧૭૦ | | ૧૭૦ | ૧૭૦ | |

૧૭૦ ૧૭૦

આ યંત્ર રૂપાના કે તાંબાના પત્રા ઉપર લખીને ઘરમાં શુદ્ધ સ્થાને સાચવતા નિત્ય પૂજન કરવું, જરૂર જણાયે શુદ્ધતાથી તે યંત્રનુ પ્રક્ષાલન કરી તે જળનું પાન કરાવવું. જેથી રોગાદિક સર્વ ઉપદ્રવો શાંત પામે છે.

# સર્વતોભદ્ર યંત્રના બીજાક્ષરોની સમજ

**ક્ષિ**=પૃથ્વીબીજ

**પ**=અપ્‌બીજ

ૐ=અગ્નિબીજ

**સ્વા**=પવનબીજ

**હા**=આકાશ બીજ

**સ**=સૌમ્યતાકારક ચંદ્રબીજ

**ર**=તેજદીપક અગ્નિબીજ

**સુ**ં=સર્વ દુરિતને
શાંત કરનાર–શામક

**સઃ**=ચંદ્રબીજે સંપુટિત

**હ**=દુરિતનાશક સૂર્યબીજ=
પદ્માદેવી,

**ર**=પાપદહનકારક અગ્નિબીજ=
જયાદેવી,

**હુ**ં=ભૂતાદિ ત્રાસક ક્રોધબીજ
અને આત્મરક્ષક કવચ=
વિજયાદેવી,

**હઃ**=સૂર્ય બીજ સંપુટિત=
અપરાજીતાદેવી,

ૐ=પ્રણવ બીજ

**હ્રીઁ**=માયા બીજ

**શ્રીઁ**=લક્ષ્મી બીજ

# ॐ ह्लौँ श्रीँ नमः

| | રોહિણ્યૈ નમઃ | પ્રજ્ઞપ્ત્યૈ નમઃ | | વજ્રશૃંખલાયૈ નમઃ | વજ્રાંકુશ્યૈ નમઃ | |
|---|---|---|---|---|---|---|
| મહામાનસ્યૈ નમઃ | ૨૫ ह | ૮૦ र | क्षि | ૧૫ हुं | ૫૦ हः | ચક્રેશ્વર્યૈ નમઃ |
| માનસ્યૈ નમઃ | ૨૦ स | ૪૫ र | प | ૩૦ सुं | ૭૫ सः | નરદત્તાયૈ નમઃ |
| | क्षि | प | ॐ | स्वा | हा | |
| અચ્છુપ્તાયૈ નમઃ | ૭૦ ह | ૩૫ र | स्वा | ૬૦ हुं | ૫ हः | કાલ્યૈ નમઃ |
| વૈરોટ્યાયૈ નમઃ | ૫૫ स | ૧૦ र | हा | ૫૬ सुं | ૪૦ सः | મહાકાલ્યૈ નમઃ |
| | માનવ્યૈ નમઃ | મહાજ્વાલાયૈ નમઃ | | ગાંધાર્યૈ નમઃ | ગૌર્યૈ નમઃ | |

પૂજ્ય શ્રી ગંભીરવિજયજી પ્રાચીન ગ્રંથ સંગ્રહમાં ઉપર પ્રમાણે સર્વતોભદ્ર યંત્ર છે.

# તુભ્યં નમઃ




ભક્તામર સ્તોત્રની ૨૬મી ગાથા સ્વસ્તિકમાં ખૂબીથી મૂકાઈ છે. પ્રસ્તુત પુસ્તકમાં તેનો પદ્યાનુવાદ 'હરિગીત છંદ'માં આપ્યો છે. અત્રે 'મંદાક્રાન્તા'માં વાંચો.

થાઓ મારાં નમન તમને દુઃખને કાપનારા,
થાઓ મારાં નમન તમને ભૂમિ શોભાવનારા;
થાઓ મારાં નમન તમને આપ દેવાધિદેવા,
થાઓ મારાં નમન તમને સંસૃતિ કાળ જેવા.

**પદ્યાનુવાદ : સ્વ. શ્રી માવજી દામજી શાહ**

## ' કળશ '

[ હરિગીત છંદ ]

એ નવસ્મરણ ગુર્જરગિરામય, પદ્યમાં રચના કરી,
ઓગણી ચુમ્મોત્તેર વિક્રમ, સંવતે શુભ આદરી;
ઓગણી પંચોતેર કૃષ્ણ, એકાદશી અષાડની,
પરિપૂર્ણતા શુભ એ તિથિએ, થાય આ અનુવાદની.

મોતીસાગર મહારાજ, ચાતુર્માસ એ સાલ હતા;
વધવા સરલતા સર્વ જનને, સુચના એ આપતા;
એ મહાપ્રભાવિક મંત્રનું અધ્યયન થતા સમજણ વડે,
સમકિત નિર્મળતા થતા, ભવ્યાત્મ ગુણ શ્રેણે ચડે.

અનુવાદની આ યોજના, એ સરલતા નિમિત્તે કરી,
સમજણ રહિત શુક પઠન, માત્ર જ થાય એ હેતુ ધરી;
માહાત્મ્ય અધિક મૂળ પાઠમાં જાતા નહિ એ વિસરી,
અનુવાદથી મૂળ વસ્તુ સ્થિતિ, દૃષ્ટિએ આવી તરી.

પરિપૂર્ણ રાખી લક્ષમાં, એ વાતને ચીવટ ધરી,
અવતરણમાં ભાવાર્થ, ન્યુનાધિક નહિ આવે જરી;
વસ્તુ સ્થિતિ જળવાઈ રહે, અનુવાદ છે શા કારણે,
ભાવાર્થ શુદ્ધ વિચારવા, મૂળ શ્લોક સ્તુતિમાં ભણે.

થાવું ખપી મૂળ વસ્તુના, અનુવાદ અર્થે વિચારણે,
વાંછિત ફળ આપે સદા, મૂળ મંત્ર સમજણથી ભણે;
ગુલાબચંદ તનૂજ **દુર્લભદાસ** કહે આદર કરી,
વતની વાળાનો વિનવે, કરજો સફળ શુભ ચાકરી,

# શ્રુતજ્ઞાન-પ્રેમી દાતાઓ

| રૂપિયા | દાતા |
|---|---|
| ૧૨૫૧ | શ્રી જૈન શ્વેતાંબર તપાગચ્છ સંઘ, ભાંડુપ-મુંબઈ [પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજે ભાંડુપ સંઘને કરાવેલ પર્યુષણ પર્વની આરાધના નિમિત્તે] |
| ૧૦૦૧ | શ્રી શાંતિનાથ જૈન ઉપાશ્રય, કોટ-મુંબઈ [પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજે સં ૨૦૩૩ માં કરેલ ચાતુર્માસ નિમિત્તે] |
| ૧૦૦૧ | શ્રી પરશોતમ જસરાજ વોરાના ધર્મપત્ની શ્રી નરભીબાઈ [પ્રસ્તુત પુસ્તકના પ્રેરક સેવાભાવી પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજનાં સંસારી માતુશ્રીના પુણ્ય સ્મરણાર્થે |
| ૧૦૦૧ | શેઠશ્રી ભગવાનજી શીવજી (કચ્છવાળા), કોટ-મુંબઈ |
| ૧૦૦૧ | શ્રી જૈન તપાગચ્છ સંઘ, સાયન-મુંબઈ |
| ૫૦૧ | શેઠશ્રી ભગવાનજી વલ્લભજી ચીનાઈ (માંગરોળવાળા) |
| ૫૦૧ | પાટણવાળા એક સદ્ગૃહસ્થ |
| ૫૦૧ | શાહ કાંતિલાલ કોદરદાસ. વિલેપાર્લા (મુંબઈ) |
| ૩૦૧ | શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ, (સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર-મુંબઈ) |
| ૨૫૧ | સંઘવી દેવકરણજીભાઈ મૂલજીભાઈ જૈન દેરાસર (મલાડ વેસ્ટ-મુંબઈ)ની પેઢી તરફથી પૂજ્ય મુનિશ્રી ઉત્તમવિજયજી મહારાજના ચાતુર્માસ નિમિત્તે |

૨૫૧ સુશ્રાવિકા લક્ષ્મીબાઇ ફોજમલ સાટીયા
(શિવગંજવાળા) ના સ્મરણાર્થે

૨૫૧ શેઠશ્રી ત્ર્યંબકલાલ ફુલચંદ (હીપા વડલીવાળા)ના
ધર્મપત્ની શ્રી કાન્તાલક્ષ્મીના સ્મરણાર્થે.

૨૫૧ શ્રીમતી ભાનુમતિબેન ગુલાબચંદ (પાટણવાળા)

૨૫૧ પૂજ્ય સાધ્વી શ્રી રયણયશાશ્રીજી મહારાજની પ્રેરણાથી
સુશ્રાવિકા ધીરજબેન રતીલાલ (જામનગરવાળા)

૨૫૧ પૂજ્ય સાધ્વી શ્રી ધૈર્યપ્રભાશ્રીજી મહારાજની પ્રેરણાથી
શ્રી સંભવનાથ જૈન સંઘ વીક્રોલી-મુંબઇ

૨૫૧ શેઠશ્રી હઠીસીંગ જેઠાભાઈ (જામનગરવાળા)

૨૫૧ ઝવેરી જયંતિલાલ મંગળદાસ (પાટણવાળા)ના સ્મરણાર્થે

૧૨૫ શેઠશ્રી ધરમશી રામશી ટોલિયા (વાંકાનેરવાળા)

૧૨૫ શેઠશ્રી બાબુભાઈ વીરાજી (ભાયખાલાવાળા) તરફથી
સુશ્રાવિકા મકીબેનના ઉપધાન તપ નિમિત્તે

૧૨૫ શેઠશ્રી અશ્વિનકુમાર જયંતિલાલ શાહ (ધોરાજીવાળા)

૧૨૫ શેઠશ્રી જયંતિલાલ છોટાલાલ સાંકળચંદ (ઉમતાવાળા)

૧૨૫ શેઠશ્રી ફકીરચંદ ફુલચંદ (સુરતવાળા)

૧૨૫ શેઠશ્રી પ્રભુદાસ મોહનલાલ (મુલતાન ડેરીવાળા)

૧૨૫ સ્વ ચંદનબેન રાયચંદ જીવરાજ, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી કે. એન. મહેતા, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી છગનલાલ સકળચંદ, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી પુખરાજજી ઉમાજી, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી ચુનીલાલ રૂપચંદજી, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી કુટરમલ ચમનમલજી, ભાંડુપ

૧૨૫ શેઠશ્રી બાબુલાલ વનમાળીદાસ દૂધવાળા, કોટ-મુંબઇ

૧૨૫ શેઠશ્રી ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટોરિયમ, પાર્લા

૧૨૫ શ્રી જયબાળાબેન નવીનભાઇ (પાર્લાવાળાના)
સિદ્ધિતપ નિમિત્તે [illegible]માર